


આ કોઈ ઍબ્સ્ટ્રેક્ટ પેઈન્ટિંગ કે અમૂર્ત રેખાંકન નથી.
એ શું છે તે સમજવા માટે જુઓ આ અંકની 'કલાવાર્તા'.

કુમાર


સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૬૦મું • અંક ૫મો • મે ૧૯૮૩ • સળંગ અંક ૭૧૩

તંત્રી • બિહારીલાલ ટાંક





ધણ (કલાકાર: જગુભાઈ શાહ) આપણે મન તો ગાય એટલે ગાય – કાળી, ધોળી ને રાતી, બહુ તો કાબરી. પણ કલાકારની આંખ તેમાં કેટલું વૈવિધ્ય જુએ છે? દિવસ આખો વગડામાં ચરીને ઝાલર ટાણે ગામમાં પાછા વળતા ધણનો થનગનાટ અને ગાયોની ડોકે બાંધેલી ઘંટડીના રણકાર તૃપ્તિનું એક જીવંત દૃશ્ય ખડું કરે છે. કલાકાર એની સુંદરતાને ચિત્રિત ન કરે તો જ આશ્ચર્ય.

કુમાર

મે ૧૯૮૩

સળંગ અંક ૭૧૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

બે પ્રભાતિયાં / શશિશિવમ્

- ઝૂલણા -

૧

અખિલ બ્રહ્માંડમાં નીરખવો ક્યાં તને, નયન નાનાં પડે નજર ના'વે;
ક્યાં નિહાળું તને ઓળખું કયમ કરી, રૂપ કે રંગ કૈં ના જણાયે.
વિલસતો તું સકળ લોક હે નિત્ય, ના રૂપ વાણીવિલાસે પમાયે;
તું અવિનાશી અનન્તતદ્રૂપ છે, હૃદયને આંગણે શેં સમાયે!
ગગનમાં સૂર્ય ને ચન્દ્ર તારા લસે, નેણ તારાં હસે, કેમ જાણું?
તું અહીં પાસ કે દૂર જોજન હશે! અકળ તારી ગતિ શેં પ્રમાણું!
ગગનની પાર બ્રહ્માંડ માંહી વસે, નીરખવાં રૂપ, હું સાવ હેઠો;
રાતમધરાતના ઊઘડતા ફૂલના રૂપમાં પ્રકટ તું આવી બેઠો.

૨

ઊતરતી રાતના શીતલ અંધારને ઓઢીને જગત સૌ જાય પોઢી;
સર્વ કોલાહલો ડૂબતા સાગરે તિમિરનાં સાત પાતાળ ઓઢી.
સમયના વૃક્ષનું પર્ણ નવ ફરફરે, કર્ણના કંપ તો ક્યાંય બૂડે;
નેત્ર ના ફરકતાં, ગાત્ર ના થરકતાં, પંખી પોઢી ગયાં તિમિર ઊંડે.
ગતિ સકળ શાંતિનાં ચીરમાં જંપતી, વાયુની ડાળખી ના ફરકતી;
બ્રાહ્મમુહૂર્તની અકળરૂપ ઊતરતી લ્હેર ચૈતન્યની કો સરકતી.
ઊઘડતાં અંતરે કમલનાં દલ અને ખળકતાં સરિતનાં જલ ઊંડેરાં;
મોર કોકિલ કરે શબ્દ ભીતર રૂડા; નાદ અવિકારી ભળતા ઝીણેરા.
બ્રહ્મ સ્ફુરણા કરે શબ્દના સૂરમાં, તેજમાં ઝળહળે તેજ પોતે;
અખિલ બ્રહ્માંડ અંદર લસે, જીવ ને શિવ તદ્રૂપ થઈ વાટજ્યોતે.

તેડાની રાહ / દેવજી રા. મોઢા

શિખરિણી • સૉનેટ

તમારા તેડાની સતત નીરખી રાહ દુખતી
હવે તો આ ડોકે, સમજ મહીં ના ઢીલ ઊતરે
તમારી આ કેમે, તમ તરફથી પત્ર ન કશો,
ન વા સંદેશો યે રૂબરૂ પણ કો'ની સહ મળ્યો!

કહી મેં રાખ્યું'તું અહીંની સખીઓને હરખમાં
થશે કે જાવાનું પૃથિવી પર મારા પતિ કને,
રહ્યા'તા દાઝી જે વિરહ-અનલે, શાંત કરવા
અહો, તેને ચોડી મલમ-પટી મારા મિલનની!

પરન્તુ ના આવ્યા હજી લગી સમાચાર જ કશા
તમારા, તો એવી કશી ય તહીં આપાત્ત ઘરમાં
નથી ઊભી થૈ ને? વચન દીધું'તું તે સ્મૃતિ થકી
ગયું ના છૂટી ને? નહિતર બને આમ શું કહી?

ઘણી વેળા, પૃથ્વી પર હું હતી ત્યારે ય ન થતો
ડખો, ન્હોતી રૂહેતી વરતી કવિતા શોક્ય થઈને?

કોણ છે? / ઉદયન ઠક્કર

- ગઝલ -

આ તરફ કે ઓ તરફની પાળ પર,
આપણે અંતિમ, અચોક્કસ ઢાળ પર.

પંખ મારાં! ક્યાં લઈ જાશો મને?
સૌ રહ્યાં આધાર છેટે, ડાળ પર.

વસ્ત્ર સમ અમને મુલાયમ ગૂંથતું
કોણ છે આકાશમાંની સાળ પર?

એક પંખી, સ્હેજ કલરવતું, કદીક
ચાંચને ઘસતું ગયું ઘડિયાળ પર.

સામસામાપણું / સતીન દેસાઈ

- ગઝલ -

તાગને તોળતું સામસામાપણું,
કૈં જ ના બોલતું સામસામાપણું!
રેખ થૈ ઝળહળે રેખ અજવાળવા,
આંખ ઝબકોળતું સામસામાપણું!
આપ અણુસાર થૈ આપ પ્રકટી જતું,
ધ્યાનમાં કૉળતું સામસામાપણું!
'કો' અકળ સૂરની વેણુ બાજ્યા કરે,
વ્રજ સમું ડોલતું સામસામાપણું!
એક શો સ્રોત થૈ એકમાં વહી જવા,
પાત્ર નિજ ઢોળતું સામસામાપણું!
મીંચીએ આંખ કે તુર્ત ભીંજાઈએ,
ભીતરે છૉળતું સામસામાપણું!

અરણ્યવાસની કલ્પનાનું ગીત

નવનીત ઉપાધ્યાય

• ગાન •

ફૂલોથી આકાશ પરોઢી આંખ ઉઘાડી દેશે
ધુમ્મસના પડદા હડસેલી સૂરજ દેખા દેશે.

ઉપવનના લયમાં હું દેખીશ રૂપલ તારી વાણી
શિખરવત્ તું મૌન રહીશ ને તડકો પાણી પાણી.

પર્ણોમાં સ્રોવર હો એવું ઝાડ નીતરતું રહેશે
ધુમ્મસના પડદા હડસેલી સૂરજ દેખા દેશે.

મલયાનીલ સમી નીંદર આંખોમાં વહેતી થાશે
મારાં-તારાં સપનાં નભમાં તારક થાતા જાશે.

દશે દિશાનાં દ્વાર ઉઘાડી પંખી ટહુકા દેશે
ધુમ્મસના પડદા હડસેલી સૂરજ દેખા દેશે.

જાપાનમાં કેવળ ધર્માર્થે એક મોટા ઉદ્યોગ સ્થાપનાર

યેહન નુમાતા

——પ્રફુલ્લ રાવલ——



△ યેહન નુમાતા

બૌદ્ધ ધર્મના ઉપદેશ અને પ્રચાર-પ્રસાર અર્થે જાપાનમાં 'બુદ્ધિસ્ટ પ્રોમોટિંગ ફાઉન્ડેશન' (બુક્કયો ડેન્ડોક ચોકાઈ **Bukkyo Dendo Kyokai**) નામક એક સંસ્થા છે. જાપાન ઉપરાંત, એશિયા, અમેરિકા, કૅનૅડા અને યુરોપમાં પણ તેની શાખાઓ છે, અને તેના દ્વારા 'બુદ્ધનો ઉપદેશ' (**The Teaching of Buddha**) નામના એક પુસ્તકની લગભગ સાત લાખ નકલો વિનામૂલ્યે વહેંચાઈ છે. આ સંસ્થાના સ્થાપક છે યેહન નુમાતા-(**Yehan Numata.**)

આજે છયાસી વર્ષની વયના આ યેહન નુમાતા જાપાનની જગવિખ્યાત મિતુતોયો (**Mitutoyo**) નામની મૅન્યુફેક્ચરિંગ કંપનીના ચેરમૅન છે. આ કંપની પણ એમણે પોતે જ ઊભી કરેલી છે અને તેનું નામ પણ એમણે હેતુપૂર્ણ રાખ્યું છે. 'મિતુ' એટલે ત્રણ. માનવ માત્રએ સંપૂર્ણ થવાનો, પોતાના વ્યવસાયમાં સફળ થવાનો અને વિશ્વશાંતિમાં પોતાનું યોગદાન આપવાનો એમ ત્રિવિધ ઉદ્દેશ રાખવો જોઇએ એ ભાવ તેમાં સમાવિષ્ટ છે. 'તોયો' એટલે વિપુલતા. માનવમાં ઉચ્ચ ગુણોની વિપુલતા હોવી જોઇએ એ ભાવ તેમાં અભિપ્રેત છે. યેહન નુમાતાના મત પ્રમાણે માત્ર નફો કરવો એટલો જ આશય આ કંપનીનો નથી. સંપૂર્ણ અને સફળ માણસ જ વિશ્વશાંતિની ભાવનાને આગળ ધપાવી શકે એ એમની માન્યતા ને ભાવના છે. આ ભાવનાને અનુલક્ષીને જ કંપનીને આ 'મિતુતોયો' નામ આપવામાં આવ્યું છે.

જાપાનના હિરોશિમા પ્રીફેક્ચરના પહાડી પ્રદેશમાં રહેતા 'જોદો-શિન' પંથના એક પુજારી કુટુંબમાં ત્રીજા પુત્ર તરીકે યેહન નુમાતાનો ઈ. ૧૮૯૭માં જન્મ થએલો. આ જોદોશિન પંથના અનેક અનુયાયીઓ હતા, જેમાં નુમાતાના કુટુંબનો પ્રત્યેક સભ્ય પણ ધર્મને સમર્પિત અનુયાયી હતો. એમનાં માતા પણ આવી જ ભાવના ધરાવતાં અનુચર હતાં. ભગવાન બુદ્ધ પ્રતિ એમને અત્યંત અહોભાવ હતો. બુદ્ધ પ્રત્યે ઉપકૃતતા રાખવી અને સેવા કરવી એ એમની સૌની પ્રથમ ફરજ હોવાનું શિક્ષણ માતાએ બચપણથી જ યેહન નુમાતાને આપ્યું હતું. ભગવાન બુદ્ધના અનુગ્રહથી જ પોતે સૌ જીવી રહ્યા છે, અને એથી સ્વાભાવિક રીતે એક કર્તવ્યરૂપે બુદ્ધ પ્રત્યે અહોભાવ રાખવો જોઇએ. એવી ભાવના બુદ્ધના આ કૃપાવશ પરિવારમાં પ્રસરિત હતી, ને એની વચ્ચે ઉછરેલા યેહન નુમાતાને એના જ સંસ્કાર છેક બચપણથી મળતા રહ્યા હતા.

બૌદ્ધધર્માનુયાયી આ પરિવારમાં યેહન નુમાતા બૌદ્ધ ભિખ્ખુ બને તેવી મનીષા હતી, અને બાળ યેહનનું મન પણ એ ભાવના પ્રતિ ઢળેલું હતું. વેપારી બનવાનો એમને કોઈ ખયાલ જ નહોતો, પરંતુ એમની એ મનીષા ફળીભૂત થઈ નહિ. એષણા પૂરી થાય તો પછી જીવનમાં આનંદ પણ શો રહે? આજે યે યેહન નુમાતાના મનમાં પોતાના બચપણનું એ સ્વપ્ન એટલું જ તાજું છે. ભલે પોતે બૌદ્ધ ભિક્ષુ બની ન શક્યા, પરંતુ એમણે ભિક્ષુ કરી શકે એ કરતાં યે વિશેષ બૌદ્ધધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો છે અને આજે તેઓ પાકટ વયે પણ એ કાર્યમાં સતત રત રહે છે.

પ્રારંભિક શિક્ષણ પોતાના ગામમાં જ લીધા પછી જોદોશિન સંપ્રદાયની હોંગવાંજીમાં આવેલી શાળામાં દાખલ થયા. શિક્ષણ પ્રતિ એમને રુચિ પણ હતી, પરંતુ બહોળા પરિવારને કારણે બધાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી શકાય તેવી સ્થિતિ ન હોઈ, યેહન નુમાતાએ પરિસ્થિતિને સમજી પોતાના જીવનનો આલેખ જાતે જ નક્કી કરીને સ્વાવલંબનપૂર્વક જીવવાનું આયોજન વિચારી લીધું. અભ્યાસની સાથોસાથ જ એ પોતાનો ખર્ચ કાઢવા લાગ્યા અને પોતાના ભાવિ-જીવનનો માર્ગ નિશ્ચિત કરી લઈ તે પ્રતિ ત્યારથી જ એમણે પ્રસ્થાન આરંભી દીધું હતું.

હોંગવાંજીમાં શિક્ષણ પૂરું થતાં એમને અકસ્માત અમેરિકા જવાની તક સાંપડી. આ સદ્‌ભાગ્યને ઝડપી લઈ સ્વાવલંબનપૂર્વક અભ્યાસ વધારવાની વ્યવસ્થા એમણે વિચારી લીધી. વહાણ દ્વારા પૅસિફિક મહાસાગર પાર કરી તેઓ સત્તર દિવસે અમેરિકા પહોંચ્યા. એ કાળે અમેરિકામાં જાપાનીઓ પ્રત્યે એક પ્રકારની સૂગનું વાતાવરણ હોઈ અનેક જાપાનીઓ તિરસ્કાર અને અનુચિત વર્તાવનો ભોગ બનતા. ધૃણાયુક્ત મનોભાવનાના એ વાતાવરણમાં ગાંઠે કંઈ પણ પૈસા વિના એમણે એ સાહસ જ ખેડયું હતું. ત્યાં કૅલિફોર્નિયામાં લૉસ એન્જલસ પહોંચીને હોલીવૂડમાં એક કુટુંબ સાથે તેઓ રહ્યા. ત્યાં વહેલી સવારે ઊઠી, રાંધી ને વાસણો માંજ્યા પછી તેઓ ભણવા જતા. સાંજે આવીને વાળુ તૈયાર કરવું પડતું ને જમણ પછી રાતે વાસણો માંજી નાખવાં પડતાં. આ બધાં ઘરકામોમાંથી પરવાર્યા પછી જ એમને અભ્યાસ માટે સમય મળતો. શનિ-રવિની રજાઓમાં અન્ય ઘરેલુ કામોમાં પણ મદદ કરવી પડતી. અને આ બધાં કામો માટે એમને અઠવાડિયાનો ૫ ડૉલર પગાર મળતો. પોતાના ભણતરના ખર્ચ માટે એટલી આવક

જો કે પૂરતી તો નહોતી જ, અને એથી પોતાના માટે બીજું અંગત ખર્ચ પણ શક્ય નહોતું, પરંતુ કામ કર્યા સિવાય બીજો ઉપાય નહોતો.

બે વર્ષ એમણે આ રીતે સખત પરિશ્રમ કર્યો અને પરિણામે એમનું સ્વાસ્થ્ય કથળ્યું. સારવાર લીધા વિના હવે ચાલે તેમ નહોતું. ડૉક્ટરને બતાવ્યું અને તેણે ક્ષય રોગ હોવાનું નિદાન કર્યું. ક્ષય એ કાળે અસાધ્ય રોગ મનાતો. નિદાન સાંભળી તેઓ નિરાશાની ઊંડી ખાઈમાં ગબડી પડ્યાં. વતનથી દૂરદૂર અજાણ્યા નગરમાં સ્નેહીસંબંધી વગરના યેહન નુમાતા પૈસા ટકા વિના ગરીબાઈમાં તો રિબાતા હતા જ, આ હવે નવી રિબામણી પેદા થઈ. એ કાળે ક્ષય એટલે મૃત્યુ જ એવી માન્યતા હતી એટલું જ નહિ, અમુક અંશે ત્યારે ખરેખર એવી જ સ્થિતિ હતી, એટલે પોતાનું જો આ અજાણ્યા દેશમાં મૃત્યુ થાય તો પછી એમના દેહની યે શી ખબર કેવી વલે થાય એવાએવા વિચારોથી એમનું મન ઘેરાઈ ગયું. અનિવાર્ય હોવા છતાં મૃત્યુનો વિચાર પણ કેવો આકરો છે! એકલવાયાપણું એમને પીડવા લાગ્યું. પરંતુ એમણે સંત શિનરનના શબ્દો સાંભરી આવ્યા:

'જ્યારે તમે એકલા હો ત્યારે વિચારજો કે તમે બે છો. તમે બે હો ત્યારે યાદ રાખજો કે તમે ત્રણ છો. કારણ કે હમેશાં શિનરન તમારી સાથે જ છે.'

આ શબ્દોના સ્મરણથી એનામાં ચેતન આવ્યું. પોતે એકલા નથી તેવો વિશ્વાસ બેઠો. નિરાશા હટી જઈ તેના સ્થાને શ્રદ્ધા પ્રકટી. બચપણમાં માતાના મુખે અવારનવાર સાંભળેલાં સંતવચનોએ એમનામાં હિંમત પ્રકટાવી અને તેમણે મૃત્યુ સાથે સંઘર્ષ કરવા નિર્ધાર કર્યો. ઘર છોડીને અમેરિકા આવવા નીકળ્યા ત્યારે માતાપિતા એમને પૈસા તો આપી શકે તેમ નહોતાં, પણ માએ એક પ્રાર્થનાપોથી અને એક માળા આપેલાં અને પિતાએ એક કાગળ ઉપર લખી આપ્યું હતું: 'નામુ અમિદા બુત્સુ.'

પિતાના હસ્તાક્ષરોવાળો એ કાગળ ભીંત ઉપર ચોડીને તેની સામે માતાએ આપેલી માળા લઈને નિયમિત જાપ કરવાનો તેમણે નિર્ણય કર્યો. રોજિંદા કામ સાથે આ એક વધુ કાર્ય ઉમેરાયું, પણ આનાથી એમને માનસિક સધિયારો મળી રહેતો, નવું બળ મળતું. એકલવાયાપણાનો ભાવ ભૂંસાતો જઈ હવે તો મૃત્યુ આવે તો યે પોતે એકલા નથી એવી ભાવનાથી એમનું મન ભરાઈ ગયું. સંત શિનરનનો વિચાર એમના માનસ પર છવાઈ ગયો. એક મોટું આશ્વાસન એમને હવે મળી ગયું. પિતાએ આપેલા 'નામુ અમિદા બુત્સુ' શબ્દોના નિત્યપાઠથી કે શ્રદ્ધાના બળે ક્રમશઃ એમનું સ્વાસ્થ્ય સુધરતું ગયું. ડૉક્ટરોનું કહેવું હતું કે હજી યે કદાચ ફેફસાંમાં ક્ષયનાં ચિહ્નો રહેવા પામ્યાં હોય. પણ જો સંત શિનરનનો સહારો ન મળ્યો હોત તો જરૂર એમના જીવનનો ત્યાં અંત આવ્યો હોત. પરંતુ એ મહાત્માના વચનના પ્રતાપે એમણે આશા ન ગુમાવી અને આત્મવિશ્વાસથી સદ્‌વૃત્તિના સહારે એમણે મૃત્યુ સામે યે બાથ ભીડી. બૌદ્ધ ધર્મ પ્રતિ એમનું મન વધુ દૃઢ બનતું ગયું, એક અલૌકિક ચમત્કાર રૂપે એમનું સ્વાસ્થ્ય સુધરતું ગયું અને કૉલેજનું ભણતર પણ નિશ્ચિત રૂપે આગળ ધપતું રહ્યું, એટલું જ નહિ, પોતે ધારેલા વર્ષ કરતાં યે એક વર્ષ વહેલા ૧૯૨૮માં તેઓ યુનિવર્સિટી ઑવ કૅલિફોર્નિયાની ગ્રેડ્યુએટ સ્કૂલમાંથી સ્નાતક થઈ ગયા અને ક્ષયરોગ જેવા માણસખાઉ રોગમાંથી યે ઊગરી ગયા. આના મૂળમાં સંત શિનરન પ્રતિની એમની અહોભાવભરી ભક્તિ અને શિન પંથ પ્રત્યેની ઊંડી શ્રદ્ધા જ હતી અને એથી જ એમના જીવનમાં નવચેતના પ્રકટી. તેઓ માને છે કે, જો એમણે બુદ્ધનો ઉપદેશ સાંભળ્યો ન હોત તો એમને આ પ્રાપ્તિ થઈ શકી ન હોત. પોતાને જે પ્રાપ્તિઓ થઈ છે તે સમગ્ર માનવજાતને પણ સુલભ બને એવી કશીક સેવા કરવાની એમની મહેચ્છા છે. એમને મન એ જ સાચું વળતર છે. એ સમયે જ એમના મનમાં ઊગેલું કે અમેરિકાના લોકોને બૌદ્ધધર્મની આ અદ્‌ભુતતાથી વાકેફ કરવા જોઈએ. ભૌતિક રૂપે તો કશું આપવાની ત્યારે એમની ત્રેવડ નહોતી, પણ આધ્યાત્મિક રીતે કશું આપવા એમણે વિચાર્યું. પરંતુ એ સમયે અમેરિકામાં જાપાન વિરુદ્ધનું વાતાવરણ ઉગ્ર બનતું જતું હતું, એટલે પ્રત્યક્ષ રૂપે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવો સાનુકૂળ નહોતો. આથી એમણે સૌપ્રથમ એશિયાની સાંસ્કૃતિકતાનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો. સ્ટેનફર્ડ યુનિવર્સિટી અને કૅલિફોર્નિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સહકારથી એમણે 'ધ પૅસિફિક વર્લ્ડ' નામનું એક અંગ્રેજી સામયિક પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું. તેમાં એશિયાની સંસ્કૃતિ વિશે રૂપરેખા આપવા માંડી. એમાં યે જ્યાં બૌદ્ધ ધર્મની અસર વધુ હતી તેનો પરિચય કરાવવા માંડ્યો. આથી પરોક્ષ રીતે બૌદ્ધ ધર્મનો પ્રચાર થવા માંડ્યો. ઈ. ૧૯૨૫ના જૂન માસથી દર બે માસે આ સામયિકની ૪૦૦૦ જેટલી પ્રતો પ્રસિદ્ધ કરી તે મુખ્યમુખ્ય યુનિવર્સિટીઓ તથા અમેરિકાના પુસ્તકાલયોમાં મોકલવા માંડી.

પ્રાસંગિક અનુદાનો અને પ્રાધ્યાપકોની સહાયથી બે વર્ષ સુધી તો આ દ્વિમાસિક ચાલ્યું, પણ પછી આર્થિક મૂંઝવણો ઊભી થઈ. અનુદાનોની કોઈ નિશ્ચિતતા તો હતી નહિ, અને મોટા ભાગની નકલો તો વિનામૂલ્યે જ વહેંચાતી. વિતરણ તો અઘરું નહોતું, પણ વેચાણ સહેલું નહોતું. 'ધ પૅસિફિક વર્લ્ડ' ચાલુ રહી શકે તે માટે યેહન નુમાતા થોડાક મિત્રો સાથે જાપાન આવ્યા. કશોક ઉકેલ મળી રહેવાની એમને આશા હતી, અને એ ઠગારી ન નીવડી. શુભાશયનું પ્રત્યેક કાર્ય ફળે જ છે. ઇચિ શિબુસાવા નામના એક વયોવૃદ્ધ સંપત્તિવાન તરફથી એમને મોટા ફાળો તથા હિંમત મળ્યાં. ઇચિ શિબુસાવા આર્થિક રીતે સદ્ધર હોઈ મૂડીપતિઓમાં એમનું મોટું નામ તો હતું જ, વળી, હોંગવાંજી મંદિરના પણ એ સૌથી મોટા સહાયક હતા.

આ જ અરસામાં તોકિયો યુનિવર્સિટીના પ્રોફેસર જુંજિરો તાકાકુસુ પણ 'ધી યંગ વર્લ્ડ' નામનું એક સામયિક પ્રસિદ્ધ કરતા હતા. એમાં પણ તેઓ બૌદ્ધ ધર્મની વિભાવના પ્રસિદ્ધ કરતા, એમનું પણ એ જ ધ્યેય હતું, અને તેમને યે આર્થિક ભીંસ અનુભવવી પડતી હતી. આમ, યેહન નુમાતા અને જુંજિરો તાકાકુસુ સમાનધર્મી હતા. બંને મળ્યા અને બંનેનાં સામયિકો ભેગાં કરી દઈ બંને નામ સાથે તે પ્રકટ કરવાનું નક્કી કર્યું.

યેહન નુમાતા અમેરિકા પાછા ફર્યા. બીજાં બે વર્ષ સુધી એમણે સામાયકને માટે થઈ શકે તે બધું જ કર્યું, પરંતુ ફરી આર્થિક મુશ્કેલીઓ ઊભી થવા લાગી. પોતાની સર્વશક્તિ કામે લગાડ્યા છતાં અનુદાનોની અનિશ્ચિતતાના કારણે અંતે પાંચેક વર્ષ સુધી સતત મથ્યા છતાં એમણે આદરેલું એ પ્રકાશન સમેટી લેવું પડ્યું. એ સમયે એમની વય તેત્રીસની થઈ હતી. ખૂબ જ ઊંડો વિચાર કરી અંતે એમણે તારવ્યું કે ધન ઉપર જ આધારિત આ જગતમાં કોઈ પણ વ્યક્તિએ કંઈ પણ સારું કામ કરવું હોય તો તે માટે પૈસા હોવા અનિવાર્ય છે. અર્થ વગર કશો જ અર્થ સરતો નથી. અને એમણે મનોમન નક્કી કરી લીધું કે પોતે હવે અન્યનાં અનુદાનો પર નિર્ભર રહેશે નહિ. જે કંઈ હશે તે પોતાનું જ હશે–પોતાની કમાણીનું જ હશે. હવે પછી એ કોઈને યે આર્થિક સહાય માટે સંતાપશે નહિ.

આમ, અર્થનિર્ભર જગતમાં જાતકમાણી કરવાની ભાવના સાથે સંપૂર્ણ આત્મવિશ્વાસપૂર્વક તેઓ જાપાન પાછા ફર્યા. ઈ. ૧૯૩૦ની એ સાલ. ભારતમાં મીઠાના સત્યાગ્રહનો ગાંધીજીએ જ્યારે દૃઢ નિર્ધાર કર્યો હતો, એ વર્ષે તેત્રીસ વર્ષના યેહન નુમાતા બુદ્ધના ઉપદેશનો

વ્યાપક પ્રચાર કરવા માટે આત્મનિર્ભર થવાનો નિર્ણય કરીને પોતાના દેશ તરફ આવી રહ્યા હતા.

જાપાનમાં ત્યારે હેમાગુચિની કૅબિનેટનું શાસન હતું. દેશમાં સોનાની આયાત ઉપર એણે પ્રતિબંધ મૂક્યો હોઈ જાપાનની આર્થિક પરિસ્થિતિમાં મંદીનું મોજું ફરી વળ્યું હતું. નોકરી મેળવવી ત્યારે સરળ નહોતી. પણ અમેરિકામાં યોહન નુમાતાએ આર્થિક વધઘટના આંકડાશાસ્ત્રનો અભ્યાસ કર્યો હોઈ 'રીસૉર્સિસ ઍજન્સી ઑવ ધ કૅબિનેટ'ની પબ્લિક ઑફિસમાં એમને નોકરી મળી ગઈ. એમાં સ્વાવલંબી રૂપે રહેવાની સગવડ પણ હતી, પરંતુ એમના ધ્યેયને માટે, એ નોકરી કાયમી હોવા સાથે ઉજ્જ્વળ ભાવિ ધરાવતી હોવા છતાં એમને પૂરતી લાગી નહિ. બાંધી આવકમાં જીવનભર બંધાઈ રહેવાનો પણ એમનો વિચાર નહોતો. વળી, એક વાર હાથ ધરેલા કાર્યને કેવળ પૈસાની ખેંચને કારણે જ છોડી દેવું પડ્યું હતું એ પણ એમને ખટકતું હતું. પોતાની પાસે તો પોતે કરવા ધારેલી સેવાના કાર્ય માટે પૈસા નહોતા જ, પણ પૈસા માટે કોઈ પાસે હાથ લંબાવી એને શરમાવવાની પણ એમની હવે ઇચ્છા નહોતી. આ માટે જાતે જ અર્થપ્રાપ્તિ કરવાનો એમનો નિર્ધાર હતો, પણ એ કઈ રીતે બને? આ પ્રશ્ન તેમને સતત સતાવતો હતો.

પણ સદ્ભાગ્યે એમને ઉકેલ મળી ગયો. જાપાનમાં જે બનતી ન હોય, અને જે એને પરદેશથી આયાત કરવી પડતી હોય એવી કોઈ ચીજનું જો દેશમાં જ ઉત્પાદન કરવામાં આવે તો પરદેશ પરનું અવલંબન છૂટવા સાથે તે માટે ચૂકવવું પડતું નાણું પણ બચે, અને દેશમાં જ બનતા એ માલને બજાર પણ મળી જ રહે. પણ આ વિચારનો અમલ એટલો સરળ નહોતો. એ માટે યે ધન જોઇએ, સમય જોઇએ. યોહન નુમાતાએ આરંભમાં નાનું કારખાનું સ્થાપી તેને વિકસાવતા જવાનું નક્કી કર્યું. આ અંગે એમણે ધંધાનાં બધાં પાસાંઓને મનમાં ઉથલાવી જોયાં. એ માટે તબક્કાવારનું આયોજન વિચાર્યું, ને અંતે એમણે સૂક્ષ્મ અંતર માપવા માટેનાં માઇક્રોમીટર જાપાનમાં બનાવવાનું નક્કી કર્યું. આ એક સાહસ જ હતું, અને પાસે કંઈ ધન હતું નહિ, એટલે મિત્રોએ નોકરી પણ ચાલુ જ રાખવાની સલાહ આપી. અંતે ચાલુ નોકરીએ ૧૯૩૪માં એમણે આ કામનો આરંભ કર્યો. પગાર ઉપરાંત વધારાની થોડી આવક મેળવવા જેવું એ કામ અંધારામાં આંધળી દોટ મૂકવા સમાન હતું. પરંતુ યોહન નુમાતાએ પોતાનો માર્ગ આંકી જ રાખ્યો હતો.

પ્રારંભમાં એમણે એક નાની પ્રયોગશાળા સ્થાપી સંશોધન માટે થોડા માણસો રાખ્યા. એક વર્ષ સુધી પ્રયોગો કર્યા પછી યે પરિણામમાં કંઈ આશા દેખાઈ નહિ. દેવું વધતું ગયું. મિત્રોએ ધંધો સંકેલી લેવા સલાહ આપવા માંડી. કેટલાકે એમના આ આંધળા સાહસની ટીકડી પણ ઉડાવવા માંડી. નોકરી જારી રાખીને દેવું ચૂકવી દેવું કે ધ્યેય હાંસિલ કરવા માટે સાહસ જારી રાખવું એ પ્રશ્ન નિશ્ચિતપણે વિચારી લેવો પડે એવી એ પળ હતી.

પણ એ મૂંઝવણભરી પરિસ્થિતિમાં એક રાતે ઈસપની કથાઓમાંથી એમને બળ મળી ગયું. મિત્રોની સલાહોને અવગણીને એમણે ધંધા માટે નોકરી જ છોડી દેવાનો નિર્ણય કરી લીધો, અને તેનો અમલ પણ કર્યો. તોકિયોની બહાર કામાતામાં એમણે કારખાના માટે એક વાડો ભાડે રાખ્યો. પોતાનો બધો સમય હવે તેમણે ત્યાં ગાળવા માંડ્યો. ક્યારેક ઘેર જવા જેટલો સમય ન રહે ત્યારે સૂવાનું પણ કારખાનામાં જ રાખ્યું. દિવસ દરમિયાન જે માણસોને રાખેલા તેમની સાથે રહી માર્ગદર્શન આપતા અને રાતે જાતે લેથ પર કામ કરતા. આત્મવિશ્વાસ દૃઢ થયો, પણ પોતાના લક્ષ્યને સિદ્ધ કરવાનું સરળ નહોતું એ પણ એમણે અનુભવ્યું. હજી યે સફળતા મળી નહોતી. મિત્રો-સંબંધીઓ પણ હવે એમને ધૂની ગણીને એમના આ સાહસને એક ગાંડપણ કહેવા લાગ્યા. આટઆટલા પરિશ્રમ પછી યે નસીબ યારી આપતું ન હોવા છતાં તેઓ સંત શિનરનના શબ્દો વિસર્યા નહોતા. મનની જે સ્થિતિ હતી તે તેઓ ક્યાંય દર્શાવી શકે તેમ નહોતા. લગભગ ચાર વર્ષ સુધી રાતદિવસ એમની આ મથામણ ચાલતી રહી. અને અંતે અપાર ધૈર્ય અને સતત પરિશ્રમ બાદ એમણે હાથ ધરેલું આ કાર્ય પરિપૂર્ણ થયું. વિશ્વસનીય માઇક્રોમીટરનું એમણે અંતે સફળતાપૂર્વક સર્જન કર્યું. એક વ્યક્તિની ધગશ, મહેનત અને શ્રદ્ધાનું એ સુફળ હતું.

માઇક્રોમીટર તો બની શક્યાં, પણ નીવડેલાં પરદેશી સાધનોની સામે આ દેશી ઉત્પાદન માટે બજાર મેળવવાનો પ્રશ્ન તો ઉત્પાદન કરતાં પણ વધુ મુશ્કેલ હતો. આ માટે યે એમણે અથાક પ્રયત્નો કર્યા, અને અંતે એમાં યે સફળતા મેળવી. વિદેશની સામે એમનાં માઇક્રોમીટરની કામગીરી કોઈ રીતે ઊતરતી નહોતી એટલે થોડા સમયમાં એ જાપાનમાં તો વપરાતાં થઈ ગયાં. અને આ બજાર હાથ કર્યા પછી એમણે પરદેશમાં તેની નિકાસ કરવા પ્રતિ લક્ષ આપવા માંડ્યું. એમાં પણ સફળતા મેળવી. આ અગાઉની બધી જ મુશ્કેલીઓમાં એમણે જે આત્મવિશ્વાસ અને સંત શિનરન પ્રતિની અડગ શ્રદ્ધા ટકાવી રાખી હતી તેનું સુફળ હવે પ્રાપ્ત થયું હતું. અને તેના મૂળમાં હતી એમની સમાજ-ઉત્કર્ષની ભાવના. પ્રાપ્ત થનારી કમાણીનો વિનિયોગ બૌદ્ધ ધર્મના પ્રચાર માટે કરવાના વિચારથી તેઓ હવે આત્મગૌરવ અનુભવતા હતા.

માઇક્રોમીટરના ઉત્પાદનમાંથી હવે ખૂબ કમાણી થવા લાગી. ત્રીસેક વર્ષના એ દીર્ઘકાલીન પરિશ્રમની ફળશ્રુતિ રૂપે ઈ. ૧૯૬૫માં એમણે સેવેલા સ્વપ્નને ચરિતાર્થ કર્યું. બૌદ્ધ ધર્મના પ્રચાર-પ્રસાર માટે એમણે 'ધ બુદ્ધિસ્ટ પ્રોમોટિંગ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી અને તેના સંચાલન પાછળ અંગત નફો વાપરવાની ત્રેવડ તેમણે ઊભી કરી લીધી હતી.

એમની કંપનીમાં એમણે એક નવી પ્રથા રાખી હતી. એ પ્રથા હતી પૂર્વજો પ્રતિ આભાર દાખવવાની પ્રાર્થનાની. કંપનીની સ્થાપનાથી માંડી લગભગ પિસ્તાલીસ વર્ષો સુધી તે અતૂટ જારી રહેલી. દર માસે એક દિવસે કારખાનાના ચોગાનમાં સૌ એકઠા થતા ને પોતાના પૂર્વજોને સ્મરીને આભાર વ્યક્ત કરતા. આમાં ભળવા માટે કદી કોઇને દબાણ કરવામાં આવતું નહિ, કે બૌદ્ધધર્મીઓ પૂરતી જ આ પ્રાર્થના મર્યાદિત નહોતી. પણ લગભગ બધા જ તેમાં આનંદપૂર્વક ભાગ લેતા.

પૂર્વજ-સ્મરણના આ કાર્યક્રમ પાછળનું એક ખાસ કારણ હતું. એ કાળે જાપાનનો યુવાવર્ગ શૃંગારિક લલિતકળાઓના પ્રવાહમાં તણાઈ રહ્યો હતો. ગંભીરતાપૂર્વક પોતાની ફરજો બજાવતા યુવાનો પણ તેનાથી લલચાઈ જતા યોહન નુમાતાએ જોયા હતા. વતન છોડીને ધંધાર્થે શહેરમાં આવેલા યુવાનો એમનાં માતાપિતા તથા શહેરમાં આવવાનું પોતાનું મૂળ પ્રયોજન પણ વિસારીને પ્રેમસંબંધી કળાઓમાં ઘસડાઇ જાય એ એમને જચતું નહોતું. સમાજની આ એક ચિંતા હતી ને તેને સ્વકીય ગણીને એમણે આ કાર્યક્રમનું આયોજન કરેલું. અમેરિકામાં પોતાના મુશ્કેલીભર્યા દિવસોમાં પિતાએ લખી આપેલા શબ્દો અને માતાએ આપેલી માળાએ કેવો જાદુ કર્યો હતો એનું સ્મરણ એમના મનમાં સદાય તાજું હતું. અને આથી જ પૂર્વજસ્મરણ માટે એકઠા થવા સારું એમણે કારખાનામાં ખાસ જગ્યા ફાળવી હતી. અહીં કામદારો પોતાના મૃત પૂર્વજોના સ્મરણાર્થે ધૂપ પ્રકટાવતા 'નામુ અમિદા બુત્સુ'ના જાપ કરતા, ને શાંતિનું એક અલૌકિક વાતાવરણ સર્જાતું. માનસિક રીતે શાંત માણસ જ કશુંક સારું ઉત્પન્ન કરી શકે છે તેવી ભાવના તેમાં સમાવિષ્ટ હતી. પ્રસન્નચિત્ત કામદાર પોતાનાં કામમાં સવિશેષ કામિયાબ નીવડે છે. અશાંત ચિત્તે થતાં કાર્યમાં ક્યારેક બેદરકારી આવી જઈ તે બગડે છે. (અનુ૦ પૃષ્ઠ ૯૮)

ડંખ

પહેલાં પગરખાંનો પછી પ્રેમનો

ડૅમૅાન રનિયનની એક નવી વાર્તા

ચન્દ્રવદન ચી. મહેતા

આ જરા અટપટી વાર્તા છે: ડંખીલી, ચટકીલી, રાજકારણે રસીલી, સામસામા બે દુકાનદારોને કારણે કુદરતી રીતે ઊપસેલી. ક્યાંથી આરંભાએલી અને આખરે અણધારી ઘટનામાં પરિણમેલી અને થોડી ગમ્મત થકી યે ભરેલી એવી, એટલે અટપટી છતાં વાંચવી ગમે એવી આ ઘટના છે.

કથાવસ્તુને સરળ બનાવવા મૂળ વાત જ કરું. એક જ મહોલ્લામાં બે દુકાનદારો દુકાન ચલાવે. એક તો બિલ્લીનો જોડા વેચવાનો મોટા શુ-સ્ટોર. માગો તેવા જોડા મળે. માગો તે નંબરના તે રંગના તે કદ-આકારના, પાકી તપાસ બાદ બંડલો ઉપર નંબરે નોંધાએલા જોડા ત્યાંથી મળે. અને એની સામે ગુઝ સ્મેલસનો ડેલિકટસાન સ્ટોર. એટલે કે ખાવાપીવામાં જે સુંદર, મુલાયમ, કોમળ, નરમ, સ્વાદોત્તેજક વાનગીઓ હોય તે બધી ત્યાં મળે. મરીમસાલા, પીણાંના બાટલા ચૉકલેટથી માંડીને નાનકડી દાબડીમાં ગોંધેલી માછલીઓ, ચીઝ, બિસ્કિટ વગેરે સાથે લસણિયા ગંધની, કાંદા ભરેલી, થૂલાવાળી ને એ થકી શામળી, કડક, નરમ કે વળી લાંબી હાડકાના ટુકડા જેવી ફિરાંસી યા નાની ગોળમટોળ પોચીપોચી, રમ થકી ઝારેલી, જીરું ભેળવેલી ને એવી એવી જાતભાતની બન-ડબલરોટી; ડાબલામાં ભરેલા મરેલા જીવ, મૅક્સિકોથી ઈન્ડોનેશિયા સુધીના જીભે પાણી નીતારે એવા તમતમતા મસાલા, ઝાંખાં ગોરાં, આજનાં ગઈ કાલનાં પરમદિવસનાં ઇંડાં; એક સંશોધકે શોધ્યા પ્રમાણે અમેરિકાના ચોર્યાસી યે જાતના તો નહિ, પણ તેમાંની દસ-પંદર જાતના બટાટા, અને સલાડનાં રંગબેરંગી પાંદડાં ને ગાજર વગેરે આ સુકોમલ ખાદ્ય વસ્તુભંડાર કે'તાં ડેલિકટસાન સ્ટોરમાં મળે. એના માલિકને ગુઝ ગુસ્તાદ નામે જ ઓળખીએ. કારણ અમેરિકામાં ઘણાં જર્મન નામોના ઉચ્ચાર અનેક વળાંકો લઈ વધુ ગૂંચળાંવાળાં થઈ જાય છે. ક્યાં જર્મની અને ક્યાં ન્યૂ યૉર્કનો બ્રોડવે! એના નંબરવાર મહોલ્લામાં ભલભલાનું ભૂગોળજ્ઞાન ભમરી ખાઈ જાય. હા, તો આ બે મહારથી દુકાનદારો બિલ્લી અને ગુઝ ગુસ્તાદ એ બે આ દુકાનોના માલિક હતા.

સંસારમાં યે અનાયાસ કેવાકેવા ઘાટ ઘડાતા રહે છે! નજીવા કારણમાંથી મહાભારત રચાય. ચપટી મીઠામાંથી હિન્દની આઝાદીની લડત અને ચમચી ચામાંથી અમેરિકાની સ્વતંત્રતા ઊભી થાય. જેમ ચોમાસામાં આપોઆપ અળસિયાં ઊભરાય એમ. અહીં બિલ્લીના સ્ટોરમાં એક નોકર, નામ એનું રૂપર્ટ. ભલો, દેખાવડો, જોડા વેચવાની કળામાં પાવરધો ને સમજદારીથી છલકાતો.

એક દિવસ આ બિલ્લીના સ્ટોરમાં હિમી મિનસ્ક જઈ ચઢે છે. ઘોડાની રેસનો રસિયો, ઘોડેસવારી યે કરી જાણે અને ઘોડા રમી જાણે. પાકી ગણતરી કરી કમાણી કરી લે. થોડેથોડે આંતરે આમ સારી રકમ મેળવી લીધી હતી એણે. એને પોતાના પગ માટે જોડાની જોડ લેવી છે, એટલે તે બિલ્લીની દુકાનમાં આવે છે. પણ એને છે બહુ ઉતાવળ, તુરત દાન અને મહાપુણ્ય એમ એને તાબડતોડ જોડા જોઈએ. કારણ એનું ચિત્ત રેસકોર્સના મેદાનમાં દોડી રહ્યું છે.

હવે આપણો આ રૂપર્ટ જોડા વેચવાની કળામાં ભારેનો નિષ્ણાત. દુકાનનો ઉંબરો ચડનાર ઘરાકનું મોં જુએ, એનાં મોજાં સાથે કે મોજાં પહેર્યા વિનાના પગ પર નજર ફેરવે કે તુરત કૉમ્પ્યુટરની ઝડપે ઘરાકના પગના અંગૂઠાથી માંડી તેની ટચલી આંગળી સુધીની પગના પંજાની પહોળાઈ ને એડીના ગોટાની ગોળાઈ સુધીની લંબાઈ વગેરે તસુએ તસુભર આંક એના દિમાગમાં મપાઈ જાય. અને પલકવારમાં તો એ સાડા સાત, પોણા આઠ કે સાડા આઠ એમ પગનું જે માપ નક્કી કરે તેમાં ગ્રીસ કે ભારતનો કોઈ દેવ પણ ફરક સૂચવી શકે નહિ. આવી એની આંખ અને આંકણી-માપણી. પગની મુલાયમતા ને બંને પગની ચાર ધૂંટીનો ઉપસાટ પણ એના કોઠામાં ચોકસાઈપૂર્વક નોંધાઇ જાય, અને એ તુરત ઘરાકને કયા માપના જોડા જોઈશે તે જાહેર કરે. એમ એણે હિમી મિનસ્કનાં આંગળાંઅંગૂઠા વગેરેની લંબાઈ-પહોળાઈ જાણી-કળીને જાહેરાત કરી કે એને સાડા દસ-ઈ ઈ એટલે કે સાડા દસ નંબરમાં અણીકણીના ફરકવાળા ઈ ઈ નંબરના જોડા જોઇશે. પણ રૂપર્ટ પૂરું બોલી રહે તે પહેલાં હિમી બગડ્યો: 'જા, જા. ઘોઘા! મારા પગનું માપ તું વધારે જાણે કે હું જાણું? ચાલ, 'સાડા આઠ-ડી'ની જોડી કાઢ, ઝટ કર.'

હવે રૂપર્ટ તો આ લાઇનની જાણકારી-ગણતરીથી ભરેલો નિષ્ણાત. તે એણે તો હિમીને ખાતરી કરાવવા, માપણી કરવા પેલા ઈજનેરો રાખે છે એવી પટ્ટી ગજવામાંથી કાઢી, એમાં ઈંચ અને સેન્ટીમીટર એના દોરા ને મિલિમીટરના આંકા બધું છાપેલું. એના થકી હિમીના પગની માપણી કરી એને એ ખાતરી કરાવે એ પહેલાં તો હિમી વધારે ગરમાયો: 'સાડા આઠ-ડીની જોડી આપે છે કે બીજી દુકાને જઉં?' જામી પડી. પણ અંતે રૂપર્ટે સાડા આઠ ડીની જોડી કાઢી કે તરત હિમી બોલ્યો, 'હા, એ જ માપ. આ બરાબર છે. ચાલ પહેરાવી દે!' અને જોડાની એ નવી જોડ પહેરી, રોકડી રકમ આપી હિમી ઉતાવળે રેસકૉર્સ જવા ઊપડ્યો.

રેસકૉર્સ પર પહેલી દસેક મિનિટ તો જે કોઇ ઓળખીતા મળે એને કેમ છો, હલ્લો, ઑ ઑય, હાય હાય અને રામરામ સલામીમાં ઠીકઠાક વીતી ગઈ. પછી હિમીએ પોતાના દિમાગને રેસના ઘોડા પર ચઢાવ્યું, ગણતરીઓ માંડી, ઘોડાની સાતસાત પેઢીઓની હારજીતના કોઠા મનમાં ઉથલાવી નાખ્યા અને પહેલી રેસમાં દાવ લગાડવા માટે ઘોડો નક્કી કર્યો. ગમેતેમ પણ એમાં એની ગણતરી ખોટી પડી અને એ હાર્યો, પૈસા ખોયા. બીજી રેસની ગણતરી માંડી ત્યાં એના પગમાં જોડાના ડંખનો ચચરાટ થવા લાગ્યો. પગના નહોર જોડાના ચામડામાં ખૂંચતા અને જોડાની ભીંસ આંગળાં પર અનુભવાવા લાગી. રેસના મેદાનમાં બેસવા માટે રાખેલા પાટિયેથી બુકિંગ ઑફિસ સુધીની આવન-જાવન અને ચડ-ઊતર કરતાં ત્રીજા ફેરામાં તો એના મોંમાંથી પગની પીડાએ સીસકારા નીકળવા લાગ્યા. ટૂંકમાં છયે રેસમાં એ હાર્યો, પૈસા ગુમાવ્યા અને પગ તથા જોડાની ભીંસાભીંસમાં, પાડે પાડા લડે તેમાં વચ્ચે ઝાડનો મરો તેમ, એનાં મોજાંના તાણાવાણા પણ ફસકવા લાગ્યા. રેસકોર્સ પર થોડી ઘણી યે કમાણી કર્યા વિના કદી પાછા નહિ ફરનાર હિમી મિનસ્ક આજે બધી રેસ હારવાથી હતાશ, જોડાના ડંખે દુભાતો, આંખમાં ઝળઝળિયા સાથે તરફડતો વિલે મોંએ પાછો ફર્યો. વળતાં ન્યૂ યૉર્ક ટ્રેનમાં અડખેપડખે બેઠેલા મુસાફરોએ એની કઠણાઈની કથા જાણ્યા પછી જે આશ્વાસન ને દિલાસા દાખવ્યા, તથા બધી શરમ છોડી ટ્રેનમાં એણે જોડા કાઢી નાખી થોડી વાર જે પગ મોકળા કર્યા, એથી થોડો સમય તો એને ટાઢક વળી; પણ ગાડીમાંથી ઊતર્યા બાદ બિલ્લીના સ્ટોર સુધી અરધોપોણો ફર્લાંગ ફરી એ જોડા પહેરીને જે ચાલવું પડ્યું એથી તો એને ધોળા દિવસે

આસમાનના તારા દેખાવા સાથે મગજમાં તમરાં બોલતાં સંભળાયાં. અંતે ભારે વિકટ દુઃખદાયક સ્થિતિમાં અને ધૂંધવાટમાં એ બિલ્લીના સ્ટોર પર પહોંચ્યો. આવતાં વેંત પહેલાં તો એણે રૂપર્ટને જોતાં જ એના પાછલા ધાબા ઉપર, પહેરેલા જોડા ને ડંખતા પગે, બંને પગની એકએક એમ કુલ બે લાત ઝીંકી દીધી.

હવે આ રૂપર્ટને થોડુંઘણું વાંચવાનો યે શોખ ખરો. જોડા વેચવાના નોકરામાં વાચનથી બીજો શો લાભ તે તો એ જાણે, પણ વાંચવા માટે એ કાયમ ગજવામાં એકાદ જાડા પૂઠાનું થોથું જોડે ફેરવે, તે એના ઉપર હિમીના જોડાળા દુખતા પગની લાત ઝિલાઈ ગઈ. એથી રૂપર્ટને લાભ અને હિમીને ગેરલાભ. જે સિસકારો રૂપર્ટના મોંમાંથી બહાર પડવો જોઈએ તે હિમીના મોંમાંથી નીકળી પડ્યો. પણ હિમી હજી યે પોતાની ભૂલ સમજવા તૈયાર નથી. પેલો સાડાઆઠ-ડીનો આંકડાનો અંકોડો એની ખોપરીમાં એવો તો જડાઈ ગયો કે હજી યે એને છોડતો નથી, અને રૂપર્ટ જ સવારે એને ખોટા જોડા વળગાડી દીધાના મુદ્દા પર જ અટક્યો રહે છે. અંતે દુકાનના માલિક બિલ્લીએ ઘરાક હમેશાં સાચો હોય છે એવી ડાહ્યા વેપારીની નીતિનો અમલ કરીને તે દિવસ સુધીનો પગાર ચૂકવી દઇ રૂપર્ટને પાણીચું પકડાવી દે છે.

રૂપર્ટ હવે બેકાર બની રસ્તા પર આવી ગયો. ગજવામાં આ એક જે મળ્યો તે પગાર, અને એક પેલું પાકા પૂઠાંનું થોથું. એ કોઈ કૉમ્યુનિસ્ટ લેખકનું લખેલું, એના થકી જોડા વેચવાની કળામાં નિષ્ણાત એવા આ નિર્દોષ રૂપર્ટનો હિમી મિનસ્ક જેવા ઘરાકની લાતો સામે બચાવ થયો એટલું જ નહિ, એનાં થોડાંઘણાં પાનાં રૂપર્ટે વાંચેલાં એટલે અન્યાય અને સમાજવાદના વિચારોમાં એ ઊંડો લસરી પડ્યો છે. બિલ્લીએ એને કરેલા અન્યાયનો ખયાલ એમાં ઓખરે, અને એ અન્યાય થકી સર્જાએલી પોતાની સ્થિતિથી એ હતાશ મને નાસીપાસીથી ઘેરાઈ ગયો છે.

અહીં એક બીજી વાતનો ઉમેરો પણ કરવો ઘટે છે. બિલ્લીના શૂ-સ્ટોરની સામે પેલા ગુઝ ગુસ્તાદનો ખાદ્ય વસ્તુ ભંડાર–ડેલિકટસાન સ્ટોર. આ સ્ટોરમાં ગુઝની દીકરી મિની પણ કામ કરે. રૂપર્ટ ક્યારેક આ ડેલિકટસાનમાં કંઈ લેવા-ખરીદવા જાય એટલે મિનીને યે મળવાનું થાય. આમ અવારનવાર એ મળેલાં અને એથી રૂપર્ટનું દિલ ત્યાં ચોંટ્યું ને એ મિનીના પ્રેમમાં. એ પ્રેમનો ડંખ એના હૃદયને વધારે સતાવે. હવે એક તો પેલા હિમીના જોડાના ડંખથી આની નોકરી ગઈ અને બીજો આ પ્રેમનો ડંખ. પોતે બેકાર થયો એટલે એના દિલમાં વસેલી મિની પોટ્ટીને ચાપાણી, ડિનર, સેંટ-લવંડર, નાનીમોટી વીંટી, રૂમાલ ને એશિયાના રંગબેરંગ સ્કાર્ફ વગેરેની પ્રેઝંટ હવે એ કેમ કરી આપી શકશે એની એને ચિંતા. આમ, હૃદયના વલવલાટોની ઊથલપાથલ ક્રિયાઓમાં ગૂંચવાતો એ, અંતે ભૂતનું ઘર આંબલી એમ, અમારા જૂના ને જાણીતા મિન્ડીના રેસ્ટોરાં પાસેના એક બારમાં હૃદયની બળતરા ઠારવા ને ગજવામાંના તાજા પગારને ન્યાય આપવા, સ્ટ્રેટ એટલે કે પાણી-સોડા વિનાના સ્કૉચના થોડા ઘૂંટડા લેવાના મનસૂબા સાથે પેઠો.

પૃથ્વી પટે સંસારની ગતિને વેગ આપવા વિધિ કેવાકેવા ઓંટાકોંટા રચે છે તે હવે જુઓ. પૂરા પૅગના ગ્લાસમાંથી પા ભાગનો સ્કૉચ કોઠામાં રેડી એ કંઈક શાંત થતો બેઠો હતો, એટલામાં એક સ્વચ્છ સુઘરા પોશાકમાં માથે ઓપેરા હાઉસમાં પહેરી જવાની મસમોટી હૅટ પહેરેલા એક ભાઈ ટેબલ પર એની પાસે આવી ગોઠવાયા. કદાવર, દેખાવડો ને દેખીતી રીતે માલેતુજાર એટલે આસપાસ કશી નજર નાખ્યા વિના એ આદમી પોતાની પસંદગીના મંગાવેલા પૅગનો એક ઘૂંટ ભરે છે, ત્યાં તો એને મોટરના ટાયરમાંથી હવા નીકળતાં જેવો અવાજ થાય એવો એક મોટો નિસાસો સંભળાયો. પાસેની જ વ્યક્તિના નાક-મોંમાંથી નીસરતા એ નિસાસાના અવાજથી પોતાના પૅગમાં એકાગ્ર થએલું એનું ચિત્ત વ્યગ્ર થઈ ગયું.

નિસાસો એ પ્રાણપ્રક્રિયાની એક એવી અનોખી સચોટ ક્રિયા છે કે ભલભલા માનવીમાં જો બે-પાંચ પણ ઝીણા તંતુઓ હોય તો સહેજ વારમાં ઝણઝણી ઊઠે. એ ન્યાયે પેલાની સંવેદના સળવળી ને એના મોંમાં વાચા ફૂટી.

વચ્ચે આ ઘાટમાં જે એક બીજો ફણગો યે ફૂટતો રહેલો તેની જરા નોંધ લઈ લઇએ. રૂપર્ટ ભલે ગુઝ ગુસ્તાદની દીકરી મિનીના પ્રેમમાં રાચે, બંને અવારનવાર ભલે હસેબોલે, પણ મિનીના બાપની રૂપર્ટ તરફ જરા પણ મરજી નહિ. બે કારણ, એક તો પોતે મોટા સ્ટોરનો માલિક અને બીજું રૂપર્ટ સામેની જોડાની દુકાનમાં નોકરું કરે. આમ, અવસ્થાભેદ જાણેઅજાણ્યે ઘણાંનાં માનસ-ઘડતર ને વિકાસમાં ભાગ ભજવે જ છે. અને જે બાપને સંતાનમાં એકની એક જ કન્યા હોય ત્યારે પોતાની પુત્રી કોઈ સારા માલેતુજારનો હાથ પકડે એમ પણ એ ઇચ્છે જ. એટલે ગુઝના સ્ટોરમાં રૂપર્ટ પહોંચે તો ખરો, પણ હવે પોતે નોકરી વિનાનો હોઈ ત્યાં જઇને મિનીના હાથની માગણી તો ન જ કરી શકે. આવાઆવા વિચારોના વમળમાં અટવાતા આપણા રૂપર્ટના મોંમાંથી પેલા મોટરના ટાયરમાંથી ફસકી જતી હવાના જેવો, શ્વાસોચ્છ્વાસના મિશ્રિત પ્રમાણભારવાળો સસ્વર નિશ્વાસ આપોઆપ નીકળ્યો હતો.

રૂપર્ટની પાસે ગોઠવાએલા આદમીએ આવતાંની સાથે જે કૉકટેલ હશે—વૉડકા ને રમનું કે વ્હિસ્કી ને રમનું, યા વાઈન ને જિનનું કે પછી બ્લડીમેરી, માનહટ્ટન, ફિફ્ટીફિફ્ટી કે એવું કંઈ, તેના ત્રણ નાના ગ્લાસ તો એણે ઠપકારી લીધા; ત્યાં આ પડોશનું હવામાન પ્રકરણ સીસકારાયું એટલે એણે એની તરફ વળી, જરા ઝૂકી, પોતાની આંખો વડે એની સમગ્ર શારીરિક સ્થિતિનો તાગ લઈ વાત શરૂ કરી : 'કેમ ભૈયા, હૈયામાં ક્યાં શું ચણચણે છે?' અને એટલું પૂછતાં, પહેલા દાવમાં એણે જે ગિલાસ પેટમાં ઠાલવ્યા હતા એવા બીજા બે કૉકટેલનો ઑર્ડર આપી, એક રૂપર્ટને પીવા સમભાવપૂર્વક વિનતિ કરી, ને એ વિનતિને રૂપર્ટે પણ માન આપ્યું. બંને વચ્ચે હવે સંવાદ લહેરાવા લાગ્યો. રૂપર્ટે પોતાનું દુઃખ વ્યક્ત કરતાં કહ્યું : 'દુનિયામાં ન્યાય જેવી કોઈ વસ્તુ જ નથી, ભાઈ!'

'હશે. તું સાચો. પણ મને હજી ક્યાંય ન્યાય-અન્યાયનાં પારખાં કરવાના પ્રસંગો સાંપડ્યા નથી. તારી શી હકીકત છે તે કહે.'

પેલાને ચોથો ગ્લાસ, આને બીજો. એટલે બંનેના શબ્દપ્રવાહમાં ધગશ અને વેગ સ્ફુરતાં રૂપર્ટે હિમીની વાત કરી : 'એણે જાતે જ ખોટા માપના જોડા ખરીદ્યા, તે ડંખ્યા. ડંખે જ ને? એની દાઝ એણે મારી ઉપર કાઢી. મને લાત મારી. શેઠ પાસે મારી ફરિયાદ કરી ને મારો કંઈ જ ખુલાસો જાણ્યા-પૂછ્યા વિના એણે મને કાઢી મૂક્યો. હવે, ઘરાક પોતે ભૂલ કરે, મમત સેવે, જીદે ચડે ને એની ઉતાવળમાં ખોટા જોડા લઇને પહેરે, પછી એના પગ ભિંસાય ને ગોટલા દુઃખે ને પગ સોજી જાય, એના દુઃખમાં એ ખોટી રીતે રેસ રમે ને હારે, એમાં મારો કંઈ વાંક ખરો?' રૂપર્ટે વિગતે પોતાની કથની કહી ન્યાયનો પ્રશ્ન કર્યો.

અને આમ, વાચા છૂટવા માંડી પછી તો રૂપર્ટે મિનીની વાત પણ દુઃખભર્યા અવાજે કહેવા માંડી. મિની ઉપર એને મીઠો ભાવ, અને હવે એને શી રીતે મળવું એની વ્યથા. એ યે એણે આંખમાંથી બેચાર આંસુ ટપકાવવા સાથે રોશન કરી. આ આંસુનું ટપકવું પેલા સહયોગીને ગમ્યું તો નહિ. કારણ, એણે પોતે જ જાહેર કર્યું કે, 'એમ તો પોટ્ટી-બોટ્ટીના મને કશા કડવામીઠા અનુભવ થયા નથી. ઊલટું સામે પડ્યે હું જરા 'માનહટ્ટન'ના બેત્રણ ગિલાસ થકી કાયાને ગરમાવું ત્યારે મારી

મોટરગાડી પણ લહેરમાં જરા વંકાઈ પડે છે. એમાં બેત્રણ વાર બોસ્ટનને રસ્તે જતાં એકાદ લૅમ્પપોસ્ટ રસ્તામાં આડો આવ્યો હશે, તેનો થાંભલો વાંકો થયો હશે, ત્યાં બસને માટે કે એમ રાહ જોઇને ઊભેલી કોઈ એકાદ-બે ખટકડીઓના હાથ કે પગ છોલાયા હશે તો તેનો મેં તરત જ, ત્યાં ને ત્યાં જ, જે કંઈ રકમ આપવાની રીતરસમ હોય તે રીતે પતાવટ કરી નાખી છે. ન્યાય-અન્યાયની કે કોરટ-કચેરીની કચકચ સુધી મારી વાત પહોંચી જ નથી. પણ તારી કથનીનો પ્રકાર જુદો જ છે. પણે નોકરી, અહીં છોકરી: વચ્ચે પૈસા અને પેલીનો બાપ. બૅલેન્સ બરાબર નથી લાગતું. ખેર, જોઇએ શું થાય છે.'

અને એમ વાતો કરતાંકરતાં એ બંને બારમાંથી બ્રોડવે પર નીકળી પડ્યા. હાથમાં હાથ મિલાવી. દુનિયાભરનાં દુઃખ, અન્યાય, રાજકારણના વિવિધ પ્રકારના વાડા, ચિત્રવિચિત્ર મંડળો, જૂથબંધી, ડેમોક્રેટ ને રીપબ્લિક મધ્યસ્થી, સમાજવાદ, સામ્રાજ્યવાદ, સામ્યવાદ, એકહથ્થુ સત્તા, નૅપોલિયનથી માંડી કાસ્ટ્રો, અને રૂઝવેલ્ટથી માંડી ઈટાલીના મેઝિની સુધીની ભારોભાર ચર્ચા ચલાવતા રહ્યા. અલબત્ત, સમગ્ર પૃથ્વી પરનાં રાજકારણ આમ ચર્ચાતાં હોય ત્યારે રસ્તામાં જે નાનામોટા બાર આવે ત્યાં જીભનો થાક ઉતારવા અને કોઠાને ગરમાવવા જે જાતના કૉકટેલ જોઇએ તે પણ આ બે જણ બેત્રણ ઠેકાણે ત્યાંની ઇકકડી બેઠકો પર બેસતા જઈ પીતા રહ્યા. આમ, વાતે ચગતાં બંને બ્રોડવેથી ડાઉનટાઉન ન્યૂ યૉર્કના કોલંબસ ચોગાનમાં આવી પહોંચ્યા.

રૂપર્ટનો સાથી, કૉલ્વિન કોલ્બી—એણે રસ્તામાં જ પોતાની ઓળખાણ આપી'તી, સુંદર સૂટ અને મોટી ઓપેરા હૅટ પહેરી એ ક્યાં જવા નીકળેલો તે તો ભૂલી જ ગયો, પણ બાર ટુ બાર જવામાં એણે પોતાની ગાડી ક્યાં પાર્કિંગ સ્થાને રાખેલી તે યે એને યાદ ન આવી. ન્યાય-અન્યાય અને જગતભરના વિધવિધ વાદોના વિતંડાની ઝીણી કંતામણ ચાલે ત્યારે પછી સ્થળ, સમય ને આસપાસના વાતાવરણનો ખયાલ નથી રહેતો એ તો જાણીતી હકીકત છે.

દુનિયામાં બે મશહૂર ક્ષેત્રો છે: એક લંડનનો હાઈડ પાર્ક અને બીજું ન્યૂ યૉર્કનો કોલંબસ સ્કવેર. એકાદ ટેબલ, ખુરશી કે બાંકડો ભાડે નહિ તો મફત પણ મળે. અહીં એ ટુ ઝેડ – અથી જ્ઞ સુધી કોઈ પણ વિષય પર ભાષાના ગૌરવની ચિંતા રાખ્યા વિના, જાણીતા કે નવા ઉપજાવેલા શિષ્ટ કે અશિષ્ટ શબ્દોથી ભરેલાં સીધાં કે અટપટાં વાક્યો સાથે ન્યાય-અન્યાય, અંધેર કારભાર, સામાજિક ભેદભાવ, આગસ મંડળો, ફંડફાળાના ગોટાળા, ધાર્મિક ધતિંગો, લેભાગુ કંપનીઓ અને વેપાર, શેરબજાર, કેળવણી, દેવળોના વહીવટ, રાજકાજ વગેરે બધાંમાં વ્યાપેલી બદીઓ ને ત્રુટીઓ ઉપર, જેનામાં બોલવાની શક્તિ હોય તે ત્યાં ઊભો થઈ ફાવે તેમ બોલે-ભાંડે, મનના ઊભરા ઠાલવે કે ભલભલા સિકંદરોની છાલ ઉતારી શકે. અહીં એને કશી રોકટોક નહિ. આવા દસ-બાર-પંદરેક અડિંગા તો અહીં કાયમ સાંજે ખોડાયા જ હોય. એને સાંભળનારા નવરા માણસો યે મળી રહે. આ રોજિંદા વાક્વ્યાપારના વિખ્યાત મથક આ ન્યૂ યૉર્કના કોલંબસ સ્કવેરમાં આપણા આ કોલ્બીશાહ અને રૂપર્ટભૈયા આવી ચડ્યા.

પોલીસને આપણે ભલે ગમે તેટલી ગાળો દઇએ, પણ કોલંબસ સ્કવેર અને હાઈડ પાર્ક, આ બે ધર્મક્ષેત્રે ગમે તેટલી ગાળાગાળી કરીએ, ગમે તેવા વાક્યુદ્ધ ચલાવીએ તો યે અહીં પોલીસ યોગેશ્વર જેમ શાંત, જીતક્રોધ બની, જો રાખી હોય તો મૂછમાં હસતા, નહિ તો હોઠ મલકાવતા સ્થિતપ્રજ્ઞ ચિત્તે બધી રંગત જુએ, જુએ પણ તેની નોંધ ન લે, અને અહીં આરડતા ઉન્માદ રોગીઓના ઓથાર, વમનપ્રક્રિયા વગેરે માટે, સમાજની આ એક દુરસ્ત વ્યવસ્થા છે, એમ માની તેને શમવા-ઓસરવા દે. આમાં ક્યાંક હાથાપાય જામી જાય તો વચ્ચે પડે ખરા, પરંતુ આ બે ક્ષેત્રોમાં એવી પરિસ્થિતિ પ્રત્યે અહીંના નવરા-ચૌદશિયા પૂરતા સજગ રહે છે. એટલે પોલીસના અફસરોને તો આ એક મફતનું મનોરંજન અને એક અલાયદા પ્રકારનું શિક્ષણ જ મળે છે.

હવે જરા બે વાક્યોમાં આપણે કૉલ્વિન કોલ્બીનો સામાજિક મોભો જોઈ લઇએ. બાપદાદાની મિલકતનો એ પાકો ધણી. જન્મ્યો ત્યારથી એને રોટી-રહેઠાણ માટે ચિંતા જ નહોતી, ઉપરથી વળી એક ગાડી યે હતી. રોજ છાપાં વાંચે એ એનું જ્ઞાન. ક્યાંક સભા-સરઘસ જુએ તો એમાં એને રસ. અવનવી અને બાપાવારીની વેષ-તરાહનો એ શૉખીન. જૂના કટના સ્યૂટ, કે અમેરિકા સુસંસ્કૃત બન્યું એ સમયની હૅટ જોવી હોય તો એના ઘરના દરવાજાને જમણે ખૂણે જૂના જમાનાની ઘોડીના ચોકઠા ઉપરના થોભામાં એ બધી ભેરવેલી જોવા મળે. બહાર જાય ત્યારે એમાંથી ગમે તે એક, પોતાની ત્યારની ધૂન પ્રમાણે પસંદ કરી માથે ચડાવીને નીકળે. એમ આજે એણે ખાસ્સી મોટી ઓપેરા હાઉસમાં જવા માટેની ટોપસ-હૅટ પહેરેલી, એટલે એ લાગે મોભાદાર વ્યક્તિ. વળી, આમતેમ ડિઝરાએલી, જેફરસન અને રૂઝવેલ્ટ વગેરેનાં છાપાં-ચોપડીમાં પ્રકટ થએલાં વક્તવ્યો વાંચેલાં તે એમાંથી થોડાં મોઢે યાદ. અહીં કોલંબસ સ્કવેરમાં એકાદ પ્રવક્તા થાકીને ખુરશી પરથી ઊતર્યો કે આપણા કોલ્બીશાહે ખુરશીનો કબજો લઈ લીધો. એનો પહેરવેશ, એની ઊંચાઈ અને એમાં વધારો કરતી હૅટને લઇને પ્રભાવ પડે એ યે સ્વાભાવિક. ખુરશી પર ચડતાં જ એણે હિટલર-મુસોલિનીની અદાથી મોટા અવાજે અન્યાય, એટલે કે ઈનજસ્ટિસ એટલે શું એના ઉપર યુનાઇટેડ સ્ટેટ્સના બે-ત્રણ પ્રમુખ સાહેબોનાં નામ જોડી, એમનાં વક્તવ્યો ટાંકવા સાથે ભાષણ શરૂ કર્યું. કોઇકે તાળીઓ પાડી એટલે એણે વધારે જોસ અને હોંસથી લલકારવા માંડ્યું. એવામાં, અહીં ટીખળ કરનારા યે હોય, એટલે એમાંના કોઇએ એક-બે ઈંડાં યે ફેંક્યાં. એમાંથી એક એની ઊંચી હૅટ પર ટકરાઇને ફૂટયું. મામલો દર્શનીય બની ગયો.

પછી તો પેલાં જે કૉકટેલો પીધેલાં એનો પ્રભાવ ઓસરવા માંડ્યો અને નવરાશનો નબીરો કૉલ્વિન કોલ્બી કંટાળ્યો એટલે એ, અને વચ્ચેવચ્ચે એના વક્તવ્યમાં સાથ પુરાવી થોડાઘણા શબ્દો બોલવાની હિંમત કરી શકેલો તે રૂપર્ટ, ખુરશી છોડી ચાલતા થયા. એના ભાષણથી મુગ્ધ એવા થોડા લોકો પણ તેમની પાછળ હીંડવા લાગ્યા. અને કોલંબસના એ ચોગાનમાંથી નીકળેલું આ નાનકડું સરઘસ, કૉલ્વિનના ઊંચેરા વ્યક્તિત્વને કારણે આગળ જતાં કદ-આકારમાં મોટું થવા માંડ્યું. આમ, ત્યાંથી એક મહોલ્લો, ત્યાંથી બીજો ને પછી ત્રીજો એમ વટાવતાં જ્યાં પહોંચ્યા ત્યાં આપણો રૂપર્ટ જ્યાં નોકરી કરતો એ જોડાનો સ્ટોર નજરે પડ્યો. રૂપર્ટના કોઠામાં પેલા કૉકટેલનાં થોડાં ટીપાં હજી ઉભરાતાં હશે તે એણે એ સ્ટોર તરફ આંગળી ચીંધી. હજી તો એ કંઈ બોલે એ પહેલાં તો આ સરઘસમાંના એકબે ગઠિયાઓએ દોડી જઈ એની કાચ મઢેલી દીવાલ પર પોતાના જોડા સાથે એવી તો લાત જડી દીધી કે તેના પરિણામે પાંચસાત જણ એકસાથે અંદર ઘૂસી શકે એટલો માર્ગ મોકળો થઈ ગયો. લોકો અંદર ધસી ગયા ને નસીબ પ્રમાણે, પોતાના પગમાં બેસી શકે તેવી જોડાની જે જોડ-એક બે ચાર એમ પોતાની અનુકૂળતા પ્રમાણે ઉઠાવી ચાલતા થવા લાગ્યા. રૂપર્ટ પણ ખોખા પર નંબર વાંચ્યા વિના એક-બે જોડ ઉપાડી. આમ થતાં જે શોરબકોર મચ્યો તેમાં એકાએક પોલીસની તીણી સીટી સંભળાતાં પળભરમાં તો બધા સરઘસીયા રફુચક્કર થઈ ગયા. સામાજિક ન્યાયના નેતા કૉલ્વિનનો કેફ પણ હવે તદ્દન ઊતરી જતાં એને કયા પાર્કિંગ લૉટમાં પોતાની ગાડી ગોઠવેલી તે યાદ આવી ગયું, એટલે

રૂપર્ટનો હાથ પકડી તેણે ય ચાલતી પકડી. પરંતુ એ જ વેળા છાપાંવાળાઓની એક નાની ટોળી જમા થઈ ગઈ. તેમાંના કોઇએ ઈન્ટરવ્યૂ લેવા કોલ્વિનને સવાલ કરવા માંડ્યા. એટલે એણે એ બધાને બીજે દિવસે પોતાને ત્યાં આવવાનું નોતરું આપી, બીજા અગત્યના કામે પહોંચવાનું બહાનું બતાવી ઘર તરફનો રસ્તો માપવા માંડ્યો.

ન્યૂ યૉર્ક જેવા શહેરમાં કોઈ વાર ખબરોની અછત હોય તો છાપાંવાળા બૂમો પાડે, તો કોઈ વાર એટલા બધા સમાચાર હોય કે એ બધા છાપતાં મૂંઝાઈ જાય. ખપત અને માગનો જે અણલખ્યો નિયમ છે એમાં જેમ ભરતી અને ઓટને સંબંધ, તેમ તે દિવસે શહેરના છાપાંવાળાઓ પાસે કોઈ અતિ મહત્ત્વની ઘટનાનો મસાલો નહિ હોય તે આ મહાશય કોલ્વિન કોલ્બી અને રૂપર્ટ એ બેનું સરઘસનું નેતૃત્વ, બિલ્બીના શૂ-સ્ટોરના હાલહવાલની છબીઓ નાનાંમોટાં છાપાંમાં પ્રકટ થઈ. સાથે અરધા-પરધા ઈન્ટરવ્યૂને પરિણામે કોલ્વિનને બારણે છાપાંવાળાની સવારના પહોરથી ઠઠ જામી ગઈ. પણ કોલ્વિનશાહે તો કદી પ્રભાતના દસ વાગ્યા પહેલાં પથારી છોડેલી નહિ. છતાં જેમતેમ કરીને જાગ્યા. ન્યાય-સિદ્ધાંતની સમજણ આપી. પરિસ્થિતિનો પૂરો તાગ મેળવવાની દરકાર રાખ્યા વિના માલિકે રૂપર્ટને અન્યાય કર્યો, એમાંથી ઓડનું ચોડ વેતરાયું વગેરે બાબતો પર પ્રકાશ પાડ્યો. અંતે બધું સત્ય વિજયને માર્ગે પ્રકટ થયું. પછી ધીરેધીરે વાત જરા થાળે પડી એટલે આખરની ઘટનાએ આકાર લીધો.

બન્યું એવું કે રૂપર્ટ અને કોલ્વિન હવે હરરોજ પેલા, પહેલી વાર જ્યાં એ બંને મળેલા એ બારમાં બુરબોન ઑન રૉક્સ પીવા એકઠા થાય છે, અને ત્યારે દિલ ખોલીને પેટ ભરીને વાતો કરે છે, પણ બંને જણ મિનીબાઇને મળતા રહે છે એ વાત ઉચ્ચારતા જ નથી. મિની સાથેની છેલ્લી મુલાકાતમાં બંનેએ તેની સાથે પરણવાની માગણી કરેલી, અને એના જવાબમાં મિનીએ એ માટે સમય ઘડી પળ, એમ પાણીના વાસણમાં કાણાવાળો વાટકો રાખી એ ડૂબે ત્યારનું મુહૂર્ત નક્કી કરી આપેલું. એક ઘડી એણે રૂપર્ટને આપી, અને બીજી ત્યાર પછીની થોડી મોડી કોલ્વિનને આપી. આમ પેલા ઘમસાણ બાદ કોલ્વિનને પણ મિનીનો પરિચય થયા પછી એને એના જેવી મનોહર સુંદર સુંદરીના દર્શન-મિલનનો જે કંઈ લાભ મળેલો તેમાં એનું અત્યાર સુધી કોરું રહેલું દિલ પરણવાના મનસૂબે ભિંજાવા માંડેલું.

મિનીએ આપેલી ઘડી-પળ પ્રમાણે બરાબર સમયસર રૂપર્ટ પેલી લૂટફાટમાં ઉપાડેલી બુટની નવી જોડ પહેરીને, સુંદર પોશાકમાં સજ્જ થઈ મિનીને મળવા ઊપડ્યો, સાથે ફૂલનો ગુચ્છો પણ લીધો. પણ પૂરા બસો ડગલાં યે નહિ ચાલ્યો હોય ત્યાં તો એના પગ જોડામાં ભીંસાવા લાગ્યા. જોડાનો નંબર સાડા આઠ કે સવા આઠ હશે, કોણ જાણે? પણ પગ ને પગરખાંનો મેળ ન જામ્યો. પગમાં જોડાના ડંખ તણખવા માંડ્યા. અંતે નિશ્ચિત મંઝિલ પર પહોંચતાં પહેલાં વચ્ચે એક દુકાનના ઓટલા ઉપર એ પગને આરામ આપવા બેઠો, જોડા ઉતારી આંગળાના ટચાકા ફોડ્યા, જકડાઈ ગએલા પગના પંજા પર હાથ ફેરવી એને પંપાળ્યા અને આમ પંદર-વીસ મિનિટ પગને આરામ આપી એણે હરખાતે હૈયે ને દુખતા પગે પદયાત્રા આગળ લંબાવી. ભીંસાતાં પગનાં ટેરવાં અને નવા જોડાના ડંખની પજવણી છતાં અંતે જ્યારે એ મિનીના મુકામે પહોંચ્યો ત્યારે તોબરો ચડાવેલા મોંવાળી મિનીનું જે સંભાષણ સાંભળ્યું તે કંઈક આવું હતું: 'રૂપર્ટ, તમે મોડા પડ્યા. સમયની બાબતમાં હું કેટલી ચીવટ રાખું છું એ તમે જાણો છો. મેં બે જણને સમય આપ્યા હતા. તમે હવે સ્ક્રેચ—કૅન્સલ. હવે હું બીજાની રાહ જોઇશ, અને એ પણ નહિ આવે, કે મોડા પડશે તો પછી લગન જાય જહન્નમમાં. હું વર વિના જિંદગી વીતાડીશ.'

માનશો? આ ઘટના ઘટ્યા પછી થોડા દિવસ બાદ વળી, છાપાંઓમાં આ બંને નબીરાઓના ફોટા ચમક્યા. એટલે કુદરતી રીતે જ વિગતો પ્રત્યે મારું ધ્યાન પરોવાયું. પહેલાં રૂપર્ટનો કિસ્સો વાંચ્યો. ન્યૂ યૉર્કથી એ વૉશિંગ્ટન ઊપડી ગએલો. ત્યાં એની કોઈ જૂની દોસ્ત હશે, તે વિધવા થએલી અને એનો મરનાર પતિ સારી એવી દોલત મૂકી ગએલો. એટલે એ બે જણ લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં હતાં. આ એક ખુશખબર. બીજા ખબર પણ એ જ પાના પર હતા. એમાં એવી જાહેરાત હતી કે કોલ્વિન કોલ્બીએ પોતાની સારી એવી રકમ ગુઝ ગુસ્તાદના ખાદ્ય વસ્તુ ભંડારમાં ભાગીદાર તરીકે રોકી હતી, અને હવે પછી એ ડેલિકટસાન સ્ટોર ગુઝ ઍન્ડ કોલ્બીના નામે ખાદ્યપદાર્થોનું વેચાણ કરશે. વળી, કોલ્વિન અને મિની પણ લગ્નની ગાંઠથી જોડાઈ ગયાં હતાં. એ માટે અભિનંદન.

બહુ દિવસો પછી બ્રોડવે પર ફરી એક વાર મને કોલ્વિન કોલ્બીનો ભેટો થઈ ગયો. ખબર-અંતરની આપલે કર્યા પછી એણે મને એક મહત્ત્વભરી વાત કરી, 'રનિયન, દુનિયા કેટલી વિચિત્ર છે! તે દિવસે કોલંબસ સ્ક્વેરમાં બિકાર ભાષણ ફટકારતો હતો ત્યારે ફેંકાએલાં બે ઇંડાંમાંથી મારી ટૉપ હૅટ પર જે ઈંડું ચરકી ગએલું તેનો ફેંકનાર ગુઝ ગુસ્તાદ હતો. મને શી ખબર કે એમ ઇંડાથી પોંખનાર મારો સસરો થઈ બેસશે!' □

ગુલાબમિયાં (અનુ. પૃ. ૯૫થી) પત્નીની બિનઆવડત એ નિખાલસથી કહી શકે છે. ગરીબ-ગરબાં પર એને ભારે અનુકંપા, દયાનો સાગર જાણે! શરૂઆતમાં એ દાઢી રાખતો. મુલ્લાં જેવો લાગતો. ૧૯૬૯માં કોમી રમખાણ થયાં ત્યારે એક દિવસ રડી પડેલો. કદાચ એને કોઈ મારી નાખે તો! ભય પેસી ગયો. પરિણામે દાઢી સાફ થઈ ગઈ. આજે દાઢી નથી રાખતો, પણ લાલ રૂમાલ એની ઓળખ જરૂર આપે છે.

ચાની કંપનીએ પચ્ચીસ વર્ષ સુધી કંપનીની સેવા કરનારને ચાંદીનાં વાસણો ભેટ આપેલાં. બનીઠનીને ગુલાબમિયાં કામા હોટેલમાં રાખેલા એ ફંક્શનમાં ગયેલો. વાસણો લેતો ફોટો યે પડાવેલો. આજે પણ એના ઘરમાં એ ફોટો છે, હસતાંહસતાં પૂછ્યું તો કહે: 'એ તો ગવાહી હૈ. કલ અગર કોઈ પૂછે કિ કહાંસે લાયા યે ચાંદીકે બરતન, તો બતા શકું ન યહ ફોટું!, ગરીબકો સબસે ચેતના ચાહીએ.' ગુલાબમિયાં સાચો છે. ગરીબને સહુની બીક. દૂધનો દાઝેલો છાસ પણ ફૂંકીને પીએ એવો ઘાટ ગુલાબમિયાંનો છે. પોતાના પર વીતેલી વાત એ નથી ભૂલ્યો, પણ ફરી એવું ન બને તે માટે સતેજ તો જરૂર છે. એનું જંતર-મંતર, કાજળી જોવી કે માદળિયું બનાવવું એ સઘળી ક્રિયામાં એની સેવાભાવી વૃત્તિનાં દર્શન થાય છે. કંપની પ્રત્યે એની નિષ્ઠા ઓછી નહિ, પણ છતાંય ક્યારેક એ વગર રજાએ ઘેર રહે છે. બીજે દિવસે પણ એની કોઈ ખબર ન મળે. આમ, એ કેટલી યે વાર ગેરહાજર રહે. કદાચ કોઇકનું માદળિયું બનાવવા કે કાજળી જોવા રહેતો હશે!

ગુલાબમિયાં એટલે ગુલાબ જ જોઈલો. ગુલાબને મસળો એટલે સુગંધ મળે. આનું જીવન પણ એવું જ. પોતે મસળાઈને અન્યને સહાયભૂત થવાની એની રીત છે. પોતાની પાસે એ ફકીર જેવો રૂમાલ રાખે છે. એ સ્વયં ફકીર છે. એને બીજાંની ફિકર છે. અન્યની ફિકર કરે તે જ ફકીર. મને તો ગુલાબમિયાં ફકીર જ લાગે છે. ભ્રષ્ટ થયેલો યોગી જેમ વૃક્ષ બને છે તેમ ગુલાબમિયાં ગત ભવનો ભ્રષ્ટ થયેલો ફકીર છે. એ અનુકંપાનો માણસ છે. ઘણી વિચિત્રતાઓ ધરાવતો ગુલાબમિયાં માનવસહજ નબળાઇથી પર ન હોવા છતાં ગુલાબી માણસ છે. અનુકંપા એના ગુલાબીપણામાં ભળી ગઈ છે.

ગુલાબમિયાં ફિકર અને અનુકંપાનો પર્યાય છે. □

દેલવાડાના પ્રતિમા-અવશેષો

નરોત્તમ પલાણ

જૂનાગઢ જિલ્લામાં દેલવાડા એક પ્રાચીન અને પુરાણપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર છે. પુરાણોમાં 'દેવકુલ', 'દેવકુલ પટ્ટન', 'દેવકુલ-પાટક', 'દેઉલવાટક' અને 'દેલવાડ' તરીકે ઉલ્લેખ પામેલા આ સ્થળની આજુબાજુ ઉના, અજારા, સિદ્ધનાથ, ગુપ્તપ્રયાગ અને મરુદાર્યા આદિ પ્રાચીન ધર્મસ્થળોનાં શિલ્પ-સ્થાપત્ય અને ધર્મકથા લોકકથાની સારી એવી સમૃદ્ધિ છે. હાલ પ્રાપ્ત અવશેષોમાં સિદ્ધનાથ અને ગુપ્તપ્રયાગ બ્રાહ્મણધર્મના અતિ પ્રાચીન શિલ્પખંડો ધરાવે છે. ઈસ્વી સનની છઠ્ઠી સદીના મૈત્રક તામ્રપત્રમાં 'ઉન્નત' નામ દ્વારા ઉનાનો ઉલ્લેખ છે. 'મરુદાર્યા'નો ઉલ્લેખ 'સ્કંદપુરાણ'માં અને 'અજારા'નો ઉલ્લેખ વિનયપ્રભરચિત 'તીર્થમાલા'માં મળે છે. અનુમાની શકાય છે કે છેલ્લાં હજાર – દોઢહજાર વર્ષનાં આ બધાં જીવંત સ્થાનો છે.

પુરાતત્ત્વની નજરે આ બધાં સ્થાનોમાં ફરતાં ચારે બાજુ અસંખ્ય અવશેષો દેખાય છે. નાનાં-મોટાં અનેક મંદિરોનો નાશ થયો છે, અને એકમાંથી બીજું તથા બીજામાંથી ત્રીજું ચણાયેલું છે. આ ઊથલપાથલમાં જેનાં સ્થળો નામશેષ થયાં છે તે બૌદ્ધધર્મના અવશેષો પણ અહીં ઠીકઠીક સંખ્યામાં છે.

પ્રાચીન બૌદ્ધસાહિત્યમાં 'સુરટ્ઠ' નામથી આ પ્રદેશનો ઉલ્લેખ થયો છે. જાતકકથાઓની 'સતોદિકા' નદી 'ઋષિતોયા'નું બીજું નામ લાગે છે. અહીં 'મેદિસ્સર'નો એક મોટો બૌદ્ધાશ્રમ હતો. આ પંથકનાં 'ડેસર', 'દ્રોણ' આદિ સ્થળો સ્પષ્ટ વિશાળ બૌદ્ધ આશ્રમો છે. દેલવાડાનાં મૂર્તિશિલ્પોની ચર્ચા કરતાં અદ્યાપિ જે પ્રકાશમાં ન હતું તે બૌદ્ધ મૂર્તિશિલ્પ અહીં પ્રથમ ઉલ્લેખનીય બની રહે છે. દેલવાડાના ભૂતનાથ મહાદેવના પીપળાના થડમાં આ બુદ્ધમૂર્તિ અટવાઈ ગયેલી છે (ચિત્ર-૧). ગુજરાતમાં બૌદ્ધધર્મનાં અનેક સ્થળો પ્રાપ્ત હોવા છતાં બુદ્ધમૂર્તિઓનું પ્રમાણ અલ્પ છે. જે અલ્પસંખ્યક બુદ્ધમૂર્તિઓ મળે છે, તેમાં દેલવાડાની આ મૂર્તિ નોંધપાત્ર બની રહે છે. પીપળાનાં મૂળથી કટકા થઈ ગયેલી આ મૂર્તિ નગરા અને દિવાસાની બૌદ્ધમૂર્તિઓ જેવું તક્ષણ ધરાવે છે. સંભવતઃ રેતિયા પથ્થરની જણાતી આ મૂર્તિનું મસ્તક અન્ય કોઈ મૂર્તિનું છે. પદ્માસનમાં જણાતી આ મૂર્તિને એક હાથ ખંડિત છે અને તેથી તેની હસ્તમુદ્રા વિશે કશું સ્પષ્ટ થઈ શકતું નથી. ગુજરાતમાં ઈ. સ.ની આઠમી-નવમી સદીથી બુદ્ધમૂર્તિઓનું સર્જન થતું અટકી ગયું જણાય છે. આ હિસાબે, તેમજ નગરા, દિવાસાની મૂર્તિઓની તુલનામાં આ મૂર્તિનો સમય સાતમી સદીની આજુબાજુનો અંદાજી શકાય.

દેલવાડાનાં મૂર્તિશિલ્પોમાં બીજો નોંધપાત્ર અવશેષ એક સૂર્ય-મૂર્તિનો છે. દેલવાડામાં અને તેની આજુબાજુ એકથી વિશેષ સૂર્ય-મંદિરો હોવાના પૌરાણિક ઉલ્લેખો છે. આજે પણ ઉના, દેલવાડા, ગુપ્તપ્રયાગ આદિ સ્થળોમાં સંખ્યાબંધ સૂર્યમૂર્તિઓ પ્રાપ્ત છે. અહીં-ના જિનાલય પાસેના ઓટલા ઉપર આવેલી સૂર્યમૂર્તિનો અવશેષ (ચિત્ર ૨) આ બધામાં સમયની દૃષ્ટિએ વિશેષ પ્રાચીન જણાય છે. પ્રભાવલી અને કિરીટમુકુટ સાથેનું આ સુંદર સૂર્યમસ્તક સંભવતઃ ઈ. સ.ની આઠમી સદીનો અવશેષ છે.

આમ તો આ આખો પંથક શૈવ છે. કહેવાય છે કે એક સમયે અહીં શૈવધર્મી બ્રાહ્મણોનું રાજ હતું. 'ઉના' (ઉન્નત) એવું ગામનામ પણ શૈવ-કથાને અનુષંગે આવેલું મનાય છે. નાની મોટી અનેક શૈવ પ્રતિમાઓ અહીં નંદી ઉપર આસનસ્થ ઉમા-મહેશ્વર, તેમજ ઊભેલી આલિંગનબદ્ધ સ્થિતિમાં હરગૌરીનું કંડારણ નોંધપાત્ર છે. મોટો સંગ્રહ ભૂતનાથમાં છે. બહુધા આ પ્રતિમાઓ સિન્દૂરઅર્ચિત કે ખંડિત હોઈ એની શૈલી કે કાળનિર્ણય પરત્વે કશું કહી શકાય તેમ નથી, પરંતુ નદીકિનારે આવેલા જળદેવતાના ઓટલા ઉપરની એક ઉમા-મહેશ્વર-મૂર્તિ આ સહુમાં અ-લગ તરી આવે છે (ચિત્ર ૩). નંદી ઉપર આરૂઢ શિવજીના વામકક્ષે ઉમા બેઠાં છે. ચતુર્ભુજ શિવજીના ત્રણ હસ્ત અંશતઃ દૃશ્યમાન છે: એકમાં ત્રિશૂલ, બીજો ગોઠણ ઉપર ખંડિત અને ત્રીજો ઉમાના વામ-



△ચિત્ર ૧. દેલવાડામાં ભૂતનાથના પીપળામાં અટવાએલી બુદ્ધમૂર્તિ.
ચિત્ર ૨. જિનાલય પાસેના ઓટલા ઉપર પડેલું સૂર્યમસ્તક. ▽




 

△ ચિત્ર ૩. દેલવાડામાં નદીકિનારે જળદેવતાના ઓટલા ઉપર રાખેલાં કેટલાંક શિલ્પોમાંની **ઉમા-મહેશ્વરની પ્રતિમા.** જમણી બાજુ ચિત્ર ૪, એ જ ઓટલા ઉપરની કુબેરની એક મૂર્તિ. △

સ્કંધ ઉપર લટકતો છે. ઉમાના બે હાથમાંથી એકની આંગળીઓ શિવજીના દક્ષિણસ્કંધે જોઈ શકાય છે. વિશિષ્ટ અને નોંધપાત્ર કહી શકાય તેવું આ લક્ષણ આ પ્રતિમાઓની મુકુટરચના છે. ઉમાનો મુકુટ-બંધ સારો એવો ખંડિત છે, જ્યારે શિવજીનો મુકુટ પ્રમાણમાં સ્પષ્ટ છે. ગુજરાતની મૂર્તિકલામાં વિભિન્ન એવી અનેક કલાશૈલીની છાંટ તેમાં જોવા મળે છે. સમયસમયની આ મૂર્તિઓનું કલાગત વર્ગીકરણ હજુ શક્ય બન્યું નથી, પરંતુ પ્રસ્તુત મૂર્તિની મુકુટરચના ઇલોરાની કલા-પરંપરામાંથી ઊતરી આવેલી જણાય છે. સમયની દૃષ્ટિએ પણ આ નવમી સદીનું મૂર્તિશિલ્પ છે.

ઉત્તર ગુજરાતમાં સોલંકી સમય, દક્ષિણ ગુજરાતમાં ચાલુક્ય સમય, કચ્છમાં સમાવંશ અને સૌરાષ્ટ્રમાં જેઠવા, ચાવડા, ચૂડાસમા, વાળાઓનો સમય શિલ્પસ્થાપત્યની દૃષ્ટિએ પોતાનું વિશિષ્ટ પ્રદાન દર્શાવે છે. ઈ.સ.ની અગિયારમી સદીના આરંભથી પ્રચારમાં આવેલા, પરમાર રાજવી ભોજ રચિત 'સમરાંગણ સૂત્રધાર'થી મંદિર-સ્થાપત્યની બાબતમાં અનેક પરિવર્તનો આવ્યાં. સંભવત: આ સમયથી ગુજરાત-નાં મંદિરોમાં દિક્પાલની મૂર્તિઓનો પણ આરંભ થયો. એક સાથે આઠ મૂર્તિઓનું મંડોવરમાં આવવું એટલે મંદિરની વિશાળતા પણ આપોઆપ વિવક્ષિત બને છે. દેલવાડામાં આવાં મંદિરો હશે અને પ્રાચીન સમયથી માંડીને છેક બારમી-તેરમી સદી સુધી અહીં મંદિરોનું બાંધકામ થયું હશે—તેનો સંકેત આપતું દિક્પાલનું એક મૂર્તિશિલ્પ અહીં ઉલ્લેખનીય બને છે. ઉપરોક્ત ઉમા-મહેશ્વરની બાજુમાં, દિક્પાલ મૂર્તિઓમાં ઉત્તર દિશાના અધિપતિ કુબેરની એક મૂર્તિ આવેલી છે (ચિત્ર-૪). મસ્તક પાછળથી વામહસ્તમાં આવતું નકુલનું તક્ષણ સ્પષ્ટ છે. સંભવત: તેરમી સદીના પૂર્વાર્ધની આ મૂર્તિ દેલવાડાના કોઈ વિશાળ મંદિરનો ટકી રહેલો અવશેષ છે.

દેલવાડાનાં મૂર્તિશિલ્પોમાં તુરત જ ધ્યાન ખેંચતી મૂર્તિઓ ગણેશની છે. સૌરાષ્ટ્રમાં ધૂમલી, ઢાંક અને સોમનાથની માફક દેલવાડા-માં પણ ગણેશમૂર્તિઓનું બાહુલ્ય છે. એક મત મુજબ ઈ. સ.ની ચોથી સદીથી આપણે ત્યાં ગણેશમૂર્તિઓ મળે છે. ઈ. સ.ની છઠ્ઠી-સાતમી સદીનાં તો સ્વતંત્ર ગણેશમંદિરો પણ વિદ્યમાન છે. ગણેશ વિશે તે અનાર્ય હોવાની તેમજ યક્ષ હોવાની કલ્પના છે. આ દૃષ્ટિએ સૌરાષ્ટ્રનો તેમજ ગણેશમૂર્તિઓનો સ્વતંત્ર અભ્યાસ કરવા જેવો છે. અહીં પ્રસ્તુત દેલવાડાની ગણેશમૂર્તિ તેના પરિકરને કારણે ખાસ ધ્યાનાર્હ બની રહે છે (ચિત્ર-૫). સામાન્યત: વિષ્ણુ અને સૂર્યની સપરિકર પ્રતિમાઓ પ્રાપ્ત છે, પરંતુ સપરિકર ગણેશમૂર્તિનું પ્રમાણ અલ્પ છે. વિષ્ણુ-પરિકરમાં વિષ્ણુના અવતારો અને સૂર્ય-પરિકરમાં આદિત્ય સ્વરૂપોનું તક્ષણ જોવા મળે છે, અહીં ગણેશ-પરિકરમાં શું હશે? 'ગણેશપુરાણ'માં મહોત્કટ, મયૂરેશ, ગજાનન અને ધૂમ્રકેતુ એવા ચાર યુગને અનુસરી ગણેશના ચાર મુખ્ય અવતારો થયાનું જાણવા મળે છે, પરંતુ અહીં પરિકરમાં કુલ દસ આકૃતિઓ છે. 'મુદ્ગલપુરાણ' મુજબનાં ગણેશનાં આ દસ સ્વરૂપો હશે કે અવતારો? હાલ આ મૂર્તિ પૂજાસ્થાને હોઈ સિન્દૂરના લેપ નીચે આકૃતિઓ સ્પષ્ટ નથી. લલિતાસન, ચતુર્ભુજ અને ડાબા ગોઠણ નીચે ઉંદર છે. તક્ષણની દૃષ્ટિએ મૂર્તિમાં કોઈ પ્રાચીન લક્ષણો નથી. ગણેશના અવતારોની કલ્પના પણ 'ગણેશપુરાણ' અને 'મુદ્ગલપુરાણ' જેવા પ્રમાણમાં અર્વાચીન ગ્રંથોથી પ્રસરી છે. સંભવત: તેરમી સદી પછીનું આ સર્જન છે.



આખું દેલવાડા આમ તો પુરાતન જેવું છે. શેરીના વળાંક ઉપર વાહનના ઘસારાથી મકાનને બચાવવા ખોડેલા પથ્થર એ મંદિરના કોઈ ને કોઈ ભાગ છે. ધર્મપ્રેમીજનોએ આજુબાજુથી પ્રાપ્ત થયેલાં મૂર્તિશિલ્પો ભૂતનાથ મંદિરમાં એકઠાં કર્યાં છે. વારતહેવારે આ બધા જ ટુકડા સિન્દૂરચર્ચા પામે છે. ભૂતનાથ જાણે એક નાનકડું દેવકુલ છે!

દેલવાડાની શેરીઓમાં ચક્કર લગાવતાં એમ લાગે છે કે દેલવાડાએ ધર્મસંપ્રદાયોના, તેની ચડતીપડતીના તથા તેના અનુષંગે શિલ્પ-સ્થાપત્યાદિના અનેક રંગો જોયા છે. સાંપ્રતમાં દેલવાડા તેની જુમ્મા મસ્જિદના ઝૂલતા મિનારાને કારણે પ્રખ્યાત છે. ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યની આ એક અન્તચળી છે, જેમાં પૂર્વકાલીન હિન્દુ સ્થાપત્યનો સમૃદ્ધ અનુભવ નિહિત છે. ઈ. સ. ૧૮૭૪માં શિલ્પસ્થાપત્યના શોખીન જૂનાગઢના નવાબ મહોમતખાન બીજાએ આ મસ્જિદ બંધાવી એટલે આપણે કહી શકીએ કે દેલવાડાએ મૈત્રકકાળથી માંડી. ઈ. સ.ની ઓગણીસમી સદી સુધી શિલ્પસ્થાપત્યની એક અખંડ પરંપરા નિહાળી છે. આ યાત્રામાં અનેક મિશ્રણો થયાં છે: ક્યાંક એક મૂર્તિ બીજા નામથી પૂજાય છે, ક્યાંક એક ધર્મના સ્થાન ઉપર અન્ય ધર્મનું સ્થાન ઊભું છે. બ્રાહ્મણ-બૌદ્ધ-જૈનના અવશેષો લઈને મસ્જિદો ચણાઈ છે અને મંદિર-મસ્જિદના અવશેષો અન્ય મકાનો તથા જાહેર માર્ગો બનાવવા માટે પણ વપરાયા છે! આ બધામાંથી પસાર થતો પુરાતત્ત્વવિદ્ અનુભવે છે કે અહીં એક પેઢીની રાખ ઉપર બીજી પેઢીનાં અસ્થિ પડ્યાં છે. અને બીજી પેઢીનાં અસ્થિ ઉપર ત્રીજી પેઢીનાં લોહી-માંસ, ચોથા પેઢીનું કફન ઓઢીને પાંચમી પેઢીને રમાડી રહ્યાં છે! □

△ ચિત્ર ૫. દેલવાડામાં ગણેશમૂર્તિઓની અધિકતા ધ્યાન ખેંચે છે. એમાંની એક વિશિષ્ટ મૂર્તિ – સપરિકર ગણેશ. (બધા ફોટા · ન. પલાણ)

ઉના-દેલવાડા

દક્ષિણ-સૌરાષ્ટ્રનો એક પ્રવાસ-વિસ્તાર

એક પ્રવાસ-કેન્દ્ર અને તીર્થધામ તરીકે ઉના પ્રસિદ્ધ છે. અહીંના ગુપ્ત પ્રયાગકુંડમાં સ્નાનવિધિ કરાવતા બ્રાહ્મણો કહે છે: 'પુરાણ પ્રસિદ્ધ, નિત નૂતન, આલેખન જેનાં જૂનાં તે ઉના.' ઉના વિશે ભગવાન શિવજીની એક રસિક કથા છે. એક વખત શિવજી ઉમા સાથે વિહાર કરતા આ પ્રદેશમાંથી પસાર થતા હતા. પર્વતમાળા, ગિરનું જંગલ, ઘૂઘવતો સાગર અને તાડવૃક્ષોથી આવૃત્ત રમ્ય પ્રકૃતિ નિહાળી શિવજી કામાતુર થઈ ઊઠયા. રમણાંતે ઉમા હાર્યાં, શિવજી તો હજી પણ ઉન્નત રહ્યા. હવે શું કરવું? હારેલાં ઉમા બ્રાહ્મણોને શરણે ગયાં. બ્રાહ્મણોએ શાપ દ્વારા શિવજીના લિંગનું પતન કર્યું. બ્રહ્માજીને ખબર પડી. 'આ તો યોગ્ય ન થયું. સૃષ્ટિનો અંત આવી જાય!' તેમણે બ્રાહ્મણોને સમજાવ્યા. બ્રાહ્મણોએ પોતાના તપોબલથી પતન પામેલા લિંગને પુનઃ ઉન્નત કરી અહીં પ્રસ્થાપિત કર્યું તે આ 'ઉન્નત ક્ષેત્ર'. કાળક્રમે 'ઉન્નત'માંથી આજનું 'ઉના' ઊતરી આવ્યું છે.

બ્રાહ્મણો કહે છે: શિવજીની કથા તો નિત નવી એટલે ઉના પણ નિત નૂતન! ઉનાના 'આલેખન' એટલે કે 'શિલાલેખો' ઘણા જૂના છે. છેક ઈ.સ.ની શરૂઆતથી આ અલેખનો મળે છે. ઉના પાસેનું વાંસોજ ગામ ક્ષત્રપ સિક્કાઓનું પ્રાપ્તિસ્થાન છે. ઈ.સ.ની છઠ્ઠી સદીના મૈત્રક રાજવી ધરસેન બીજાના દાનશાસનમાં 'ઉન્નત'નિવાસી બ્રાહ્મણોને દાન દીધાની નોંધ છે. આ પછીના લેખોમાં 'ઉન્નત દુર્ગ'થી 'ઉના'ના ઉલ્લેખો છે. સ્પષ્ટ છે: ઉના છેલ્લા દોઢ-બે હજાર વર્ષનું નિતનૂતન નગર તરીકે ટકી રહ્યું છે.

ઉનાના પાદરમાં મચ્છુન્દ્રી નદી વહે છે. કહે છે કે બૌદ્ધ સાહિત્યની 'સતોદિકા' અને પુરાણોની 'ઋષિતોયા' આ મચ્છુન્દ્રીનાં જ નામો છે. આ મચ્છુન્દ્રી વિશે મત્સ્યેન્દ્રનાથની એક રોચક લોકકથા પણ છે. કહે છે કે સૌરાષ્ટ્રની મચ્છુ અને મચ્છુન્દ્રી મત્સ્યેન્દ્રનાથનાં બે સંતાનો છે. મત્સ્યેન્દ્રનાથ કોઈ ગણિકાના મોહમાં પડી સંસાર માંડી બેઠા. પત્ની બાળકો વગેરેમાં એનો દુન્યવી મોહ વધતો જ ગયો. એમના પટ્ટશિષ્ય ગોરખનાથને આની જાણ થઈ. ગુરુનો મોહ દૂર કરવા ગોરખનાથે મત્સ્યેન્દ્રનાથનાં ગણિકાથી થયેલાં બંને સંતાનોને મારી નાખ્યાં! આ બન્ને સંતાનો તે મોરબીની મચ્છુ અને ઉનાની મચ્છુન્દ્રી. ઉનાની આજુબાજુ મત્સ્યેન્દ્રનાથની બીજી ઘણી કથાઓ અને મૂર્તિઓ મળે છે. મચ્છુન્દ્રી જ્યાંથી નીકળી તે ગિરના ડુંગરને મચ્છુન્દ્રો કહે છે, ત્યાં એક ગુફામાં મત્સ્યેન્દ્રનાથે તપ કર્યાનું મનાય છે. મચ્છુન્દ્રી સાગરને મળે છે ત્યાં મત્સ્યેન્દ્રનાથની જગ્યા છે, બાજુના દીવ બેટમાં પણ મત્સ્યેન્દ્રનાથની મૂર્તિઓ છે. એક મત મુજબ ભારતભરની સૌથી પ્રાચીન નાથમૂર્તિ દીવમાં છે. (જુઓ 'કુમાર' નવેમ્બર-૧૯૭૪)

કહે છે કે મૈત્રક રાજ્યના અંત પછી અહીં બ્રાહ્મણોનું રાજ્ય હતું. આજે ય ઉનાના બ્રાહ્મણો 'ઉનેવાળ બ્રાહ્મણો' તરીકે પ્રખ્યાત છે.



△ ઉના-દેલવાડાની નજીક અજારા-પાર્શ્વનાથ એક મોટું જૈનતીર્થ છે. ત્યાંથી જરા દૂર સિદ્ધનાથ મહાદેવનું સ્થાન છે. અહીં અસંખ્ય ભગ્નાવશેષો જોવા મળે છે, તેમાંના આ એક અવશેષમાં ધડ અને મસ્તક બંને અલગ અલગ મૂર્તિનાં છે. ત્રણ મુખવાળું આ મસ્તક એના કંડારણને કારણે ગુજરાતમાં પ્રાપ્ત નમૂનાઓમાં વિરલ છે, જ્યારે ધડનું શુંગકાલીન જેવું કંડારણ સૌરાષ્ટ્રના આ ભાગમાં મળે તે પણ ઉલ્લેખનીય છે.

બ્રાહ્મણો પછી પ્રભાસના વાજાઓ* અને છેલ્લે જૂનાગઢના નવાબની હકુમત અહીં હતી. ૧૯૪૭ પછી ઉના પુનઃ વિકાસના પંથે અગ્રયાયી બને છે. બાલમંદિરથી કૉલેજ સુધીની સુંદર શૈક્ષણિક વ્યવસ્થા અહીં છે. સાદી સુઘડ ધર્મશાળાઓ અને અદ્યતન સગવડ ધરાવતાં રહેવા-જમવાનાં સ્થળો છે. નાનાંમોટાં અસંખ્ય મંદિરો અને 'મોહન સુખધામ' નામનું જોવાલાયક સ્મશાન છે.

ઉનાને કેન્દ્રમાં રાખી આજુબાજુ ફરી શકાય. એક બાજુ જૈનોનું પ્રખ્યાત તીર્થધામ અજારા-પાર્શ્વનાથ, સિદ્ધનાથ, ગુપ્તપ્રયાગ, ઝૂલતા મિનારાવાળું દેલવાડા અને દીવ બેટ છે. બીજી બાજુ તુલસીશ્યામ, બાણેજ, કનકાઈ, દ્રોણેશ્વર જેવાં ગિરનાં સૌન્દર્યભર્યાં ધામો છે. જરા દૂર ડુંગરમાં કોતરેલી ચોસઠ જેટલી બૌદ્ધગુફાઓવાળો સાણો ડુંગર છે.

ઉનાથી પાંચ કિલોમીટર દક્ષિણે આવેલું દેલવાડા બહુધા એના ઝૂલતા મિનારાના કારણે પ્રસિદ્ધ છે. ગુજરાતમાં ઊભાં થયેલાં મુસ્લિમ સ્થાપત્યોનો કલાદૃષ્ટિએ અભ્યાસ હજુ સુધી આપણે કરી શક્યા નથી, પરંતુ એ જ્યારે થશે ત્યારે મિનારાઓ અને તેની અપૂર્વ કલા-કારીગીરી આપણા વિસ્મયના કાવ્યાનંદનો વિષય બનશે. સામાન્યતઃ ઈ.સ.ની ચૌદમી સદીની શરૂઆતથી ગુજરાતમાં મુસ્લિમ સ્થાપત્યનો આરંભ થાય છે. ઈ.સ. ૧૩૦૧થી ૧૪૦૦ વચ્ચેની પ્રથમ ભૂમિકા 'આરંભની ભૂમિકા' છે. આ ભૂમિકાનો પ્રણેતા અલાઉદ્દીન ખલજી છે, તેણે બ્રાહ્મણ અને જૈન સ્થાપત્યો તોડી બહુધા તેના ભંગારમાંથી જાડીમોટી મસ્જિદોનું સર્જન કર્યું છે. કલામર્મજ્ઞો આ ભૂમિકાને 'પુનર્નિર્માણ પામતી ભાંગફોડિયા ભૂમિકા' તરીકે ઓળખાવે છે.

ઈ.સ. ૧૪૦૧ થી ૧૫૦૦ વચ્ચેની બીજી ભૂમિકા 'વિકાસની ભૂમિકા' છે. આ ભૂમિકાના પૂર્વાર્ધનો પ્રણેતા અમદાવાદ વસાવનાર અહમદશાહ તથા ઉત્તરાર્ધનો પ્રણેતા મહમદ બેગડો છે. અહીં એક યોગાનુયોગ નોંધવો ઘટે કે, આ 'વિકાસ-ભૂમિકા'માં મુસ્લિમ સ્થાપત્ય તેમજ ગુજરાતી કવિતા એકસાથે વિકાસ સાધે છે. બીજો મહાનયોગ એ છે કે ઈ.સ. ૧૪૧૧ એ ગુજરાતના આદ્યકવિ નરસિંહ મહેતાનું તથા ગુજ-રાતની મુખ્ય નગરી અમદાવાદનું જન્મવર્ષ છે. નરસિંહ અને અમદા-વાદ એક સમયમાં આવિર્ભાવ પામ્યા !

ઈ.સ. ૧૫૦૧ થી ૧૬૦૦ વચ્ચેની ત્રીજી ભૂમિકા મુસ્લિમ સ્થાપત્યની 'સર્વોત્કૃષ્ટ ભૂમિકા' છે. આ સમયથી, બલ્કે બીજી ભૂમિકાની અંતિમ પચીસીથી મુસ્લિમ સ્થાપત્યે પોતાનું ઉચ્ચ કલાકૌશલ દર્શાવવા માંડ્યું છે. પથ્થરમાં સર્વોત્તમ કોતરણી ધરાવતી જાળીવાળી અમદાવાદની સીદી સૈયદની મસ્જિદ આ કાળની છે.

ઈ.સ. ૧૬૦૧થી કલાની દૃષ્ટિએ મુસ્લિમ સ્થાપત્યમાં ઓટ આરંભાય છે. આ પછીનાં સ્થાપત્યો અગાઉનાં અનુકરણ, એકમેકનાં મિશ્રણ અને કલા કરતાં કસબને પ્રાધાન્ય આપતાં જણાય છે. દેલવાડા-ના ઝૂલતા મિનારામાં પણ કલાના ભોગે કસબની અભિવ્યક્તિ પ્રધાન છે.

ઉના-દેલવાડાની પાસેનાં અન્ય પ્રખ્યાત સ્થળો તે અજારા-પાર્શ્વનાથ, સિદ્ધનાથ, ગુપ્તપ્રયાગ અને મરુદાર્યા છે. અજારા વિશે એવી કથા છે કે પ્રાચીનકાળમાં અજયપાલ નામના એક રઘુવંશી રાજાને અસાધ્ય રોગ થયો, અમીઝરા પાર્શ્વનાથની પ્રતિમાના નાવણજલથી તે દૂર થતાં, રાજાએ ભક્તિવશ અહીં એક નગરની રચના કરી, આ નગર તે 'અજયનગર' >'અજનયર'>'અજઅર' અને 'અજાર'. અજયપાલે અહીં એક વિશાળ જૈનમંદિર બંધાવી તેમાં અમીઝરા પાર્શ્વનાથની મૂર્તિ પધરાવી. આજે 'અજારા-પાર્શ્વનાથ' સાથે જ બોલાય છે. અજારા એક વિશાળ અને જીવંત જૈનતીર્થ છે.


અજારાથી થોડે દૂર સિદ્ધનાથ મહાદેવનું સ્થાન છે. આજુબાજુનાં ખેતરો અને સિદ્ધનાથનો ટીંબો અતિ પ્રાચીન છે. અહીંતહીં અસંખ્ય અવશેષો રખડે છે. મંદિરના આંગણમાં પુરાઈ ગયેલા એક કૂવામાં નંદી સહિતનો કોઈ શિવમંદિરનો કાટમાળ ભર્યો છે. અહીં પડેલા અવશેષોમાં એક ધડ અને એક મસ્તક વિશેષ પ્રાચીન અને ગુજરાત-ભરની શિલ્પકલામાં વિશિષ્ટ બની રહે તેવાં છે. (જુઓ 'સિદ્ધનાથના વિરલ ધડમસ્તક' ફોટો) ધડ અને મસ્તક બન્ને અલગઅલગ મૂર્તિ-ઓના ખંડો છે, પરંતુ બન્ને તેના શિલ્પકામની દૃષ્ટિએ આશ્ચર્યમાં

(અનુસંધાન પૃષ્ઠ ૯૪)

*અસલમાં ઉના 'ઉન્નત દુર્ગ' કહેવાતું, જેનું સ્થાન આજના ઉનાની પાસે જ હતું. આજનું ઉના ત્યારે દેલવાડા કહેવાતું. એકબીજાની પાસે જ હોઈ ઉના-દેલવાડા નામ સાથે જ બોલાતાં રહ્યાં છે. અહીંના શાસક(ઉનેવાળ)બ્રાહ્મણોએ પ્રભાસના વેજલ વાજાની રાણીનું અપમાન કરેલું એથી ગુસ્સે થઈ વેજલે તેમના પર ચડી આવી બ્રાહ્મણોની કતલ કરી. વસ્તી પડોશના દેલવાડામાં નાસી ગઈ અને તે દેલવાડાને ઉના નામ અપાયું. આગળ જતાં આ ઉના મુસલમાનોના હાથમાં ગયું. તેમણે તેની પડોશમાં જે નવું ગામ વસાવ્યું તે આજનું દેલવાડા. ગુજરાતની સલ્તનતના સમયમાં દીવ બેટ અને તેના કિલ્લાની નજીકમાં જ હોવાથી આ સ્થળોનું વિશેષ મહત્ત્વ હતું એવી એક નોંધ છે. —સં.

સિક્કાબંદર

ડૉ. શિવપ્રસાદ રાજગોર



આ નકશા દ્વારા સિક્કાબંદરના રેલ તથા ધોરીમાર્ગ સાથેના જોડાણનો ખ્યાલ મળે છે. સલાયા-વાડીનાર અને બેડીબંદરની સરખામણીમાં દરિયામાર્ગે અહીં આવનજાવન પણ સરળ છે. જો પૂરતી સગવડો વધારવામાં આવે તો આજે છે તે કરતાં આ બંદર પણ સરળતાથી વધુ વિકાસ પામી શકે તેમ છે.

આપણા દેશ ભારતમાં કલકત્તા, મદ્રાસ, મરમુગાઓ, કોચીન, કંડલા, વિશાખાપટ્ટનમ અને પરાદ્વીપ એ આઠ મોટાં (મેજર) બંદરો છે. તે પછી એક લાખ ટનથી વધુ અને દસ લાખ ટનથી ઓછી આયાત-નિકાસ કરતાં મધ્યમ કક્ષાનાં ઓગણીસ બંદરો છે. જેમાંથી માંડવી, નવલખી, બેડી, સિક્કા, સલાયા, ઓખા, પોરબંદર, વેરાવળ, ભાવનગર, ભરૂચ અને સુરત, એમ કુલ અગિયાર બંદરો તો ગુજરાતમાં જ છે. આમાંથી કચ્છના અખાતમાં ઓખા, સલાયા, બેડી અને નવલખી તથા સિક્કા બંદરની ગણના બેડી-સમૂહનાં બંદરોમાં થતી હોઈ એ બધાં ત્યાંના અધિકારીની સત્તા હેઠળ છે.

કંડલા, ભાવનગર અને ઓખાની જેમ સિક્કા બંદર પાસે પણ ઊંડું પાણી રહેતું હોઈ અહીં આવનાર જહાજ છેક ધક્કા પાસે લાંગરી શકે છે. વહાણવટાની પરિભાષામાં આવી સગવડવાળા બંદરને 'ડાયરેક્ટ બર્થિંગ પોર્ટ'' કહે છે. બહુ મોટું બંદર ન હોવા છતાં સિક્કાનું આ વૈશિષ્ટ્ય અને મહત્ત્વ છે. વળી, સિક્કાની કંઠાર નજીકની ખડક-શૃંખલા (રીફ)ને કારણે બંદરને સારું રક્ષણ મળે છે, તેમજ આ તરફ ઓછો વરસાદ પડતો હોઈ વર્ષના—ચોમાસાના અમુક થોડા દિવસો બાદ કરતાં બારે માસ આ બંદર પર સ્ટીમરો-વહાણોની આવનજાવન ચાલુ રહી શકે છે.

ઓખાથી ઉત્તરપૂર્વે ૬૪ કિ.મી. અને બેડીની ખાડીના મુખથી ૨૯ કિ.મી. દક્ષિણપશ્ચિમે સિક્કા બંદરનું સ્થાન છે. આમ ૨૨°-૩૧' ઉ. અક્ષાંશ અને ૬૯°-૪૯' પૂર્વ રેખાંશ પર સિક્કા આવેલું છે. સિક્કાની તળ કંઠારથી સાડા ચાર કિ.મી. દૂર સિક્કા બંદરની લંગરગાહ છે. કચ્છના અખાતમાંથી બંદર તરફ આ ખાડીનું મુખ લગભગ ૬૦૦ મીટર (૨૦૦૦ ફૂટ) પહોળું છે, જેની નજીકમાં જ પાંચ કિ.મી.થી યે વધુ લાંબી તથા ત્રણેક કિ.મી. પહોળી 'ગુઝ રીફ' અને તેની ઉત્તરે એકાદ કિ.મી. દૂર રેતીનો ધડો-સેન્ડ બાર છે. ગુઝ રીફની દક્ષિણે અને પશ્ચિમે સિક્કાની ઊંડી નાળ છે, જેમાં ઓટ વખતે યે ૪૦ ફૂટ જેટલું ઊંડું પાણી રહે છે. બંદરની નજીક જે ખડકો છે તે પરવાળાના છે. આમ સિક્કા બંદર ડેરા, સેરી અને ગુઝ રીફના લીધે તોફાનો સામે સારું રક્ષણ પામી શકે છે. ગુઝ રીફની પશ્ચિમે લંગરગાહ (ઍન્કરેજ) પાસે સમુદ્રની ઊંડાઈ સાત ફૅધમ જેટલી છે. નાળને છેડે જ્યાં વહાણો લાંગરે છે ત્યાં ઓટ વખતે પાણી ઊતરી જાય છે, પણ ભરતી વખતે આ નાળ કામ આપે છે.

સ્વાતંત્ર્ય પૂર્વે જામનગર રાજ્યે પોતાના પાટનગરની પાસે જ હોવાના કારણે બેડી-બંદરના વિકાસ પાછળ વધુ લક્ષ આપતાં સિક્કા બંદર લગભગ ઉપેક્ષિત બની છેક ઈ. ૧૯૪૫ સુધી એ માત્ર માછીમારોનું એક સામાન્ય ગામ જ રહેલું. પરંતુ ચૂનાના પથ્થર, ચિરોડી, માટી અને પાણીની પૂરતી સગવડ તથા વીજળીનો લાભ મળતો હોઈ સિમેન્ટ ઉદ્યોગને માટે પૂરતી સગવડ લભ્ય લાગતાં જામનગર રાજ્યે અહીં તેની સ્થાપના કરવા વિચાર્યું વળી, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સુએઝની નહેરથી માંડીને કરાંચી અને મુંબઈ સુધીનો ધોરી જલમાર્ગ જર્મન તથા જાપાનની સબમરીનોના ભયથી અસલામત બની જતાં, તથા ઈરાની અખાત અને રાતાસમુદ્ર ઉપરના દેશોને ખાંડ, અનાજ, કાપડ, સિમેન્ટ અને દીવાસળી વગેરેનો પુરવઠો મેળવવા હિંદુસ્તાન પર જ આધાર રાખવા જેવી સ્થિતિ હોઈ સિક્કા બંદરનો વ્યાપારી બંદર તરીકે તથા નૌકામથક તરીકે વિકાસ કરવાની ત્યારની બ્રિટિશ સરકાર તથા જામનગર રાજ્યને જરૂર જણાવા માંડી હતી. આથી જામનગરમાં નૌકાસૈન્યનું તાલીમકેન્દ્ર પણ શરૂ કરાયું હતું, તથા સલાયાની નાળ ઉપર બ્રિટિશ નૌકા કાફલાના રક્ષણ અને ઉપયોગ માટે જેટી બાંધવાનું પણ વિચારાયું હતું.

સિક્કાના વિકાસની શક્યતા લક્ષમાં લઇને ઈ. ૧૯૪૬માં જામનગર રાજ્યે બૉમ્બે પોર્ટ ટ્રસ્ટના ભૂતપૂર્વ ઈજનેર અને બંદરો અંગેના નિષ્ણાત જી. ઈ. બૅનેટની સિક્કાબંદરની તપાસ માટે નિમણૂક કરી. એમણે શાહી નૌકાદળના મોજણી-જહાજ 'પાથફાઈન્ડર'ની સહાય લઇને સિક્કાની દરિયાઈ મોજણી કરી બંદરના વિકાસ માટેના નકશાઓ અને અંદાજો તૈયાર કર્યા હતા. ઈ. ૧૯૪૫માં સંરક્ષણની દૃષ્ટિએ

કરાંચી અને મુંબઈની વચ્ચે એક નૌકામથક સ્થાપવાની બ્રિટિશ સરકારને જરૂર જણાતાં, અને આ અંગે 'પાથફાઈન્ડર'ના અહેવાલો અને તારણો ઉપયોગી લાગતાં વધુ તપાસ માટે સરકારે સર ગોડફ્રે આર્મસ્ટ્રૉંગના પ્રમુખપણામાં એક સમિતિ નીમી હતી. આ સમિતિએ ૧૯૪૫ના મે માસમાં પોતાનો અહેવાલ આપતાં કરાંચી અને મુંબઈ વચ્ચે નવું મેજર પોર્ટ ઊભું કરવા માટે સિક્કા બહુ જ અનુકૂળ હોવાની ભલામણ કરેલી. પરંતુ પછી તો તુરતમાં યુદ્ધ સંકેલાયું, બે વર્ષ બાદ તો દેશ પણ સ્વતંત્ર બન્યો. અને એ યોજના ખોરંભે પડી. આ પછી નાનાં બંદરોના વિકાસ અંગે તપાસ કરવા નિમાએલી 'નાંજુડિયાહ' સમિતિએ પણ સિક્કાને વિકસાવવા અંગે અનુકૂળ મત દાખવ્યો હતો. ફરી ૧૯૪૮માં સ્વ. શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના પ્રમુખપદ નીચે સ્થપાએલી 'વેસ્ટ કોસ્ટ મેજર પોર્ટ ડેવલપમેન્ટ કમિટી'એ સિક્કાના વ્યૂહાત્મક સ્થાનના મહત્ત્વની નોંધ લીધી હતી. પણ આસપાસનો વિસ્તાર વિકાસ માટે પૂરતો ન લાગવાથી સિક્કાને મહાબંદર તરીકે વિકસાવવાની ભલામણ કરી ન હતી. છતાં અનુકૂળ હવામાન, મોટી સ્ટીમરો પણ આવી શકે તેટલાં ઊંડાં પાણીની સગવડ, સુરક્ષિત બારું અને મીઠા પાણીની વિપુલતાની તેમણે પણ નોંધ લીધી હતી. ઈ. ૧૯૫૯માં હોલૅન્ડના રૉટરડામ બંદરના ડેપ્યુટી ડાયરેક્ટર પોસ્થામાએ સિક્કા બંદરની મુલાકાત લીધેલી. તેમણે પણ સારા કુદરતી ને સુરક્ષિત બારા તરીકે સિક્કાની ગણના કરી હતી. ઓટ વખતે યે ૩૦ ફૂટ (૧૦ મીટર)થી યે વધુ ઊંડું પાણી રહેતું હોવાથી અઢી માઈલ એટલે કે ચારેક કિ. મી. દૂરના ઍન્કરેજ પાસે વેપારી બંદર તરીકેની સગવડો ઊભી કરવા તથા મુંબઈના બદલે અહીં નૌકામથક વિકસાવવાનું સૂચન કર્યું હતું. ભારત સરકારની મધ્યમ કક્ષાનાં બંદરો માટેની સમિતિએ તેમનો અહેવાલ ૧૯૬૦માં પ્રસિદ્ધ કરેલો. અહીંના કુદરતી બંદરથી અઢી માઈલ (સવાચાર કિ.મી.) દૂર ૪૨ ફૂટ (૧૪-૧૫ મીટર ઊંડું) પાણી છે, પણ પાણીથી સૂકી જમીનનું અંતર પાંચેક માઈલ (લગભગ ૮.૫૦ કિ. મી) દૂર હોઈ ત્રીસેક ફૂટના પુરાણની જરૂર એમણે જણાવેલી. વળી, એમણે ૧૯૫૭–'૫૮માં આ બંદરેથી ૧,૭૩,૦૬૦ ટન સિમેન્ટની નિકાસના આંકડા જોઈ ભવિષ્યમાં સિમેન્ટનું ઉત્પાદન વધવાથી તે નિકાસ સાડાત્રણ લાખ ટન થવાનું પણ અંદાજેલું. ૧૯૬૪માં ગોડફ્રે આર્મસ્ટ્રૉંગ કમિટીએ પણ ૩૦ ફૂટના ડ્રાફ્ટવાળી ને ૬૦૦ ફૂટની લંબાઈ સુધીની સ્ટીમરો માટે સિક્કા બંદરનો વિકાસ સાધવા ભલામણ કરી હતી. આમ, આ બંદરને વિકસાવવા માટે અનેક ભલામણો થવા છતાં પછી એ અંગે કંઈ પગલાં લેવાયાં નહિ અને હજી યે સિક્કા બંદર પ્રતિ પૂરતું લક્ષ લેવાતું જણાતું નથી.

સિક્કા બંદરે કાંપ જામવાનો પણ પ્રશ્ન નથી. ઇ. ૧૮૫૧માં અને તે પછી ૧૯૪૩માં શાહી નૌકાદળે દરિયાઈ મોજણી કરી હતી. આ ૮૨ વર્ષના ગાળા દરમિયાન અહીં કાંપનો જમાવ થતો જણાયો નથી, તથા કાંપ ખેંચી લાવે એવી કોઈ નદીનું મુખ પણ અહીં નથી, એટલે કાંપનો ભય અસ્થાને છે. અહીં હવામાનખાતાનું મથક ન હોઇ ઉષ્ણતામાન, પવનનો વેગ તથા વરસાદ અંગે ચોક્કસ આંકડા તો સુલભ નથી, પણ બેડીબંદર સિક્કાની નજીકમાં જ હોઇ ત્યાંના આંકડા અહીં પણ લાગુ પાડી શકાય. બેડીબંદરમાં જાન્યુઆરીમાં સરેરાશ ૭૯.૧° ફે., અને મે-જૂનમાં ૯૭.૫° ફે.થી ૯૫.૯° ફે. જેટલું ઉષ્ણતામાન રહે છે. વરસાદના કુલ ૨૨ દિવસો જ છે અને સરેરાશ ૧૮.૫૬ ઈંચ (લગભગ ૪૬ મિ.મી.) જેટલો વરસાદ પડે છે. આથી બંદર ઉપર માલની હેરફેર માટે દેશનાં બીજાં મોટાં બંદરોની સરખામણીમાં વધુ દિવસો મળે છે. આ તરફ વરસાદ મોટે ભાગે જુલાઇ માસમાં પડે છે. એટલે જુલાઇના દસ-પંદર દિવસો બાદ કરતાં બાકીના બધા દિવસોએ અહીં બંદરી કામકાજ થઈ શકે છે. કચ્છ-સૌરાષ્ટ્રના આ તરફના કિનારે બારે માસ વાતા પવનોનો વેગ કલાકે ૫ થી ૧૦ માઈલ (લગભગ ૮ થી ૧૭ કિ.મી.) હોય છે. ઉનાળા-ચોમાસામાં એ વેગ વધીને ક્યારેક લગભગ ૫૫ માઇલ (૨૪ કિ.મી.) જેટલો થાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ પ્રદેશ વાવાઝોડાનો ભોગ બનતો રહ્યો છે. પરંતુ સિક્કાના બારામાં તેની ખાસ કોઈ માઠી અસર પડી જણાઈ નથી, કારણ ગુઝ અને ડેરી વગેરે ખડકશૃંખલાઓ બંદરને સારું રક્ષણ આપે છે. પૂનમ-અમાસની મોટી ભરતીમાં ૨૦ ફૂટ જેટલું પાણી ચડે છે, જ્યારે આઠમની ભરતીમાં ૧૩ ફૂટ. ઓટ વખતે આ પ્રમાણ અર્ધો ફૂટ અને સાડા સાત ફૂટ છે. એટલે ભરતીને લીધે વધારે ડ્રાફ્ટની સ્ટીમરો પણ સહેલાઈથી કિનારા નજીક આવી શકે છે. બહુ વધુ મોટી સ્ટીમરો ઍન્કરેજ (લંગર સ્થાન) પાસે મધદરિયે લંગર નાખે છે અને ત્યાંથી બજરા ને હોડી મારફત માલનું વહન થાય છે. કિનારાથી દરિયા તરફ ઢાળ હોઇ સમુદ્રતળ ઉપર જેટીનું બાંધકામ સરળતાથી અને કરકસરથી થઈ શકે તેમ છે. દિગ્વિજય સિમેન્ટ કંપનીએ ઊંડા પાણીમાં ત્રણ ઢળતી દીવાલો બાંધીને બાર-પંદર હજાર ફૂટ લાંબો રોપ-વે બાંધ્યો છે, જેના દ્વારા સિમેન્ટને સ્ટીમરમાં ચડાવવો સરળ બન્યો છે. અગાઉ અહીં રેલવેની સગવડ નહોતી, પણ હવે (૧૯૪૭ના એપ્રિલથી) સિક્કા કાનાલુસ–જામનગર સાથે રેલવેથી જોડાએલું છે. ૧૯૫૫ની ૧૬ ડિસેમ્બરથી કાટકોલા-ગોપ લાઇન દ્વારા ચૂનાના પથ્થરોને સિક્કા પહોંચાડવાની સગવડ પણ થઈ છે. આમ, રેલવેની સગવડ થતાં સિક્કા ઓખા, રાજકોટ, વીરમગામ, ધોળા, પોરબંદર વગેરે સહિત સૌરાષ્ટ્રનાં ઉત્તર અને પશ્ચિમ તરફનાં મોટા ભાગનાં વેપારી કેન્દ્રો સાથે સંકળાયું છે. આજ રીતે રાષ્ટ્રીય ધોરી માર્ગ સાથે પણ તે જોડાઈ શક્યું છે. સૌરાષ્ટ્ર રાજ્યના શાસન દરમિયાન અહીં ૧૬૦૦૦ મૅગાવૉટનું વિદ્યુતમથક પણ ઊભું થએલું છે, અને તાર-ટેલિફોનની પણ પૂરતી સગવડ સિક્કાને છે જ. મીઠા પાણીની અહીં પૂરતી સગવડ છે. નજીકમાં જ ચિરોડી, બૉક્સાઈટ, ચૂનાના પથ્થર, મીઠું, માટી વગેરે પણ સારા એવા પ્રમાણમાં સુલભ હોઇ સિમેન્ટ ઉપરાંત રસાયણ-ઉદ્યોગના વિકાસ માટે યે પૂરતી તક છે. ઈ. ૧૯૪૯માં અહીં દિગ્વિજય સિમેન્ટ ફેક્ટરીની સ્થાપના થઇ ત્યારે આરંભમાં એક લાખ ટન સિમેન્ટનું ઉત્પાદન થતું, તે હવે વધીને સાડા આઠ લાખ ટને પહોંચ્યું છે, અને હજી યે વધી શકે તેમ છે. અહીં નજીકમાં મીઠાનું એક મોટું કારખાનું છે, અને અહીંથી મીઠાની નિકાસ થાય છે. ૧૯૫૨ પછી મત્સ્યોદ્યોગનો ય અહીં વિકાસ થયો હોઇ હાલમાં ગુજરાત સરકારે અહીં કલ્ચર મોતી ઉપજાવવાની પણ એક યોજના કરી છે. સ્ટીમર અને વહાણોના સમારકામ માટે ડ્રાય ડૉકની પણ અહીં સગવડ છે. ઊંડાં પાણીવાળાં સુરક્ષિત બારાંની સગવડને કારણે દશથી પંદર હજાર ટનનાં જહાજો બાંધવા માટે પણ આ એક આદર્શ સ્થળ હોઈ કેટલાક પોલીશ નિષ્ણાતોએ અહીં એ ઉદ્યોગ પણ વિકસાવવા સૂચન કર્યું હતું.

સિક્કા બંદરનો હાલ જે વિકાસ જોવા મળે છે તે સ્વાતંત્ર્ય બાદ અહીં સિમેન્ટ અને મીઠાના ઉદ્યોગની સ્થાપના પછી થએલો છે. સન ૧૯૭૦થી '૭૫ દરમિયાન આ બંદરેથી સરેરાશ ૮૮,૬૯૨ ટન સિમેન્ટની નિકાસ થઈ હતી. ૧૯૬૮–'૬૯ થી '૭૨–'૭૩ દરમિયાન સરેરાશ ૨,૪૦,૬૨૫ ટન સિમેન્ટ અને સિમેન્ટના ગઠ્ઠાની નિકાસ થએલી. '૭૬–'૭૭માં સિમેન્ટ અને મીઠાની કુલ નિકાસ ૪,૭૪,૮૪૨ ટનની હતી. '૭૭–'૭૮માં ૨,૬૮,૦૮૩ ટન સિમેન્ટની નિકાસ થઈ. તે પછી ભારતમાં સિમેન્ટની તંગી જણાતાં '૭૮ થી '૮૧ દરમિયાન ઘટીને સરેરાશ ૭૦૮ ટન જેટલી થઈ ગઈ હતી. સિમેન્ટ અહીંથી મોટે ભાગે મધ્ય પૂર્વના દેશોમાં જાય છે. આમાં જાપાન અને કોરિયાની સ્પર્ધા પણ આપણને

નડે છે. આમ છતાં, અહીંથી ભારતના જ અન્ય ભાગોમાં '૭૭ થી '૮૧ દરમિયાન સરેરાશ ૧,૨૭,૮૬૩ ટન જેટલા સિમેન્ટના ગફા નિકાસ કરાયા હતા. મીઠું અગાઉ જાપાન જતું હતું, પણ હાલમાં એ નિકાસ બંધ છે. હવે તે કલકત્તા મોકલાય છે. આયાતમાં અહીં કોલસા, શણના કોથળા તથા પરચૂરણ માલ મુખ્ય હતો. રેલમાર્ગે કોલસાની આયાત અનિયમિત બનતાં સિક્કાના પાવરહાઉસ તથા સિમેન્ટ ફેક્ટરી માટે દરિયાઈમાર્ગે કોલસો લાવવો પડતો હતો. વળતાં એ લાવનાર સ્ટીમરો અહીંથી મીઠું કલકત્તા લઈ જતી. પણ આ વહેવાર અનિયમિત છે. ૧૯૭૬-'૭૭ પછી અહીં પેટ્રોલિયમની પેદાશોની આયાત શરૂ થઈ છે. ૧૯૭૬-'૭૭ થી ૧૯૮૦-'૮૧ દરમિયાન સરેરાશ ૧૫,૩૬,૦૪૦ ટન મૉબિલ ઑઈલ અને ૨,૪૦,૬૨૫ ટન અન્ય માલ અહીં ઊતર્યો હતો. આમ, સિક્કાનો વેપાર સિમેન્ટ, મીઠું, પેટ્રોલિયમની પેદાશો પર આધારિત છે. પણ મુખ્યત્વે સિક્કા નિકાસ માટેનું બંદર છે.

સન ૧૯૬૪-'૬૫માં સિક્કાની કુલ આયાત-નિકાસ ૪૭,૮૮૫ ટનની હતી, તેમાં આયાત તો માત્ર ૨,૬૩૯ ટનની જ હતી. '૭૧-'૭૨માં આ આંકડો વધીને ૩,૭૩,૦૦૦ ટન થયો હતો. ૧૯૭૬-'૭૭ અને '૭૭-'૭૮ સુધી આ વિકાસ ચાલુ રહ્યો અને ૪,૭૪,૪૯૨ તથા ૪,૦૪,૪૯૩ ટન માલની આયાત-નિકાસ થઈ. તે પછી મીઠું અને સિમેન્ટની નિકાસ ઘટતાં '૮૦-'૮૧માં આ આંકડા ઘટીને ૧,૮૬,૧૮૧ જેટલા થઈ ગયા. '૭૬-'૭૭ અને '૭૭-'૭૮માં ગુજરાતનાં બંદરોમાં ઓખા પછી બીજું સ્થાન સિક્કાનું હતું, તે '૭૮-'૭૯માં પાંચમું અને '૮૦-'૮૧માં સાતમું થઈ ગયું. હાલ સિક્કાનો વેપાર મુખ્યત્વે કલકત્તા-મુંબઈ સાથે રહ્યો છે.

સિક્કાનો બંદરી વ્યવહાર મુખ્યત્વે સ્ટીમરો દ્વારા થાય છે. સન ૧૯૭૧-'૭૨માં અહીં ૧૧૧ વહાણોએ ૧.૬૬ ટકા જેટલા માલની હેરફેર કરેલી. બીજે વર્ષે ૧૪૭ વહાણો અહીં આવેલાં અને તે પછીના વર્ષે ૧૧૧ વહાણો દ્વારા કેવળ ૪૫૫ ટન માલની હેરફેર થઈ. આમ, વહાણો દ્વારા માલની હેરફેર ઘટતી રહી છે.

ઈ.૧૯૭૧-'૭૨માં નિકાસ દ્વારા ગુજરાત રાજ્યે જે ૫૮,૯૨,૪૦,૫૨૫ રૂપિયાના હૂંડિયામણની કમાણી કરી હતી તેમાં સિક્કાનો ફાળો ૧,૪૬,૮૧,૭૬૫ રૂપિયાનો હતો. બીજે વર્ષે આ રકમ ઘટીને ૭૫,૪૭,૯૫૯ની થઈ. સિમેન્ટ અને મીઠાની ઘટેલી નિકાસ તેમાં કારણભૂત હતી. ઈ. ૧૯૭૭-'૭૮માં સિક્કા બંદરે ૬,૨૪,૦૬,૨૨૩ રૂપિયાનું હૂંડિયામણ કમાવી આપ્યા પછી સિમેન્ટ ને મીઠું પરદેશ જતું બંધ થતાં ખાસ કંઈ આવક થઈ નહિ. સિક્કા બેડી-સમૂહનું બંદર છે, અને આ સમૂહે '૭૮-'૭૯માં રાજ્યને ૧૪૦ લાખ રૂપિયાની આવક કરી આપી હતી. આ આવક તે પછીનાં બે વર્ષમાં વધીને ૧.૭૭ અને ૧૮૬ લાખની થએલી, જેમાં સિક્કાનો ફાળો બેડી અને ઓખા પછી ત્રીજા ક્રમે હતો.

આમ, આપણે જોયું તેમ સિક્કા બંદરનો વેપાર મુખ્યત્વે સિમેન્ટ, મીઠું અને ક્રુડ ઑઈલ તથા કોલસા ઉપર આધારિત છે. પરચૂરણ માલ-સામાન મોટે ભાગે મુંબઈ બંદરે ઊતરે છે. પરંતુ સિક્કાના વિકાસ તરફ પણ પૂરતું લક્ષ અપાય તો અહીંનો વ્યવહાર વધી શકે તેમ છે. ભરતી વખતે માત્ર આઠ જ કલાક કામમાં લઈ શકાતા બેડી જેવા મૃતવત્ બંદર પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે, જ્યારે બંદરને યોગ્ય વધુ સગવડો ધરાવતા સિક્કાને ગોડાઉન, બજરા, ક્રેઈન વગેરેની સામાન્ય જેવી પૂરતી સગવડો પણ નથી, તે વધારી આપવી અયોગ્ય નહિ ગણાય. અહીં જે જેટી અને રોપ-વે છે તે પણ ખાનગી કંપનીના છે. સિક્કાની જેમ ઓખા અને પીપાવાવ બંદરો પણ વિકાસ માટે પૂરતી ક્ષમતા ધરાવનારાં, અને જો એ યોગ્ય રીતે વિકસાવાય તો સવિશેષ લાભપ્રદ બની શકે તેવાં બંદરો પ્રત્યે ઉપેક્ષા સેવાતી દેખાય છે; જ્યારે મગદલ્લા અને જાફરાબાદ જેવાં બંદરોમાં તદ્દન નવી સગવડો ઊભી કરવા કરોડો રૂપિયા ખર્ચાય છે. આ ખર્ચ વધુ કુદરતી સવલતોવાળાં જૂનાં બંદરોની સગવડો વધારવા પાછળ કરવામાં આવે તો એ પ્રમાણમાં વધુ સારી રીતે ઊગી નીકળે તેમ લાગે છે. પરંતુ આવું નહિ થતું હોવા પાછળ બેડી, જાફરાબાદ વગેરેમાં જે કારણે સવિશેષ રસ લેવાઈ રહ્યો હશે તેવાં જ કારણો કદાચ અહીં પણ ભાગ ભજવતાં હોઈ શકે. □

લઘુકથા

ઘરકૂકડી

રમેશ ત્રિવેદી

સવારે ઊઠી ઝટપટ નાહી પરવારી ચમને ભગવાનના ગોખમાં દીવો કર્યો અને માળા ફેરવવા બેઠા, એવામાં એની પાંચ વરસની દીકરીના શબ્દો કાને પડ્યા:

'બા, મંછામાસી દ્વારકા ગયાં...'

થઈ રહ્યું. પછડાતી સાણસીના અવાજ સાથે પત્નીની વરસો જૂની અકળામણની વાચા વહેતી થઈ ગઈ, 'તે જાય જ ને, દીકરી! બધાંય જશે. એક આપણે જ આ ઘરમાં ઘરકૂકડી થઇને રે'વાનું. તારા બાપાને કે દા'ડાની કહ્યા કરું છું, હા હા કહે છે, પણ હવે તો લાકડા ભેળી થઈશ ત્યારે...પિયરમાં એક મા હતી ત્યાં સુધી તો...'

ચમનની માળા પળ બે પળ થંભી ગઈ. પત્નીની ફરિયાદ ખોટી પણ નહોતી, પણ કરવું શું? ટૂંકો પગાર અને ઘરનો ખરચો એને ક્યાંય બહાર જવા દે તેમ નહોતો. એણે ફરી માળામાં મન પરોવ્યું, પણ આજે એનું ચિત્ત તેમાં ચોટ્યું નહિ. પત્ની હજી બબડતી હતી: '...નસીબ અવળાં...હવે તો આવતે ભવ અંબાજી ને દ્વારકા...'

મૂગે મોંએ ચમને માળા પૂરી કરી. ઝટપટ ચા પી, ભાતાની ડબરી બંધાવી નોકરીએ જવા ઘરની બહાર નીકળી ગયો. સાંજે ઘેર આવ્યો ત્યારે ઉલ્લાસથી એનું મોં મરકતું હતું. આવતાં જ એણે પત્નીને કહ્યું: 'લે હેંડ, ઝટ થાળી કર, ને પછી થોડું ભાતું કરી નાખ. સવારની બસમાં આપણે અંબાજી જાવું છે.'

આભી થઈ પત્ની ઘડીભર તો તેના મરકતા મોં સામે તાકી રહી, પછી ધીરેથી પૂછ્યું, 'એમ અંબાજી ક્યાંથી જવાશે? ઘરમાં પૈસા ક્યાં છે એટલા?'

'હોવે, એ બધુંય થઈ પડશે. તું ચિંતા ન કર.'

'ક્યાંકથી લીધા લાગે છે પૈસા. ક્યાંથી લાવ્યા?'

'દાસભૈ પાસેથી સો લાવ્યો છું ને બીજા થોડાક...'


'પછી પાછા ક્યાંથી લાવીને આપશો? હજી તો દાણા લાવવાનાય બાકી છે. આ છોડીનું ફરાક ફાટી ગયું છે. બે ય છોકરાવની ચડ્ડીઓ...'


'એ બધું ય થશે. તું તારે હેંડ...' ચમનના ઢીલા પડતા અવાજમાં વાસ્તવિકતાનો ઓછાયો ઘેરાયો.

'તમ તમારે જાવું હોય તો એકલા જઈ આવો. મારે નથી આવવું...'

'પછી કાલે ઊઠીને કે'તી નહિ કે હું તો ઘરકૂકડી જ રહી...' ચમનનો અવાજ થોડો વધુ ભીનો થઈ ઓશિયાળો બની ગયો. એની સામે તકાઈ રહેલી પત્નીની આંખો સહેજ હસી ઊઠી. જાણે કહેતી હતી, 'નહિ કરું, બસ! તમારો આટલો ભાવ છે, પછી...'


અને પત્નીના ચહેરા પર ચારેય ધામની યાત્રા કરી હોય તેવા સંતોષના ભાવને ચમન મૂગે મોંએ તાકતો રહ્યો. □






કોયડી

△ ઉપર આપેલી ટપકાંવાળી ત્રણ આકૃતિઓમાં પહેલી આકૃતિ ૨૫ ટપકાંવાળા એક ચોરસની છે. તેમાંનાં ૧૨ ટપકાંઓને સીધી લીટીઓથી એવી રીતે જોડો કે તેનાથી બધી જ સરખી બાજુઓવાળો ક્રૉસ જેવો એક આકાર બને, અને તે ક્રૉસની અંદર પાંચ તથા તેની બહાર આઠ ટપકાં રહે. ◖ બીજી લંબચોરસ આકૃતિની અંદર કેટલાંક ટપકાં છે. આ લંબચોરસની એકે ય બાજુને સમાંતર (પૅરેલલ) ન હોય તે ચાર લીટીઓ એવી રીતે દોરો કે જે એકબીજીથી સરખા અંતરે દૂર હોય અને એકબીજીને પૅરેલલ (સમાંતર) હોય અને તેનાથી લંબચોરસના જે પાંચ ભાગ પડે તે દરેક ભાગમાં બબ્બે ટપકાં હોય. ◖ ત્રીજી ચોરસ આકૃતિમાં ૧૦ ટપકાં આપ્યાં છે. એ દરેક ટપકાને આવરી લે તે રીતે, હાથ ઉપાડ્યા વિના ચાર સીધી લીટી દોરી શકશો ? ◖ જમણી બાજુ ગંજીફાનાં નવ પાનાં આપ્યાં છે. આમ તો આંકડા આપવાથી યે ચાલે પણ ગમ્મત ખાતર અહીં પાનાં લીધાં છે, જેમાં લાલનાં ત્રણ પાનાં – ૮, ૫ અને ૨ સિવાય દરેક હારમાં બબ્બે પાનાં ઊંધાં છે. સવળાં ત્રણ પાનાં – ૮, ૫, ૨ નો સરવાળો ૧૫ થાય છે. એ જ રીતે ઊંધાં પાનાંને સવળાં કરતાં આડી, ઊભી કે તીરકસ (ત્રાંસી – ૮, ૫, ૨ ની જેમ) હારનાં પાનાંનો સરવાળો પણ ૧૫ થાય છે. તો તમે એ છ યે ઊંધાં પાનાં ક્યાં હશે તે કહી શકશો ? જેટલી ઝડપથી કહી શકો તેટલું તમારું ગણિત પાકું.





ગંજીફાનાં પાનાંઓથી તમે પરિચિત ન હો એવું તો ન જ હોય. એટલે તમે એ પણ જાણો જ છો કે તેમાં દરેક ભાતના દાણાની ગોઠવણી સામાન્યતઃ એક સરખી જ હોય છે. અહીં ડાબી બાજુ કુલ્લીના દસાનાં પાંચ, લાલના નવાનાં પાંચ અને કાળીના અઠ્ઠાનાં પાંચ એમ કુલ ૧૫ પાનાં ત્રણ હારમાં આપ્યાં છે. આ દરેક હારમાં એકએક પાનું જ સાચી રીતે છપાએલું છે, અને બાકીનાં ચારચાર પાનાંમાં કંઈ ને કંઈ ભૂલ છે. તો એ સાચાં છપાએલાં ત્રણ પાનાં ખોળી કાઢો. ◖ જમણી બાજુ છ યે પાનાંનો થોડોથોડો ભાગ કાપીને અવળો કરી ફરી ચોંટાડી દીધો છે. આ કાપેલા ભાગમાં દેખાતા દાણાના આધારે તમે કહી શકશો કે તે છ યે પાનાં કયાં છે? (બધાનો ઉકેલ પૃષ્ઠ ૯૮ પર આપ્યો છે.)

ઔષધીય વનસ્પતિ–૯

ભાંગરો

પવનકુમાર જૈન



ભાંગરાનો છોડ
તથા નીચે તેનું એક
પાન અને ફૂલ

ઔષધીય વનસ્પતિઓમાં ભાંગરો બહુ જાણીતું નામ છે. તેની 'ભૃંગરાજ તેલ' નામની બનાવટના લીધે પણ આ વનસ્પતિનું નામ પરિચિત છે. પણ જોયે તેને કદાચ ઓછા લોકો ઓળખતા હશે. હિંદીમાં ભંગરા, મરાઠીમાં માકર, ભાંગરા અને સંસ્કૃતમાં ભૃંગરાજ, માર્કવ, પિતૃપ્રિય વગેરે નામે તે ઓળખાય છે. Eclpta alba (L.) Hyssk એ તેનું શાસ્ત્રીય નામ છે.

ભાંગરાના છોડ ૧૫ થી ૪૫ સે.મી. ઊંચા વધે છે ને ટટ્ટાર ન રહેતાં બહુધા જમીન તરફ ઢળી જતા હોય છે. એની ડાંખળીઓ ચળકતી લીલી, કાળાશ પડતી કે જાંબલી ઝાંય લેતી હોય છે.

ભાંગરાનાં પાન બંને છેડે સાંકડાં ને કરકરી કિનાર લહેરિયાંવાળાં હોય છે. ચોળવાથી તેમાં કાળાશ પડતો લીલો રસ નીકળે છે, જેની વાસ તીખી ને સ્વાદ પ્રથમ ચરપરો ને પછી કડવો લાગે છે.

ભાંગરાનાં ફૂલ શ્વેત રંગની ઝીણીઝીણી અનેક પાંખડીઓવાળાં ને કદમાં પાંચેક મિલિમીટરના કે પાએક ઇંચના વ્યાસનાં હોય છે, ને બારે માસ આવતાં રહે છે.

તેના ફળનો આકાર નીચેથી સાંકડો ને મથાળે પહોળો તથા ચપટો હોય છે. રંગે કાળાશ લેતાં આ ફળની વાસ પણ ઉગ્ર અને સ્વાદ ચટપટો ને તેલિયો લાગે છે.


ભાંગરાના છોડ કાદવવાળી કે દરિયાકાંઠાની રેતાળ ભીની જમીનમાં, નદીતળાવ કે કૂવાના કાંઠે, ધોરિયાની પાળે અને સુકાતાં ખાબોચિયાંમાં સારી પેઠે ઊગે છે.

ઔષધીય ગુણોને કારણે ભાંગરો અનેક ઉપચારોમાં વપરાય છે.

ઝીણો તાવ કે હાડક્યર તરીકે ઓળખાતા જીર્ણ જ્વરમાં સવાર-સાંજ ભાંગરાનો એકએક ચમચી તાજો રસ રૂપિયા ભાર મધ સાથે એકાદ માસ લેવાથી આરામ થાય છે.

લીવર એટલે કે યકૃત (કાળજું) બરાબર કામ ન કરતાં પાચનક્રિયા મંદ પડી ગઈ હોય ને લોહીમાં લાલકણો ઘટી ગયા હોય તો તેમાં પણ ઉપર પ્રમાણે ભાંગરાનો રસ પ્રયોજી શકાય છે.

છાતીમાં કફ ભરાઈ જઈ સસણીનો અવાજ સંભળાતો હોય, ખાંસી આવવા છતાં સહેલાઈથી કફ બહાર આવતો ન હોય તેવી સ્થિતિમાં પણ ઉપર પ્રમાણે ભાંગરાનો રસ સવાર-બપોર-સાંજ લેવાથી કફ છૂટો પડે છે. બાળકોને માટે આથી અર્ધી માત્રામાં અને ધાવણાં બાળકને બે-ત્રણ ટીપાં જેટલા પ્રમાણમાં આપવાથી બે-ત્રણ દિવસમાં જ સારું પરિણામ મળે છે.



મોંમાં ચાંદાં પડ્યાં હોય તો સવાર-સાંજ ભાંગરાનાં બેત્રણ તાજાં પાન ચાવીને થૂંકતા જવું. આનાથી મોંનાં ચાંદી-ચાંદાં મટી જાય છે.


પણ ખરતા વાળ માટે ભાંગરાનો ઉપયોગ વિશેષ જાણીતો છે. 'ભૃંગરાજ તેલ' નામે ભાંગરાનું તેલ બજારમાં તૈયાર પણ મળે જ છે. ઘેર બનાવવું હોય તો ભાંગરાનાં ડાળ-પાન ખાંડીકૂટીને નીચોવી લઈ તેનો વસ્ત્રગાળ રસ એકઠો કરવો. નગોડના તેલની જેમ આશરે બે કિલોલીટર રસ ૨૫૦ મિ. લી. જેટલા તલના તેલમાં મેળવી ધીમા તાપે ઉકાળવો. બધો રસ બળી જાય એટલે એ તેલ ઠારી લઈ ગાળીને ઉપયોગમાં લેવું. અલબત્ત, બાલને હિતકારી એવાં અન્ય દ્રવ્યો પણ આ તેલમાં ઉમેરાય જ છે. વાળને ખરતા અટકાવીને વધારવા માટે તેનો બહોળો ઉપયોગ થાય છે.

વિશેષ નોંધ : વગર વિચાર્યે બોલી નાખીને વાતમાં ગોટાળો કરવો કે કોઈ ભેદ ઉઘાડો પાડી દેવો યા મૂર્ખતાથી છબરડો કરવા માટે 'ભાંગરો વાટવો' એવો શબ્દપ્રયોગ જાણીતો છે. આના મૂળમાં ભાંગરો કે ભાંગ એ બેમાંથી શું અભિપ્રેત હશે એ તો ખબર નથી, પરંતુ ભાંગના પ્રતાપે બોલવામાં બફાટ થઈ જવાનો સંભવ વિશેષ હોઈ કદાચ એનો જ નિર્દેશ હશે. ભાંગ માટે 'ભાંગડો' નામ પણ વપરાય છે જે બોલવામાં 'ભાંગરો' બની ગયું હોય. ભાંગરો જેમજેમ વટાય તેમતેમ તેની વાસ વધતી જાય છે, તેમ માણસ બોલબોલ કરીને વધુ ને વધુ ઉઘાડો પડે છે એ અર્થથી પ્રેરાઇને પણ આ શબ્દપ્રયોગ પ્રચલિત બન્યો હોય. એ તો જે હોય તે, પણ ચોમાસામાં જ્યાં વધુ પાણી (અનુ૦ પૃષ્ઠ ૯૮)



શતરંજ-કૉમ્બિનેશન . . . સુરેશ મોદી

Holzl



Eliskases

White to play and win

અહીં દર્શાવેલી સ્થિતિમાં બંને પક્ષે સરખાં મહોરાં છે, પણ સફેદ પાસે કોયડાની ચાવીની ચાલ જેવી સરસ આકર્ષક અને આશ્ચર્યકારક ચાલ છે: 1 R–Q5!!

સફેદ હાથીનો ભોગ આપે છે. કાળો તેને ત્રણ જુદાંજુદાં મહોરાંથી મારી શકે તેમ છે. અહીં કોયડાની જેમ ત્રણ સરસ વિકલ્પો છે:

1..., R×R; 2Q–B8 mate કે 2Q–K8 mate

1..., **P×R; 2Q×Rch**(પ્યાદુ હવે વજીરના તેના Q1 ખાના પરના કાબૂની વચ્ચે આવે છે), **R–K1, 3Q×R mate.**

1..., **Q×R; 2Q–B6 mate.**

આ વિકલ્પો જોતાં, કાળો શું કરે?

1..., **Resigns** કરવા સિવાય બીજો કોઈ માર્ગ નથી.

આ સ્થિતિની વધુ છણાવટ કરીએ. અહીં સફેદ પાસે આના જેવી બીજી પણ એક ચાલ હતી, જેનાથી એ તુરત જીતી શકત. જો આ ખાસ રચેલો કોયડો હોત તો આવી બીજી ચાલ એ કોયડાની ખામી ગણાત. પણ રમતમાં તો જેમ વધારે રીતે જીતી શકાતું હોય તેમ બાજી વધુ સબળ ગણાય. બેમાંથી એક રીત રમતમાં અપનાવીને બીજી નોંધમાં 'આ રીતે પણ જીતી શકાતું હતું'' એમ જણાવીને ખેલાડી બેવડો લાભ લે છે. તો જીતવાની એ બીજી રીત કઈ હતી? જુઓ–

1 R–K5! અહીં પણ હાથીનો ભોગ. આ વખતે તેને મારવાની બે રીત છે: (૧) 1..., Q×R; 2Q×R mate. (૨) 1..., R×R; **2Q–B6 mate.** જો કાળો હાથીને ન મારે તો સફેદ પાસે કઇ ધમકી છે? 2 R×R, Q×R; 3Q×R **mate** તેમજ **2Q–B6 mate.** આ બંને સામે કાળા પાસે સુંદર બચાવ છે તેથી આ રીત વધુ આકર્ષક બને છે. 1..., R–B5! આની સામે સફેદ 2Q–N5 રમીને 3Q–N7થી મ્હાતની ધમકી આપે છે, પણ સફેદ પાસે યે સુંદર ચાલ–2..., Q×Pch. આ વિકલ્પમાં રમત કેમ આગળ વધે તે આપણે જોઇ લઇએ–

1R–K5, R–B5; 2 Q–N5, Q×Pch; 3K–R2, Q×Rch; 4 K×R, R–KN1; 5Q×Rch, K×Q; 6K×R, અને સફેદ પાસે એક હાથી વધુ હોવાથી તે સહેલાઇથી જીતે.

અનુસંધાન] **ઉના–દેલવાડા** [પૃષ્ઠ ૮૮થી

મૂકી દે તેવાં છે! ત્રણ મુખવાળું આ મસ્તક, એની બહાર નીકળતી આંખો, ઊભા ઓળેલા કેશ અને ઉપરનું ગુંફન ગુજરાતમાં પ્રાપ્ત નમૂનાઓમાં વિરલ છે. આ મસ્તકનો ખાસ અભ્યાસ થવો જોઇએ અને તેને તાત્કાલીક કોઈ સંગ્રહાલયમાં રક્ષિત કરવું જોઇએ. ધડનો નમૂનો પણ વિશિષ્ટ છે. આખી કફની, ગળામાં રુદ્રાક્ષ જેવી માળા ને શુંગકાલીન શિલ્પોમાં જોવા મળે છે તેવાં વસ્ત્રનાં છોગાં. સૌરાષ્ટ્રના છેક દક્ષિણકિનારે આવા નમૂનાની પ્રાપ્તિ ખાસ ઉલ્લેખનીય બને છે.

અજારાથી સિદ્ધનાથ જતાં રસ્તામાંનો હવાડો, હાથીના મસ્તક રૂપે ઘડેલા પથ્થરનો બનેલો છે. બાજુના શીતળામંદિરમાં શીતળા તરીકે પૂજાતું મોટું મસ્તક મૂળમાં કોઈ બુદ્ધમૂર્તિનું હોય તેમ લાગે છે! હવાડો પણ સ્પષ્ટતઃ બૌદ્ધ અવશેષ છે. એક કાળે અહીં બૌદ્ધોની બોલબાલા હશે. બૌદ્ધ હટાવી શૈવ અને હાલ અજારામાં જૈન જીવંત છે. શક્ય છે કે ત્રણેય ધર્મો અહીં એકસાથે વિકસેલા હોય. લુખ્ખી વેરાન પ્રકૃતિ અને પુરાતત્ત્વના મૂલ્યવાન અવશેષોને માણવા ચાહનારે આ પ્રવાસ કરવા જેવો છે.

દેલવાડાની બાજુમાં જ આછીપાંખી વનશ્રીથી આવૃત્ત ગુપ્તપ્રયાગનું પુણ્યતીર્થ આવેલું છે. વલ્લભ, સહજાનંદ આદિ વૈષ્ણવાચાર્યોનાં પદ્ચિહ્નથી અંકિત આ ભૂમિ એનાં ખખડી ગયેલાં મંદિરો અને જલકુંડોને કારણે દર્શનીય છે. લગભગ બધા હિન્દુ સંપ્રદાયો અહીં એકસાથે જોવા મળે છે. 'પ્રયાગ' એટલે ગંગા યમુના સરસ્વતી તો ખરાં જ, એ ઉપરાંત તેની સાથે ઇન્દ્રની કથા પણ જોડાયેલી છે. પેલી શિવજીના લિંગવાળી મિથ અહીં આગળ ચાલે છે: બ્રાહ્મણોએ શિવજીના લિંગને ઉન્નત કરી સ્થાપિત કર્યું, આ લિંગનાં દર્શનથી બધાં સ્વર્ગમાં જવા લાગ્યાં! ઇન્દ્રને ચિંતા થઈ, તેણે લિંગ ઉપર વજ્રાઘાત કર્યો, બ્રાહ્મણો ઇન્દ્ર પાછળ પડ્યા. સમાધાન એવી રીતે થયું કે ઇન્દ્રે આ ધરતીને ગુપ્તપ્રયાગની ભેટ આપી, શંકરે વિશ્વકર્માને આદેશ આપી બ્રાહ્મણો માટે 'ઉન્નતપુર'નું સર્જન કર્યું અને શિવલિંગનું તેજ મૂળ ચંડીશના લિંગ રૂપે યથાવત્ સ્થિર થયું! હવે પ્રશ્ન રહ્યો વજ્રના ઘાનો! કહે છે કે વજ્રઘાને ભવાનીમાતાએ ઝીલી લીધો. ભવાનીનું માથું ધડથી જુદું કરી વજ્ર સ્વસ્થાન ચાલ્યું ગયું! કહે છે કે ભારતભરમાં આ એક જ સ્થાન એવું છે કે જ્યાં ભવાનીના મસ્તકનું છેદન થયું! આજે ભવાનીમાતાનું મસ્તક બાજુના આમોદરા ગામના પાદરમાં પૂજાય છે અને ધડ દૂર ખારાની ટેકરીઓની એક ગુફામાં પૂજાય છે. મસ્તક ઉપર પ્રાચીન મંદિર છે. ચૈત્ર માસના દર રવિવારે અહીં મેળો ભરાય છે. આજુબાજુના લોકો 'ફેરાએ જઈ આવ્યા' એમ કહે છે. કહેવાય છે કે મહાત્મા મૂળદાસને અમરેલી રાજ્યે હદપાર કર્યા ત્યારે અહીં આવીને રહેલા અને ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ સ્વામીનારાયણી કવિ મુક્તાનંદની માતા રાધા, જે પેલી વણિક કન્યાની ગેરકાયદે બાળકી હતી, તેનો જન્મ અહીં થયો. સંત મૂળદાસે અહીંથી બાજુનો દીવનો દરિયો ચાદરની નૌકા બનાવીને પાર કરેલો!

અદ્ભુત છે આ પ્રદેશ! અહીં પ્રત્યેક પથ્થર 'મિથ'થી ભરેલો છે. લોકકથા, ધર્મકથા અને ઇતિહાસના તાણાવાણા આ પ્રદેશને રંગીન બનાવે છે. ઉજ્જડતાને પણ એનું પોતાનું કેવું પરમ આકર્ષક રૂપ હોય છે તે ઉના-દેલવાડાના મુકામથી જાણી શકાય. બસ, ઘડિયાળ અને કૅલેન્ડર એક બાજુ ફેંકીને અહીં ભટકવું જોઇએ. **–નરોત્તમ પલાણ**

વ્યક્તિ-ચિત્ર

ગુલાબમિયાં

'આનંદ શર્મન'

'છુ કરુ, છા કરું, તું મરે તો હું શું કરું!'

પહેલવહેલું આ સાંભળ્યું ત્યારે હસવું આવેલું. કોઇને પણ આવે. ધીમેધીમે અર્થ પામતાં જઇએ એટલે તેમાંનું ઇતર દર્શન પામી શકાય. અહીં છુ અને છા એટલે જાદુમંતર અને દોરાધાગા. આવું ગૂઢ વાકય બોલનાર છે ગુલાબમિયાં. એને એનું નામ પૂછો તો તે 'ગુલાબમિયાં કાળુમિયાં સોલંકી' એમ પોતાનું આખું નામ કહે. બ્રુક-બૉન્ડ ચાની કંપનીનો એ વાનમૅન. વર્ષો પહેલાં કંપની-ની 'ગુલાબ' છાપ ચા ખૂબ પ્રખ્યાત હતી. નાનપણમાં પાંચિયાની એક એમ ચાની પડીકિયું ખરીદેલી તેનું સ્મરણ છે. મને શરૂઆત-માં લાગેલું કે આ ગુલાબમિયાંના નામ પરથી જ કંપનીએ ચાનું નામ ગુલાબ રાખ્યું હશે! પરંતુ આજે સમજાય છે કે નાના માણસોનું કોઈ મૂલ્ય જ નથી આ સમાજમાં. સમાજવાદની વાત કેવળ છલના છે.

આ ગુલાબમિયાં વર્ષોથી વાનમૅન છે. લાલ રંગની હાથલારી દૂરથી દેખાય એટલે બ્રુક-બૉન્ડ કંપનીની ચાનું સ્મરણ થાય, અને એ સાથે જ ગુલાબમિયાનું ચિત્ર ઊપસે. બ્રુક-બૉન્ડ ચા અને ગુલાબમિયાં લગ-ભગ અભિન્ન જેવાં છે. ચાની તારીફ એના મોંએ સાંભળવાની મઝા ઓર આવે. ચા વેચવામાં એની કંપની તરફની ચાહ પણ ભળેલી જ હોય. ક્યારેક સેલ્સમૅનથી પણ એની નિષ્ઠા સવાઈ બની જાય. વેપારી-સાથે સંબંધ પણ એવો જ રાખે. એરિયા-મૅનેજર કે સેલ્સમૅન પાસે માલ ન લેનારને પણ માલ આપી શકે. એનું વર્ચસ્વ પણ સારું.

ખાખી કપડાં, ખભા પર લાલ રૂમાલ-ફકીર રાખે તેવો, કશુંક ગણ-ગણતા હોઠ અને ચહેરા પર ચિંતા એ ગુલાબમિયાંની ઓળખ. સતત કોઈકની ચિંતા એ સેવ્યા કરે. કોઈનાં ભૂત-પલીત કાઢે કે ઉતારે. કોઇને માદળિયું બનાવી આપે, કોઈકનો ગુમ થયેલો છોકરો કાજળીમાં જોઈ આપે કે ઘરમાંથી ગુમ થયેલા પૈસા યા દાગીનાની ભાળ આપે. એને ઘણી વિદ્યા આવડે છે. એ મંત્ર-તંત્ર જાણે છે. એની સાપ વિષેની વાતો ખૂબ રસિક છે. એક વાર કશુંક પઢવા માટે એ કબર પર ગયેલો. કહે: મેં કબર પર ગયા તો સાત ફૂટ લંબા સાપ પડા થા. મૂઝે દેખકર યું ખડા હો ગયા' એટલું કહેતાં તો એણે હાથ વડે સાપની ફેણનો નિર્દેશ કર્યો, આંખનાં ભવાં ચડાવ્યાં, ભાષામાં ને મુખ પર ગંભીરતા છવાઈ ગઈ, 'મગર મેં ડરનેવાલા થોડા થા? મૈંને કહા: આજા આજા, મેરે શરીરપે. ઉસને સોચા કી યે આદમી ડરનેવાલા નહીં હૈ. ચૂપચાપ ચલા ગયા.' આ વાત એણે ચોમાસાના દિવસોમાં માથા પર ચાની પેટી લઇને જતાંજતાં કરેલી. આટલી વાત ચાલતી'તી ત્યાં પગ નીચે એક નાનકડો મરેલો કાચિંડો આવ્યો. એટલે એણે ઠેકડો માર્યો-બીકથી. સેલ્સમૅને એને પૂછ્યું: 'અલ્યા, ગુલાબમિયાં, તું હમણાં સાપને શરીર પર ચડાવવાની વાત કરતો'તો અને આ તો મરેલો કાચિંડો છે.'

'વો બાત અલગ હૈ.' એણે જવાબ આપ્યો. ન હસવું હોય તો પણ હસવું આવે તેવી એની વાણી અને વ્યવહારમાં ખાસ વિશિષ્ટતા. આપણે જે વાત હસવામાં લઇએ તેનું મહત્ત્વ એને મન ઘણું.

ગુલાબમિયાં સોલંકી કુળનો છે. પોતાના કુળનું એને ભારે અભિ-માન. ક્યારેક એની પાસે સોલંકી કુળની વાત કાઢો તો એનો ગર્વ ચહેરા પર ચમક્યા વગર ન રહે. પોતાનું ખાનદાની કુટુંબ, જાહો-જલાલી અને નબળાઈની વાત એ મોણ નાખીને કહે ત્યારે એના મુખારવિંદને નીરખવાની ઓર મઝા આવે. આમે ય જેની પાસે કશું જ નહિ, તે સિવાય કુળાભિમાન શું રાખી શકે?

બ્રુક-બૉન્ડના ડેપો પર એક વાર ચોરી થયેલી. 'હલકું લોહી હવાલ-દારનું' એ ન્યાયે ગુલાબમિયાં પર શક ગયો. એને રીમાન્ડ પર લીધેલો. એણે ધાર્યું હોત તો બીજાને ય એમાં સંડોવી શકત, પણ એણે એમ ન કર્યું. જાતે જ સહી લીધું. એ જ એનું જીવનદર્શન છે. પોતાને માથે લેવું પણ અન્યને વચ્ચે ન પાડવા. સહી લેવું એ મોટી વાત છે. એટલું ઔદાર્ય લાવવું ક્યાંથી? આ એના જીવનનું એક પાસું. એનું બીજું પાસું પણ એટલું જ રોમાંચક છે. એ આજુબાજુના ગામડાથી ખાસ્સો પરિચિત. નવા આવેલા સેલ્સમૅનને એ ક્યારેક ઊંધા રવાડે પણ ચડાવી દે. ટૂંકો રસ્તો છે એમ કહીને લાંબે કે આડેઅવળે રસ્તે લઈ જાય. ક્યારેક કોઈક દુકાનદાર માલ લેવાની આનાકાની કરતો હોય ત્યારે, 'શેઠ, મૈંને તો આપકો પેટિયાં દી હૈ, ઔર આજ ના બોલતે હો. સા'બ નયા હૈ, મૈં થોડા નયા હું' એટલું કહીને એક બાજુ ખસી જાય. નવો આવેલો સેલ્સમૅન પછી વેપારી સાથે તીખાં લે, ને એ તટસ્થ બનીને તમાશો જોતો રહે. કદાચ આ જ એના જીવનનો આનંદ હશે!

ગુલાબમિયાં એટલે વિચિત્રતા. એ ભારે વિચિત્ર. વૈશાખના ધોમ ધખતા બપોરે ગામડે પહોંચે ત્યારે દુકાનદાર સેલ્સમૅનને પાણી આપે. ગુલાબમિયાંને આપે તો એ ન પીએ. પૂછે તો તો ન જ પીએ. ન પૂછે તો સામે ચાલીને માગે. પૂછે તો ના પાડે. પરબે જઇને પી આવે. સહુને એના પ્રત્યે લાગણી. એને ફકીર ગણે. આથી જ ક્યારેક એ વરલી મટકાના નંબર પણ આપે છે. માત્ર વરલીના નંબર જ નહિ, ઘણું બધું એ આપે છે. દરેકને કશુંક સપનું વહેંચે છે. એ સપનાંનો સો-દાગર છે. ક્યારેક કોઈકનું સપનું સિદ્ધ થાય. ક્યારેક નિરાશા વ્યાપે.

એ એક અનિયતકાલીન ચોપાનિયું પણ કાઢે છે. એમાં રાશિઓનાં નામ સાથે ખાનાંમાં જુદાજુદા આંકડા લખેલા હોય છે એ આંકડાઓ ઉપરથી સહુ પૈસાદાર થવાના કોડ સેવે છે, અને નસીબ અજમાવે છે. ચોપાનિયાનું નામ નથી, પરંતુ તંત્રીના નામની જગ્યાએ 'પ્રોફેસર ......' એવું લખ્યું હોય છે. પોતાના ઘરે જ નાનો પ્રેસ છે. ત્યાં એ ચોપાનિયું છપાય છે. કમ્પોઝિંગથી માંડીને પ્રકાશક સુધીની સઘળી જવાબદારી ગુલાબમિયાંની, ઑલ ઈન વન, એક જ અનેક. આ ચો-પાનિયું નસીબ લગી પહોંચવા તલપાપડ થનાર સહુને આત્મસંતોષ આપે છે. આંકડાની ઇન્દ્રજાળ એવી છે કે અટકળે લગાવે તોપણ કોઈકને તો લાગે જ. એ લોકો પ્રોફેસરની અપૂર્વ શોધ વા આગાહીથી તાજુબ થઈ જાય છે. આમ, લોકોને તાજુબ કરતો ગુલાબમિયાં અંતરથી દુ:ખિ-યારો છે. વાવાઝોડાની જેમ દુ:ખ એના જીવનમાં આવ્યું છે. એ કહે છે કે એનું જીવન અત્યંત કરુણ છે, એક વાર મને કહે: 'સાહેબ મારા વિષે લખો, લોકો વાંચશે ને રોશે.'

એની એક વિચિત્રતા એ છે કે એ ક્યારે ય ઘેર પૈસા આપીને નથી આવતો. આથી ડેપો પર આવે કે અરધા કલાકમાં એની બૈરી કે છોકરી પાછળ આવી જ સમજો. તેને જોઈને પૂછે: 'કા હૈ?'

'શાકકા પૈસા દીઓ.' 'શાક ન બનાના. મુંગ હૈ ન?'

'હૈ.' 'રાંધિયો.'

સ્વભાવે જ ગુલાબમિયાં કંજૂસ છે. કોઇ પણ વસ્તુ એ ઓછી કિંમતે જ માગવા ટેવાએલો છે. પણ આ કંજૂસ ગુલાબમિયાંએ આંગળિયાત છોકરીનાં લગ્ન પૂરી ઉદારતાથી કરેલાં. માનવમન કેટલું ગૂઢ હશે એ કલ્પનાતીત તર્ક છે.

ગુલાબમિયાં એટલે સર્વસંગ્રહ, એણે પોતાનું ઘર હાથે ચણેલું. પોતે જ કડિયો; પોતે જ સુથાર, પોતે જ મજૂર, પોતે જ લુહાર એમ બધું જ પોતે. એ બે પત્નીઓનો પતિ છે. એની પત્ની સૉક્રેટિસની પત્ની-થી યે ચડિયાતી છે. ભારે અવિશ્વાસુ છે ગુલાબમિયાં. (અનુ. પૃ. ૮૪)



'કુમાર'નાં ઈ. ૧૯૮૨નાં પારિતોષિકો



કુમાર ચન્દ્રક
શ્રી પ્રફુલ્લ રાવળને
'અષ્ટ દિક્પાલો' વિષેની તેમની લેખમાળા માટે

નિર્ણાયકો
શ્રી અનંતરાય રાવળ
શ્રી યશવંત શુક્લ

વર્ષભરની શ્રેષ્ઠ કાવ્યકૃતિ—'સકલ સૂરત હું મોહન મોહન' માટે
શ્રી ચન્દ્ર પરમારને એક લેખક તરફથી — રૂ. ૩૦
નિર્ણાયકો : શ્રી રાજેન્દ્ર શાહ અને શ્રી ધીરુ પરીખ

વર્ષની શ્રેષ્ઠ વાર્તા 'અતિ-સ્નેહ' માટે
શ્રીમતી અવંતિકાબહેન ગુ. શાહને 'કુમાર' તરફથી — રૂ. ૩૦
નિર્ણાયકો : શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી

'કુમાર' માટે મળેલા શ્રેષ્ઠ જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ લખાણ માટે
શ્રી પ્રફુલ્લ રાવળને
ગિરીશકાકા પારિતોષિક તેમના પરિવાર તરફથી — રૂ. ૨૫

આવતી ૬ જુલાઈના રોજ, બ્રિટિશ ટપાલખાતું, ત્રણસો પચાસ વર્ષ પરના ભાલાધારી પાઈકમૅનથી માંડી આજના છત્રીદળના પૅરાટ્રુપર્સ સૈનિકોની રજૂઆત કરતી આ પાંચ ખાસ ટિકિટો બહાર પાડશે. ઈ. ૧૯૬૫માં શાહી હવાઈદળ તથા ગયા વર્ષે શાહી નૌકાદળની રજૂઆત બાદ હવે આ ટિકિટો દ્વારા બ્રિટિશ સશસ્ત્ર સૈનિકોની પહેલી જ વાર રજૂઆત થઈ રહી છે. 'સેન્ટમાર્ટિન સ્કૂલ ઑવ આર્ટ''ના પાર્ટ-ટાઈમ લેક્ચરર અને આધુનિક ફૅશનનાં ચિત્રાલેખનના નિષ્ણાત ચિત્રકાર એરિકે આ ટિકિટોનાં આલેખનો કર્યાં છે. અગાઉ ઈ. ૧૯૭૯માં રૉલૅન્ડ ટિકિટો તથા તેના મિનિએચર શિટનાં ડિઝાઈન એમણે કરેલાં. આ ટિકિટોમાં ૧૬ પેન્સની પહેલી ટિકિટ ઉપર, છેક ઈ. ૧૬૩૩થી જેનો ઇતિહાસ આરંભાય છે એ 'ધ રૉયલ સ્કોટ્સ'ની અગ્રણી પાયદળ રેજિમેન્ટના પાઈકમૅન અને મસ્કેટીઅર–બંદૂકધારી સૈનિકોને આલેખ્યા છે, જેમનાં માથાં પરની છોગાળી ટોપીઓ ધ્યાન ખેંચે છે. બીજી ટિકિટ ઉપર 'ધ રૉયલ વેલ્શ'ના તોપદળના બે સૈનિકો છે. એમની ઊંચી 'માઈટર' ટોપીઓ, તોપો તથા દારૂગોળાના રખેવાળ સૈનિકો તરીકેની તેમની અલગ ઓળખની નિશાની છે. ત્રીજી ટિકિટ ઉપર 'ધ રૉયલ ગ્રીન જૅકેટ્સ' ટુકડીના બે સૈનિકો બતાવ્યા છે. લાલ ડગલાવાળા સૈનિકો કરતાં આ ટુકડીનો લીલા ડગલાવાળો ગણવેશ તેમને યુદ્ધમાં ઝાડી-જંગલમાં છુપાઈ રહેવામાં બહુ અનુકૂળ હતો. અહીં એમની ૯૫મી બરકંદાજ ટુકડી (જે આગળ જતાં 'રાયફલ બ્રિગેડ' નામે ઓળખાતી થઈ) તેના બે સૈનિકોને બૅકર રાયફલથી નિશાન લેતા દર્શાવ્યા છે. ચોથી ટિકિટમાં દક્ષિણ આફ્રિકામાં રાખેલા આઇરિશ ગાર્ડનું આલેખન છે. તેનો કિનાર વાળેલો સ્લાઉચ હૅટ, ઢીંચણ સુધી લપેટેલા પટ્ટાઓ તથા ભૂખરો ખાખી ગણવેશ તેમના સાથી સૈનિકોના લાલ ડગલા ને રૂછાંવાળી ટોપીના ગણવેશથી તદ્દન અલગ પડી જાય છે. પાંચમી ટિકિટ ઉપર છત્રીદળના સૈનિકો-પૅરાટ્રુપર્સને પૅરેશ્યૂટ દ્વારા ભૂમિ પર ઉતરી આવી, હાથમાં મશીનગન ધરીને ફરજ પર આગળ વધતા દર્શાવ્યા છે. તેમની ચપટી ટોપી અને ચટાપટાવાળો પોશાક બીજા બધા સૈનિકોના ગણવેશથી ભિન્ન તથા એમને અજાણી ભૂમિમાં ગોપિત રાખવામાં સહાયક છે. (પ્રેષક : રમણિકલાલ સોલંકી–લંડન)

કલાવાર્તા

મોનોપ્રિન્ટ

એચિંગ, એન્ગ્રેવિંગ, વૂડકટ, લિનોકટ લિથોગ્રાફી વગેરે મુદ્રણક્ષમકળા-ગ્રાફિક્સના એવા પ્રકારો છે જેના વડે કલાકાર પોતાની કૃતિની એક કરતાં વધુ નકલો કાઢી શકે છે. વળી, આ બધા પ્રકારો પર કલાકાર ન હોય તે પણ ગમ્મત ખાતર હાથ અજમાવીને પોતાનો કલારસ તથા કૌશલ્યયુક્ત કુતૂહલ સંતોષી શકે છે. બાળકોની કલાદૃષ્ટિ તથા હાથને કેળવવા પણ તે પ્રયોજી શકાય છે. પરંતુ કંઈક આના જેવો જ, પણ આ બધા કલાકૌશલ કરતાં વધુ સરળ એક પ્રકાર છે 'મોનોપ્રિન્ટ'નો. એ વડે એક જ નકલ મેળવી શકાતી હોઈ તેને 'મોનોપ્રિન્ટ' નામ અપાયું છે. અલબત્ત, એમાં યે તેની એ જ રીતે બીજી નકલ પણ થઇ શકે ખરી, પરંતુ એ પહેલી નકલના જેવી તો ન જ બને. બાળકો માટે એ કલાની એક ગમ્મત બનવાથી માંડી ઘડાએલા કલાકારો સુધી સૌ તેમાં પોતાની કલ્પનાશક્તિ ને કલાચાતુરી અજમાવી શકે. જલરંગો, તૈલરંગો, મુદ્રણની કે સાદી શાહી, દોરા, કાગળ, કપડાનાં ચીંથરાં, પાણી, કોઈ ચપટા ઘનપદાર્થો વગેરે વગેરે બધું તેમાં વાપરી શકાય. ફોટોગ્રાફીની સાધનસામગ્રી પણ ઉપયોગમાં લઈ શકાય. મુખ્ય જરૂરત કલ્પનાશીલતાની અને થોડી કલાદૃષ્ટિની રહે. થોડાં ઉદાહરણોથી આ બધું સ્પષ્ટતાથી ને સરળતાથી સમજાશે.

પ્રથમ એક તદ્દન સામાન્ય ઉદાહરણ જોઇએ. સ્વચ્છ કાગળના એક ટુકડા ઉપર એક તરફ રંગ કે શાહીનું ડબકું પાડો, અને એ કાગળને બેવડ વાળી હળવેથી દાબ આપો. હવે કાગળ ખોલીને જોશો તો પેલા ડબકાના જેવી જ પણ અવળી છાપ કાગળના કોરા ભાગ ઉપર પણ પડી ગઈ હશે. એ છાપનો આકાર ભલે ગમે તેવો હોય પણ કાગળ ઉપર તેની અવળી-સવળી એકસરખી-સિમિટ્રીકલ છાપ પોતાની આગવી સુંદરતા પ્રકટ કરે છે, અને એટલે એ આંખને ગમે પણ છે. અહીં એક છાપ આપી છે. કાગળ ઉપર તૈલરંગના ડબકા પાડીને લીધેલી આ છાપ કોઈ નિશ્ચિત આકાર રચવા બનાવેલી નથી, પરંતુ પરિણામે જે આકાર રચાયો છે તેને પાંખવાળું જીવડું, ઊડતું પક્ષી કે જંગલી છોડનું ફૂલ પણ કહી શકાય. અથવા કંઈ નામ ન આપીએ તો યે સિમિટ્રીને લીધે એ આંખને ગમે તો ખરી જ.


પહોળી એક તાસક કે થાળીમાં પાણી ભરી તેના ઉપર તેલિયા રંગોનાં થોડાં ટીપાં પાડો. થાળીને ટકોરા મારીને કે સહેજ હલાવતાં એ રંગ પાણીના સપાટી ઉપર અવનવા આકારે લહેરિયાં રૂપે ફેલાવા લાગશે. હવે એક સ્વચ્છ કાગળ લઈ હળવે હાથે તેની ઉપર મૂકી દેતાં એ રંગ-લહેરિયાં કાગળ પર ચીટકી જશે. હળવે હાથે એ ભીનો કાગળ ઉપાડી લઇને સૂકવી દો. કાગળ ઉપર રંગબેરંગી લહેરિયાંની એક સુંદર ભાત પડી જશે. 'મારબલ પેપર' નામે ઓળખાતા આવી ભાતવાળા કાગળો તો તમે જોયા હશે. આ કાગળના અનેક ઉપયોગ થઈ શકે.

એક દોરાને રંગમાં ઝબોળી કોઈ સ્વચ્છ સપાટ કાચ, પતરા કે ઊંધી વાળેલી થાળી પર હળવે હાથે મન ફાવે તે આકારે મુકી દો, અને પછી તેની ઉપર કાગળ મૂકીને એ રંગીન દોરાની છાપ લો. કાગળ ઉપરની નિશ્ચિત કે અનિશ્ચિત આકારની એ છાપ એ તમારું ચિત્ર. આ અંકના પૂઠા ઉપર એવો એક આકાર આપ્યો છે. અમૂર્ત-ઍબ્સ્ટ્રેક્ટ કળામાં રસ હોય તો એને તમે 'માતા અને બાળક' એવું નામ પણ આપી શકો. ઇચ્છા તો આવી રીતે લીધેલી છાપમાં વધારાનું ચિત્રકામ પણ ઉમેરી શકો, આ જ રીતે કાગળનો ડૂચો વાળી રંગ-દોળી કે ઘસીને તેની યે છાપ લઈ શકાય. કરી જોજો. કેટલાક સુંદર આકારો એમ રચી શકાશે. ને કાગળ જ શા માટે? કાપડનો ટુકડો કે ડૂચો વગેરે પણ ચાલે જાળીદારકાપડ-નેટ હોયતો એ પ્રમાણેની ભાતીગળ છાપ પણ મેળવી શકાય. ફૂલ-પાંદડાં, ઘાસની તીરખી વગેરે વિવિધ પદાર્થો પર રંગ લગાડીને તેની પણ છાપ લઈ શકાય.

આ અંકના પૂઠા ઉપર બીજું એક ચિત્ર પણ આપ્યું છે. આકારો અને એમાંની આકૃતિની ઝાંયના વૈવિધ્યને કારણે એ એક 'ઍબ્સ્ટ્રેક્ટ પેઇન્ટિંગ' જેવું લાગે છે એક સ્વચ્છ પારદર્શક કાચ ઉપર ગ્લીસરીન, તેલ અને પાણીના ડબકા પાડી તેને આસપાસ ફેલાવા દીધા પછી ફોટોગ્રાફીમાં પ્રિન્ટ કાઢવા માટે વપરાતા બ્રોમાઈડ પેપર ઉપર તે કાચ મૂકીને 'એક્સ્પોઝ' કરી આ પ્રિન્ટ તૈયાર કર્યો છે. નૅગેટિવ મૂકીને જેમ ફોટોપ્રિન્ટ લેવામાં આવે છે તેમ. પછી એ પ્રિન્ટને ડેવલપ કરી લેવાનો; એટલે લીધેલી છાપ સ્થાયી બની જાય. અને બ્રોમાઈડ પેપર જ શા માટે? ઈજનેરો પોતાના નકશા માટે વાપરે છે તે ઍમોનિયા પેપર પણ એવું જ સરસ કામ આપશે. આવી રીતે છાપ લેવા માટે પણ ગમે તે પદાર્થો વાપરી શકાય. કાગળમાં કોતરેલી ડિઝાઈન, દોરાનાં ગૂંચળાં, ફૂલપાનવાળા ડાંખળી, ઘાસની-છુટ્ટી પત્તીઓ વગેરે જે હાથ ચડે તે ચાલે. એકાદ વાર પ્રયત્ન કરતાં બીજું ઘણું નવું આપમેળે સૂઝી આવશે.

કળાની દૃષ્ટિ ને કલ્પનાશક્તિને કેળવવાની આ એક ગમ્મતભરી તાલીમ બની શકે. શાળાના કલાવર્ગોમાં એ પ્રયોજી શકાય ને ઘરઆંગણે બાળકોને તેમાં રત બનાવી શકાય, પરિણામે વૈવિધ્યભરી જે છાપ મળે તેનો અનેક રીતે સુંદર ઉપયોગ કરી શકાય. બટાટાને કે બૂચને કોરી-કોતરીને બાળકો તેની વિવિધ રંગી પણ એકસરખી છાપ લે છે, એથી આ જરા વિશેષ છે એ ખરું, પણએટલું જ સરળ છે એ અનુભવે જણાશે. રજાઓમાંસમય વેડફવા કરતાં આવી પ્રવૃત્તિ વધુ લાભકારી છે એ તો સૌ સ્વીકારશે.

(ઉદાહરણાર્થે આપેલાં ત્રણે ચિત્રો ફ્રેડરિક પાલ્મરના 'મોનોપ્રિન્ટ ટૅક્નિક' નામના પુસ્તકમાંથી સાભાર લીધાં છે.)



△ સ્વચ્છ કાચની ઉપર ગ્લીસરીન, તેલ અને પાણીનાં ડબકાં મૂકી, તેને થોડા ફેલાવા દઇને પછી તે કાચના ફોટોગ્રાફિક નૅગેટિવની જેમ ઉપયોગ કરીને બ્રોમાઇડ પેપર ઉપર કાઢેલો પ્રિન્ટ. આ કૃતિને ગમે તે નામ આપી શકાય, આંખને તે એકસરખા આકર્ષી શકે છે.

ચેહન નુમાતા (અનુ. પૃ. ૮૦ થી) ખગડેલા કાર્યથી પ્રતિષ્ઠા ઘટે છે અને લોકોને તેમાં વિશ્વાસ રહેતો નથી. ચેહન નુમાતાએ યોજેલા પૂર્વજ-સ્મરણના કાર્યક્રમથી એમના ઉત્પાદનની મૂલ્યતા વધીને નવી-નવી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકી, એટલું જ નહિ, કામદારોનું વૈયક્તિક જીવન પણ નૈતિકતા ને નિષ્ઠાના ઉમેરણથી સમૃદ્ધ થતું ગયું.

ચેહન નુમાતા એક દૃષ્ટિવાન ઉમદા પુરુષ છે. પોતાની કંપનીના મકાનની આજુબાજુ એમણે અનેકવિધ વૃક્ષો અને ફૂલછોડો ઉગાડયાં છે. જેના વિસ્તારમાં પ્રવેશતાં જ ચિત્ત પ્રસન્ન થઇ ઊઠે એવા એ સ્થળે કામ કરતા સૌ કોઈ પ્રફુલ્લચિત્તે પોતાની ફરજો બજાવે છે. જાપાનમાં પ્રસન્ન વાતાવરણવાળાં કામનાં સ્થળો વિષેની રાષ્ટ્રીય સ્પર્ધામાં તેમણે પ્રથમ પારિતોષિક મેળવ્યું છે. આજે એમનો ધંધો દુનિયાભરમાં ફેલાએલો છે. ઈ. ૧૯૩૪માં સ્થાપેલા 'મિતુતોયા'ના આરંભથી આજ સુધીમાં ત્યાં વિવિધ રીતે માપ લેવાનાં ૫૦૦૦ પ્રકારનાં કિંમતી સાધનો હજી યે બનતાં રહે છે. 'કોઓર્ડિનેટેડ મેઝરિંગ મશીન' એ એમનું ઇલેક્ટ્રોનિક્સના વિનિયોગવાળું અદ્યતન સાધન છે.

એમણે બનાવેલાં સાધનો આજે લગભગ એંસી જેટલા દેશોમાં વપરાય છે. આમાંથી થતી કમાણી બૌદ્ધ ધર્મના પ્રચારાર્થે વપરાય છે. શ્રદ્ધા, ધૈર્ય, પરિશ્રમ અને વિચારપૂર્વકના આયોજન દ્વારા આર્થિક રીતે સ્વાવલંબન સાધીને ચેહન નુમાતાએ બૌદ્ધ ધર્મ પ્રસાર-પ્રચારની પોતાની ભાવના સિદ્ધ કરી છે. આજે ૮૯ વર્ષની વયે પણ તેઓ પોતાના આ જીવનકાર્યમાં સતત સક્રિય રહે છે. સમાજ માટે કશુંક કરતા રહેવું એ જ એમની ભાવના રહી છે. ટાકેકો કુજો નામનાં એક જાપાની કવયિત્રી એ એમના વિષે બહુ યથાર્થ કહ્યું છે: 'ફૂલનું આ ખીલવું, હવે ગમે ત્યારે મુરઝાવાને આરે પહોંચ્યું છે અત્યારે તેના સુંદરતમ સ્વરૂપમાં મહોરી રહ્યું છે.'

બૌદ્ધ ધર્મ પ્રતિનો છેક બચપણથી આરોપાએલો એમનો અહોભાવ આજે યે જીવંત છે. બૌદ્ધ ધર્મ-ભાવનાના પ્રસાર અર્થે સ્વાવલંબન સિદ્ધ કરવા પાછળ ગાળેલાં સખત પરિશ્રમભર્યાં પચ્ચીસ વર્ષો બાદ ચેહન નુમાતા અન્ય પ્રવૃત્તિઓમાં પણ સક્રિય બનવા લાગ્યા. બૌદ્ધ ધર્મનો ઊંડો અભ્યાસ તો સતત જારી જ હતો. ઈ. ૧૯૫૯માં તેઓ 'મુસાસિનો વીમેન્સ કૉલેજ'ના ડિરેક્ટર ચૂંટાયા. ૧૯૬૦માં એમણે બુદ્ધનું ચિત્રાત્મક ચરિત્ર પ્રકટ કર્યું. ૧૯૬૧માં એમને 'રનજુહો ઍવૉર્ડ' મળ્યો. ૧૯૬૨માં એમણે પોતાનો અતિ મહત્ત્વાકાંક્ષી ગ્રંથ 'ધ ટીચિંગ્સ ઑવ બુદ્ધ' નામક અંગ્રેજી ગ્રંથ પ્રસિદ્ધ કર્યો. ભગવાન બુદ્ધનું જીવન, એમના ધર્મ વિચારો, ધર્મપાલન અને ભ્રાતૃભાવનાની વિસ્તૃત સમજ આપતા પાંચ ખંડમાં વિભાજિત, તેર પ્રકરણો ને છ પરિશિષ્ટોવાળો આ ગ્રંથ એમણે દુનિયાભરની મોટી હોટેલો સહિત સંખ્યાબંધ સ્થળે વિના મૂલ્યે વહેંચ્યો છે. અંગ્રેજી ઉપરાંત જાપાનિઝ, ફ્રેંચ, સ્પેનિશ, પોર્ટુગિઝ ઇત્યાદિ ભાષાઓમાં પણ તેનાં ભાષાંતરો તેમણે કરાવ્યાં છે.

ઈ.૧૯૬૪માં એમણે ઉત્સુનોમિયામાં ઇકોજી મંદિરની સ્થાપના કરી. ૧૯૬૪માં એમણે જીવનનું એક અતિ મહત્ત્વાકાંક્ષી સ્વપ્ન સાકાર કરી, આજે વિશ્વમાં ખ્યાત બનતી જતી બૌદ્ધ ઉત્કર્ષ માટે 'બુકક્યો ડેન્ડો ક્યોકાઇ'(બુદ્ધિસ્ટ પ્રોમોટિંગ ફાઉન્ડેશન)ની સ્થાપના કરી. પોતે વિચારેલા આયોજન પ્રમાણે આ સંસ્થા બૌદ્ધ ધર્મપ્રસારાર્થે વિવિધ પ્રકારનો અને કાર્ય કરે છે. બૌદ્ધધર્મપ્રસાર માટે ઉત્તમ કાર્ય કરનારને આ સંસ્થા આરંભથી જ એક 'બૌદ્ધ સાંસ્કૃતિક ઍવૉર્ડ' પણ આપે છે. ૧૯૬૦માં તેઓ 'તાકિયો રિનરન એસોસીએશન'ના ઉપપ્રમુખ ચૂંટાયા. ૧૯૭૦-માં એમણે બૌદ્ધધર્મના પ્રચારાર્થે સંશોધનાત્મક સેમિનારનો આરંભ કર્યો. 'મહાન રિનરન પછી' એવા અર્થના નામનું એમણે એક જાપાની ભાષામાં ચલચિત્ર પણ બનાવ્યું. બૌદ્ધધર્મના પ્રસાર માટેની વ્યાપક પ્રવૃત્તિ માટે ૧૯૭૦માં એમનું 'ક્યોગાકુ જોસેઈ ઍવૉર્ડ' દ્વારા માન કરવામાં આવ્યું. ૧૯૭૭માં એમણે બૌદ્ધ સંગીતના પ્રચારાર્થે એક સમિતિ રચી. ૧૯૭૮માં એમણે પોતાના પરિશ્રમોનું સ્મરણ રજૂ કરતી 'માય પાથ વિથ સેન્ટ રિનરન' નામની એક પુસ્તિકા પ્રકટ કરી.

તેઓ લખે છે કે તેઓ એક ખૂબ જ સદ્‌ભાગી માણસ છે. દિવસની પ્રત્યેક ક્ષણે એ આનંદિત રહે છે. પોતાની આજની સ્થિતિનો એમને પૂર્ણ સંતોષ છે અને એ પ્રાપ્ત થવા બદલ તેઓ ભગવાન બુદ્ધની કૃપા તથા પોતાના સાથીઓના સહકાર બદલ ઉપકૃતતા અનુભવે છે.

વયના પ્રમાણમાં એમનું અતિ વ્યસ્ત જીવન એમના મિત્રોમાં ચિંતા પ્રેરે છે, પરંતુ બાલ્યકાળથી સેવેલી આકાંક્ષાઓને ફળતી જોવાનો એમનો ઉમંગ એવો ને એવો જ છે અને એટલે જ જીવનભર પ્રવૃત્તિશીલ રહી ભગવાન બુદ્ધના જીવનમાંથી પ્રાપ્ત થતા અમર્યાદ ઉપદેશામૃતને અનેકાનેક લોકો સુધી પહોંચાડવાની એમની ભાવના છે. ૮૯ વર્ષની પાકટ વયે પણ એમને આ ભાવના જ પ્રવૃત્ત રાખે છે. એમનું જીવન ઇશ્વરમાં શ્રદ્ધા રાખીને, સંઘર્ષો સામે બાથ ભીડી લક્ષ્ય તરફ ગતિ કરતા રહેલા એક સામાન્ય માનવીના ધ્યેયલક્ષી પુરુષાર્થની પ્રેરક અને જીવંત કથા છે. □

અનુસંધાન] ભાંગરો [પૃષ્ઠ ૯૩ થી


વહેતું હોય ત્યાં કે કુવાકાંઠે ભાંગરાના છોડ ઊગી નીકળે છે. એનાં બંને છેડે સાંકડાં, લાંબાં ને મોટા દળનાં પાન ઉપરના ભાગે ઘેરાં લીલાં અને નીચેના ભાગમાં હલકા રંગનાં અને ખરબચડાં હોય છે. એને નીચોવતાં નીકળતો કાળો, કડવો ને ઉષ્ણ ગુણવાળો રસ કફનાશક, રક્તશોધક, નેત્રરોગ તથા માથાની પીડાને દૂર કરનારો ગણાય છે.

ભાંગરાના ત્રણ પ્રકાર છે. સફેદ ફૂલવાળો ભાંગરો સામાન્ય હોઈ લગભગ બધે જોવા મળે છે. એના પણ લીલી ડાંખળીવાળો અને કાળાશ પડતી ડાંખળીવાળો એવા બે પ્રકાર છે. તાવ, વાયુ, આંચકી ને અપચા ઉપર ક્વાથ રૂપે વપરાય છે. બાળકોની શરદી ઉપર તેમજ કમળા, સોજા, સ્વરભેદ અને દમ ઉપર પણ તે પ્રયોજાય છે. આંબળાંની સાથે તેનું તેલ કેશવૃદ્ધિ માટે વપરાય છે. એક કાળે શાહી બનાવવામાં ભાંગરાનો રસ પણ ઉમેરાતો. તેનાથી અક્ષરોમાં ચળકાટ આવતો.

સ્વર્ણ ભૃંગરાજ, હરિવાસ ને દેવપ્રિય વગેરે નામથી ઓળખાતી ભાંગરાની પીળાં ફૂલવાળી જાત પણ ક્યાંકક્યાંક થાય છે. ત્રીજી શ્યામ ફૂલવાળી જાત નીલ ભૃંગરાજ, મધુકર, મહાનીલ, સુનીલક, મહાભૃંગ, નીલપુષ્પ તથા શ્યામલ નામે ઓળખાય છે, પણ તે બહુ દુર્લભ છે. આ શ્યામ ભાંગરો પાકટ વાળને કાયમી કાળાશ આપવા માટે ઉત્તમોત્તમ હોવાનું મનાય છે. □

પૃ. ૯૨ પરની કસોટીના ઉકેલ

ટપકાંવાળી આકૃતિઓનો ઉકેલ નીચેની આકૃતિઓ પ્રમાણે છે:



ગંજીફાનાં નવ પાનાંમાંથી ઊંધાં છ ને સવળાં કરતાં–

૪ ૩ ૮ ◁ આ મુજબનાં પાનાં મળશે.
૯ ૫ ૧ જેની ઊભી, આડી કે તીરકસ હારનો
૨ ૭ ૬ સરવાળો ૧૫ થાય છે.

સાચાં-ખોટાં છપાએલાં પાનાંમાં પહેલી હારમાં ચોથું, બીજી હારમાં બીજું અને ત્રીજી હારમાં પાંચમું પાનું જ ખરું છપાએલું છે.

છ પાનાંના જૂથમાં પહેલી હારમાં અનુક્રમે ૮, ૧૦ અને ૭નાં પાનાં છે. તથા બીજી હારમાં અનુક્રમે ૭, ૯ અને ૬નાં પાનાં છે.

સાહિત્યસંપર્ક

સદ્ગત 'સુધાંશુ'

'સુધાંશુ' ઉપનામથી પોરબંદરના સદ્ગત દામોદર ભટ્ટ ગુજરાતી કવિતાક્ષેત્રે એમનાં વિશિષ્ટ ભજનસર્જનથી લોકપ્રિય બન્યા હતા. આ મરમી ભજનસર્જક અને સંગ્રાહક 'સુધાંશુ'નો ગઈ ૨૯ માર્ચે મંગળવારે મગજમાં નસ તૂટી જવાથી ૨૧ કલાકની અભાન અવસ્થા બાદ આઘાતક દેહવિલય થયો.

વ્યવસાયે મુખ્યત્વે એઓ પત્રકાર હતા. પત્રકારત્વના પ્રત્યક્ષ પાઠ એમણે સદ્ગત અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી, કકલભાઇ કોઠારી જેવા પીઢ પત્રકારોના સાન્નિધ્યમાં મેળવ્યા હતા. એમણે સૌરાષ્ટ્ર ટ્રસ્ટનાં વૃત્તપત્રોના રાણપુર અને મુંબઈ ખાતેના તંત્રીવિભાગમાં સફળ કામગીરી બજાવી હતી. આખર સુધી તેઓ 'જન્મભૂમિ', 'મુંબઈ સમાચાર', 'જનશક્તિ', 'જનસત્તા', 'સંદેશ', 'પ્રભાત', 'ફૂલછાબ', 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા' આદિ વર્તમાનપત્રોમાં સંવાદદાતા તરીકે કાર્યરત રહ્યા હતા.

એમનો અભ્યાસ કૉલેજનાં બે વર્ષ સુધીનો પણ એમની વ્યવહારસૂઝ ઘણી બહોળી અને ઊંડી. એમની વ્યવહારદક્ષતા એ કુટિલતા નહિ પણ ઋજુ હૈયાઉકલમાં ફાલી હતી. એમના પરિચયમાં આવનાર કોઇને પણ એમના મીઠા વ્યક્તિત્વની માદક છાલક વાગ્યા વગર રહે નહિ. સ્મરણ છે ત્યાં સુધી, ન્હાનાલાલે કહેલું કે પોરબંદરમાં જોવાલાયક ત્રણ: સુદામો, સાગર અને 'સુધાંશુ'. હવે તો પોરબંદર સાથે માત્ર સદ્ગત 'સુધાંશુ'નું અમર્ત્ય સ્મરણ જ જડાયેલું રહેશે!



સાહિત્યમાં કવિતા એમની પ્રથમ પ્રીતિનું ભાજન. એમનાં ભજનોનો પ્રથમ સંગ્રહ 'રામસાગર' ૧૯૫૧માં પ્રકટ થયો ત્યારે અનેક કાવ્યરસિકોનું એ સંગ્રહમાંનાં સાચકલાં ભજનો તરફ ધ્યાન દોરાયેલું. એમના એ સંગ્રહને ૧૯૫૧–'૫૨નું 'મહિડા પારિતોષિક' પણ મળ્યું હતું. ત્યાર પછી એમનો બીજો ભજનસંગ્રહ 'અલખતારો' ૧૯૫૭માં પ્રકટ થયો. ત્રીજો કાવ્યસંગ્રહ 'સોડહમ' ૧૯૬૦-માં પ્રકટ થયો હતો. અનેક સામયિકોમાં એમનાં ભજનો પ્રકટ થયાં છે એનો પણ એક સંગ્રહ જરૂર થાય. ૧૯૬૬માં એમની મૌલિક સાગરકથાઓનો સંગ્રહ 'હલેસાં' નામથી પ્રકટ થયો હતો. છેલ્લે ૧૯૭૭માં કવિવર ન્હાનાલાલના જન્મશતાબ્દી-વર્ષ નિમિત્તે કવિવરને પોતાના હૈયાની નિખાલસ અંજલિ ધરતાં કાવ્યોનો સંગ્રહ 'કવિ–સમ્રાટ ન્હાનાલાલને' પ્રકટ થયો હતો.

સદ્ગત 'સુધાંશુ' જેમ એક અચ્છા ભજનસર્જક હતા તેમ અચ્છા ભજન-સંગ્રાહક પણ હતા. સૌરાષ્ટ્રનાં અનેક ભજનોનો કીમતી સંગ્રહ એમણે કર્યો હતો. ગુજરાતી સાહિત્યમાં જેમને ભજનોમાં રસ છે તેમને સદ્ગત 'સુધાંશુ'નો આ ભજન-સંગ્રહ ઘણી ઉપયોગી સામગ્રી પૂરી પાડી રહેશે. એમણે સૌરાષ્ટ્રની ભૂમિના અનેક તળપદા લયઢાળોને કંઠસ્થ કર્યા હતા અને કલમમાં કંડાર્યા હતા. એમનાં ભજનો-ગીતોમાં એ લયઢાળોનું સફળ પરિણામ જોઈ શકાય છે.

એમનાં ભજનોમાં ભાવસચ્ચાઈ સાથે ગૂઢનું આકર્ષણ સહજ રીતે અભિવ્યક્ત થયું છે. એમની કાવ્યબાની એમના હૃદયભાવોને સચોટતાથી વ્યક્ત કરી શકે તેવી નીપજી આવી હતી. કૃતક ભક્તિવેડા કે મારીમચડીને બેસાડેલું ચિંતનમનન એમનાં ભજનોથી હમેશાં દૂર રહ્યું છે. આનાં કારણો કદાચ બે: એક તો સૌરાષ્ટ્રનાં ભજનોની પરંપરાનો ઊંડો અભ્યાસ; અને બીજું એમની હૃદયની સાચી લગન. આથી નિર્દંભ અને નિર્વ્યાજ પ્રભુપ્રીતિનાં દર્શન એમની અનેક રચનાઓમાં થાય છે. આ સાથે એ પણ નોંધવું જોઇશે કે એમણે મધ્યકાલીન ભક્તકવિની જેમ આ જીવનને તુચ્છ ગણ્યું નથી. ઈહજીવનને ભોગે પરલોકપ્રીતિ ગાઈ નથી. બલકે ઈહજીવનના ઊર્ધ્વીકરણ અર્થે પ્રભુપ્રીતિનું જ્ઞાન થયું છે.

આવા એક સાચદિલ ભજનસર્જક, પત્રકાર અને નિર્દંભ મનુષ્યની ચિર વિદાય એ સાહિત્યનાં અને સદ્ગતનાં સહુ આત્મીયજનો માટે દુ:ખદ ઘટના છે.

—ધી. પ.

ઊલટી ગંગા

જે બનવું જોઇએ એના કરતા વિપરીત બનવા – થવા પામે ત્યારે સામાન્ય રીતે 'ઊલટી ગંગા' શબ્દ પ્રયોજાય છે. ગંગાનો પ્રવાહ તેની કુદરતી ગતિથી વિરુદ્ધ વહેવાનો અર્થ આમાં દેખાય છે, પણ આનો ખરેખર એટલો જ અર્થ થતો નથી. મૂળ તો આ શબ્દ સંતવાણીનો પારિભાષિક શબ્દ છે. સંત સાહિત્યના એક પ્રકાર 'અવળવાણી' (હિં. ઊલટ બાંસી)માં 'ઊલટી ગંગા' જે અર્થમાં પ્રયોજાય છે તે કંઇક આવો છે: યોગશાસ્ત્ર પ્રમાણે શરીરની પ્રમુખ નાડીઓમાં 'ઇડા'નો પ્રવાહ અધોગામી છે. એ બ્રહ્મરન્ધ્રસ્થ 'ચંદ્ર'માંથી જે અમૃતસ્રાવ થાય છે તે મૂલાધારસ્થ સૂર્યમાં પડી ભસ્મ થઈ જતો હોઈ પરિણામે પ્રાણી (મનુષ્ય) જરા-મૃત્યુને પામે છે. આથી, અર્થાત્ 'ઇડા'નો અધોગામી પ્રવાહ વહેવાથી જે સ્થિતિ સર્જાય છે તેને જો નહિવત કરવી અથવા મટાડવી હોય તો એ (ઇડાના) પ્રવાહને ઉલટાવી નાખવો જોઇએ. આ ક્રિયા સાધનાભ્યાસ વિના શક્ય નથી. સંત સાહિત્યમાં 'ઇડા' માટે 'ગંગા' શબ્દ પ્રયોજાતો હોઈ ઇડાના પ્રવાહને ઉલટાવવાની ક્રિયાને 'ઊલટી ગંગા' કહેવામાં આવે છે. આનાથી જરા-મૃત્યુ આવતું ન હોઈ અમરત્વ પ્રાપ્ત થાય છે. આ શબ્દપ્રયોગ મધ્યકાલીન સંત સાહિત્યમાં વારંવાર પ્રયોજાયો છે. જેમ કે—

'ઊલટી ગંગ નીર બહિ આયા, અમૃત ધાર ચુવાઈ.'—કબીર
'ગંગા ઊલટી ફેરિ કરિ, જમુના માંહિ આણિ.'—દાદુ

—હસમુખ વ્યાસ

'સાયુજ્ય': 'સદ્ભાવ'નું સાહસ

અમદાવાદના 'સદ્ભાવ પ્રકાશને' 'સાયુજ્ય' નામનું વાર્ષિક પ્રકટ કરી એક આવકાર્ય સાહસ કર્યું છે. અલબત્ત, એ ભલે આર્થિક સાહસ નહિ હોય, પણ આટલી બધી કલમોને એકસાથે ઉપસ્થિત રાખવાનું સાહિત્યિક સાહસ તો છે જ. સર્જનાત્મક સાહિત્યના એમાં ૩ વિભાગ છે: કાવ્ય, નાટક અને વાર્તા-નિબંધ. દિલીપ ઝવેરીનાં કાવ્યો ઘણા સમય બાદ અહીં જોવા મળે છે. એ સુખદ આશ્ચર્ય છે. 'ઉશનસ્'-જયન્ત પાઠકની સાથેસાથે આઠમા દાયકાની કવિપેઢીનાં નામોનો અહીં સુકાળ છે. કાવ્યોનાં મથાળાં

કાવ્યોની નીચે મૂકીને રૂઢિભંગ કર્યાનો આનંદ અવશ્ય હશે, પણ એથી કશું નવું સિદ્ધ થાય છે ખરું? નાટકો માત્ર બે જ છે: એક જયંત પારેખનું અને બીજું સુભાષ શાહનું. બીજી રચનામાં નાટ્યકૃતિ વધુ સફળ કલાકૃતિ બનવા પામી છે. આમે ય આપણે ત્યાં નાટકનું પ્રકરણ દુર્બળ જ રહ્યું છે. વધુ સારો વિભાગ વાર્તા અને નિબંધનો છે, અને એથી યે સારો આસ્વાદનો. જો કે હરિવલ્લભ ભાયાણીનો ચિનુ મોદીની દીર્ઘરચના 'બાહુક'ની પ્રસ્તાવરૂપે મુકાયેલો લઘુલેખ આસ્વાદ કરતાં કૃતિના પરિચય તરફ વધુ ઢળેલો છે. વાર્તાઓમાં યૉસેફ મૅકવાનની વાર્તા 'અસ્તિત્વની ધાર પર', ચિનુ મોદીની 'ગણતરી', ભગવતીકુમાર શર્માની 'દ્વિમુખ' આસ્વાદ્ય વાર્તાઓ છે. તો નંદ સામવેદીનો નિબંધ 'કૌમુદી માટે હસવાનું' વિષ્ણુ પંડ્યાનો 'પદચિહ્નો તરફ પાછા વળતાં' અને હરિકૃષ્ણ પાઠકનો 'એકલું લાગે છે'-આ નિબંધો પણ આસ્વાદ્ય છે. 'કળાસર્જનમાં મૃત્યુની વિભાવના' નામક સુદીર્ઘ લેખમાં વીરચંદ ધરમશીએ સારો પુરુષાર્થ ખેડ્યો હોવાની પ્રતીતિ થાય છે. આ ઉપરાંત કેતન મહેતા અને ભૂપેન ખખ્ખરની મુલાકાતો પણ અહીં માણવા જેવી છે. ગ્રંથમાં દેશી-વિદેશી ચિત્રકારોની અનેક આર્ટપ્લેટ્સ રજૂ થઈ છે તે આ ગ્રંથની મૂલ્યવત્તામાં ઉમેરો કરે છે. પણ 'સાયુજ્ય'ના સંપાદક સુરેશ હ. જોષી આમાં એકાદ પૂર્ણરંગી પ્લેટ પણ સમાવી શક્યા હોત તો આ વાર્ષિક વધુ દીપી ઊઠત તેમ સહેજે લાગે છે.

આપણે ત્યાં અગાઉ પ્રકટેલાં 'કેસૂડાં', 'ઉત્તરા' આદિ વાર્ષિકોની અથવા આપણા વર્તમાનપત્રોનાં વાર્ષિકો પ્રકટ થાય છે તેની પરંપરામાં આ 'સાયુજ્ય' પણ એક પ્રકાશન સંસ્થાના સાહસ તરીકે પ્રકટે છે. જો કે આ વાર્ષિકની કોઈ આગવી મુદ્રા ઊપસતી ન હોવા છતાં ય એકસાથે બહોળા પ્રમાણમાં નવી-જૂની સર્જન-વિવેચનરત કલમોનો અહીં આનંદોચ્છવ છે એ ઓછી વાત નથી.

(પ્રકાશક: સદ્ભાવ પ્રકાશન, ૫૭/૬૨, કાપડિયા એસ્ટેટ, રતનપોળ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૩૫૪, રૂ. ૨૫)

બાહુક: મહાકાવ્યો-પુરાણોમાંથી વસ્તુ લઈ નવીન અર્થઘટન સાથેની નવી રચના નિપજાવવાનું સર્જક વલણ ગતકાલે અને આ કાલે અત્ર અને સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. ચિનુ મોદી જેવા આપણા નવીન સર્જકે પણ મહાભારતભણી નજર વાળી તે સર્જક ખમીર અને ખંતની દ્યોતકતા સૂચવે છે, મહાભારતમાંના નલોપાખ્યાનમાંની નલની સમગ્ર કથાનો એક અંશ છે એનું અનલના પ્રતાપે (કે વિ-તાપે?) અ-નલ એટલે કે બાહુક બની જવું તે. આમ, આ સુદીર્ઘ રચનામાં નલની કથામાંના નલનો માત્ર બાહુક અંશ સ્વીકારી તેના નૂતન અર્થઘટન પર આધારિત કવિદૃષ્ટિનો અહીં સફળ પરિપાક ઊતર્યો છે, જેમાં કવિદૃષ્ટિ અને કવિશક્તિ બંનેનો સમ્યક્ પરિચય થાય છે.

કાવ્ય ત્રણ સર્ગમાં વહેંચાયેલું છે. પ્રથમ બે સર્ગમાં બૃહદશ્વ, નળ ને વૈદર્ભીની ઉક્તિઓ છે, તો ત્રીજા સર્ગમાં વૈદર્ભી, બૃહદશ્વ અને નલની ઉક્તિઓ છે. પ્રથમ બે સર્ગમાં આ ગદ્યકાવ્ય છે અને ત્રીજામાં છાંદસ. અહીં કવિએ ગદ્ય કે છંદને એના યાંત્રિક માળખામાંથી મુક્ત કરી સર્જકતાના સ્પર્શથી કાવ્યને રસકોટિએ પહોંચાડવામાં સફળ પુરુષાર્થ ખેડ્યો છે, એવું જ છે અહીં પ્રયોજિત અલંકારોનું. ભાવ-વિચારને બળકર રૂપે અને પ્રતીતિકરતાથી અભિવ્યક્ત કરવા માટે અહીં થએલું અલંકારોનું. આયોજન સહજ છે અને તેથી આસ્વાદ્ય છે. બીજા સર્ગના આરંભમાં બૃહદશ્વની ઉક્તિમાંનો આ એક અલંકાર આ વાતની ગવાહી પૂરશે?


'ગતકાલ
કાંચળી વિચ્છેદ જેવો
સહજ બને
તો પીડાકારક બનતો નથી.'

રાજવી અને નાગર નલ દ્યૂતમાં હારી વનવાસ દરમિયાન બિહામણું બાહુક રૂપ પામે છે ત્યાર પછી એની જે મનોવેદના પ્રકટ થઈ છે તેમાં સમૃદ્ધિ – રાજ્ય-સમૃદ્ધિ અને રૂપ-સમૃદ્ધિ–ના શિખર પરનો એક કાળનો મનુષ્ય વિરૂપતા અને દરિદ્રતાની ગર્તામાં ફેંકાઈ જે પતન પામે છે, અને એ દ્વારા માનહાનિ તથા વ્યક્તિત્વનો હ્રાસ અનુભવે છે તેની ક્ષણો સુંદર કલાલેખન પામી છે. અન્ય પાત્રોની ઉક્તિઓ દ્વારા પણ પરોક્ષ કે પ્રકટ રીતે, સમ કે વિષમ રીતે બાહુક નલરાયની આ જ મનોવેદનાને બળકટ વાચા અપાઈ છે. શૈલીના સ્વચ્છતા, પદ્યબંધની સમુચિતતા અને અર્થઘટનના નાવીન્યને કારણે, આજે જ્યારે લઘુ રચનાઓનો રાફડો ફાટ્યો છે ત્યારે, આવી સુદીર્ઘ કલાકૃતિ વાંચ્યાનો કોઈ પણ સુજ્ઞ ભાવકને સંતોષ થયા વગર રહેશે નહિ. આ ઉપરાંત સુઘડ સુંદર છપાઈ પણ સંતર્પકતામાં ઉમેરો કરે તેવી છે.

(પ્રકા. આર. આર. શેઠની કંપની કુવારા અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૧૦)

નિતાન્ત: કવિશ્રી ચંદ્રકાન્ત દત્તાણી વ્યવસાયે તબીબ છે, પરન્તુ શબ્દસૃષ્ટિ સાથે એમનો સંબંધ જીવંત છે એની પ્રતીતિ પ્રસ્તુત કાવ્યસંગ્રહની રચનામાંથી પસાર થનારને થયા વગર રહેશે નહિ. અહીં ગીત છે, ગઝલ છે, હાઈકુ છે અને લઘુ-દીર્ઘ ગદ્યકાવ્યો પણ છે. જો કે કવિને સવિશેષ હથોટી છે ગીત અને ગઝલની. આમ તો શ્રી દત્તાણી ઘણા સમયથી લેખનપ્રવૃત્ત છે, માત્ર પ્રકાશન પ્રવૃત્ત જ મોડા થયા છે. આજે ખપમાં લેવાતી લગભગ ઘણી તરાહો અને તરકીબોનો એમણે ઠીકઠીક સફળતાથી ઉપયોગ કરી જાણ્યો છે. એમનાં ગીતોમાં લયલચકતા અને ભાવ-સૌન્દર્ય તેમજ અભિવ્યક્તિની નૂતનતા ચિત્તહર છે. ભજનના ઢાળમાં પણ આધુનિક સંવેદનાને વ્યક્ત કરતું 'આંસુ ખૂટ્યાનું એક ભજન', પ્રલંબ લયને લચકાવતું ગીત 'પાંદડું લીલાશ' વગેરે ગીતો નોંધપાત્ર છે. 'કુંવારાપણું' નામક ગીતમાં બીજી પંક્તિ છે, 'ફરફર આભમાં રેલાતી જાય એના લયની કૈં રેશમ રંગોળી'; આ સંગ્રહનાં ગીતમાં પણ 'લયની કૈં રેશમ રંગોળી' માણવા મળે છે. ગઝલોમાં પણ સદ્ય આસ્વાદ્યતાની સાથે આધુનિક વલણની રચનાઓ પણ જોવા મળે છે. મુખ્યત્વે પ્રેમ અને પ્રકૃતિના રાગમાં રાચતું કવિચિત્ત ક્યારેક ક્યારેક પરમ તત્ત્વ સુધી પણ લટાર મારી લે છે. કાવ્યસંગ્રહનું રૂપવિધાન પણ ઘણું આકર્ષક છે. (પ્રકા. લય પ્રકાશન, પોરબંદર, કાચું પૂઠું, પૃ. ૧૪૨, રૂ. ૨૫.)

મૃગશીર્ષનું આકાશ: શ્રી ઈશ્વરચંદ્ર ભટ્ટના આ પુસ્તકમાં સર્જકો-પત્રકારોનાં લઘુ સ્મૃતિચિત્રો સંગૃહીત કરવામાં આવ્યાં છે. એમાં ગાંધીયુગીન સાહિત્યકારો કાકાસાહેબ કાલેલકર, રામપ્રસાદ બક્ષી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, નગીનદાસ પારેખ છે, તો અનુગાંધી યુગના રાજેન્દ્ર શાહ, ઉશનસ્, જયન્ત પાઠક, હેમન્ત દેસાઈ આદિ પણ છે. એમાં બચુભાઈ રાવત અને યશેશ હ. શુક્લ જેવા પત્રકારોનાં સ્મૃતિચિત્રો પણ છે. લેખકે પોતાના સંબંધમાં આવેલા આ સહુ મહાનુભાવોનાં સ્મરણો પોતાની સરળ નિખાલસ શૈલીમાં આલેખ્યાં છે. એમાં જેનું સ્મૃતિચિત્ર આલેખાયું છે તેમના પત્રાંશો કે તેમના શબ્દોનો પણ સમુચિત ઉપયોગ કરવામાં આવ્યો છે. અહીં સ્મૃતિચિત્રના નાયકની ચારિત્ર્ય લાક્ષણિકતા એકાદ-બે લસરકામાં પ્રસંગોની સહાયથી પ્રકટાવવામાં આવી છે. સર્વત્ર સ્મૃતિચિત્રના આલેખક માળામાંના સૂત્રની જેમ ઉપસ્થિત છે, અને એ રીતે સ્મૃતિચિત્રકારની ભાવુક લાક્ષણિક મુદ્રા પણ અહીં ઊપસી રહે છે. (પ્રકા. પોતે જ, 'સ્મૃતિ', લક્ષ્મીનારાયણ મહોલ્લો, વલસાડ, ૩૯૬૦૦૧, કાચું પૂઠું, પૃ. ૧૨૨, રૂ. ૧૨.) —ધી. પ.



દારિદ્રય માનવ તણું જગજિષ્ણુ કેરું
નગ્નસ્વરૂપ અહ ભૂતલમાં પ્રકાશ્યું;
નાથ્યાં વરાળ-વીજળી, મન તો અનાથ્યું,
આંબ્યા ગ્રહો, નિજનું અંતર તો અજાણ્યું.
આ માનવોદ્ભવ તણી મહતી પ્રવૃત્તિ?
તું ગીત એ ગણીશ વા કરુણ પ્રશસ્તિ?

—અશોક હર્ષ



સચ્ચિદાનંદ વાત્સ્યાયન – 'અજ્ઞેયજી'

'લેખક કે નાતે મેરી યાત્રા કાફી અકેલી રહી હૈ' એવી કેફિયત પછી 'યહ હો કૈસે સકતા હૈ કિ કોઈ અપના રાસ્તા ચૂને ભી, ઔર ઉસ પર અકેલા ભી ન હો' : એવો પ્રશ્ન ઉપસ્થિત કરીને, 'મૈં અકેલાપન ચૂનતા નહિ હૂઁ, કેવલ સ્વીકાર કરતા હૂઁ' એવું સમાધાન કેળવીને પોતાની જીવનયાત્રાને સમૃદ્ધ કરનાર, દેશ-વિદેશમાં સુપ્રતિષ્ઠિત મનીષી સાહિત્યકાર, વિશ્વસાહિત્યના જ્ઞાતા, પોતાની નાગરિકતાને કર્તવ્ય માનનાર, મૃત્યુના ગીત દ્વારા જીવનનું સ્તવન કરનાર, પોતે કવિ હોવાને પરમ સૌભાગ્ય ગણનાર 'અજ્ઞેયજી' ભારતના એક મોટા ગજાના કવિ છે. સર્જનાત્મક સાહિત્ય 'અજ્ઞેય' નામથી લખનાર આ સાહિત્યકારનું નામ છે સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સ્યાયન. એમના જેલનિવાસ દરમિયાન લખાયેલી વાર્તાઓને મૂળનામે જ પ્રસિદ્ધ કરવાનું મુશ્કેલ હોઈએ વાર્તાઓ 'અજ્ઞેય' નામે પ્રસિદ્ધ થયેલી. ત્યારથી એ નામ ખ્યાત થયું. સર્જક અજ્ઞેયનો સાહિત્યક્ષેત્રે પ્રવેશ ૧૯૩૩માં 'ભગ્નદૂત' કાવ્યસંગ્રહથી થયો. આજે તેઓ કવિ તરીકે સમગ્ર દેશમાં તેમજ વિદેશમાં પ્રસિદ્ધ છે.

સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સ્યાયનનો જન્મ માર્ચ ૧૯૧૧માં ઉત્તર પ્રદેશની કોઈ પ્રાચીન નગરીના ઉત્ખનનની શિબિરમાં થયેલો. લખનૌ, કાશ્મીર, બિહાર અને મદ્રાસમાં બાળપણ વીતેલું. સંસ્કૃત, ફારસી અને અંગ્રેજી ભાષાનું શિક્ષણ પ્રાપ્ત કરેલું. નાલંદા અને ઉતાકામંડમાં પણ થોડુંક ભણેલા. મદ્રાસમાં વિજ્ઞાન-શાખામાં શિક્ષણનો પ્રારંભ કર્યો ને ૧૯૨૯માં લાહોરમાંથી બી. એસસી.ની ઉપાધિ મેળવી. આ દિવસોમાં ભગતસિંહનો પ્રભાવ વિદ્યાર્થીઓ પર ખાસ્સો હતો. એ પ્રભાવ તળે ક્રાન્તિકારી પ્રવૃત્તિમાં સક્રિય બની. બૉમ્બ બનાવવામાં રસ લેવા માંડયા અને આથી એ આરોપસર તેમજ 'દિલ્હી ષડ્યંત્ર કેસ'ના અનુસંધાને એમની ધરપકડ થઇ. અલબત્ત, એમણે ઠીક સમય સુધી પોલીસ સાથે રમત ખેલેલી. છેવટે મુહમ્મદબક્ષ નામથી ધરપકડ વહોરી લાહોર, દિલ્હી અને પંજાબની જેલમાં ૧૯૩૪ સુધી રહેલા. એમાં બે વર્ષની નજરકેદ પણ હતી. ક્રાંતિકારી આ પ્રવૃત્તિથી શિક્ષણની કોઈ વિશેષ ગતિ ન થઈ, પરંતુ જેલનિવાસ દરમિયાન એમનું સર્જક રૂપ પ્રકટવા માંડયું. એકલતા હતી અને પ્રણય વિચ્છેદ પણ હતો જ. સર્જન માટે સુયોગ્ય બંને ઘટનાથી ક્રમશ: પ્રતિભા કોળવા લાગી. એમની અનેક વાર્તાઓ અને 'શેખર: એક જીવની' જેવી સુંદર નવલકથાનું મૂળ એ જેલનિવાસ છે. એ કાળે જ વાર્તાઓ પ્રસિદ્ધ થયેલી અને 'અજ્ઞેય' જેવું નામ પણ એ સમયે જ મળ્યું. ૧૯૪૫માં વિશ્વયુદ્ધ વખતે સૈનિક રૂપે એમણે અગત્યની કામગીરી પણ બજાવેલી. દરમિયાન કપિલા મલેક સાથે પ્રણય થયો ને તે લગ્નમાં પરિણમ્યો.

અજ્ઞેયજીએ 'સૈનિક', 'આરતી', 'વિશાલ ભારત' અને 'પ્રતીક'ના સંપાદક તરીકે પણ કાર્ય કર્યું છે. 'દિનમાન' જેવા સાપ્તાહિકનો પ્રારંભ કર્યો. સાહિત્યનું સામયિક' 'નયા પ્રતીક' પણ કાઢયું. આજે 'નવભારત ટાઈમ્સ' દૈનિકના સંપાદક છે. યુરોપ, અમેરિકા, જર્મનીનો એમણે પ્રવાસ કર્યો છે. વળી, ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિના અધ્યાપક તરીકે એમણે પ્રશંસનીય સેવા પણ આપેલી છે. જર્મન કવિતાનો અનુવાદ પણ કર્યો છે.

'મૈં શાયદ કાયમી પ્રવાસી હૂઁ' કહેનાર અજ્ઞેયજી પ્રવાસના ભારે શૉખીન છે. એમનો જીવ રખડુ છે. પ્રકૃતિની નિરામય શોભા સતત એમને આકર્ષે છે. ત્યાં એમને કદી એકલવાયા પણું લાગતું નથી. એમના જ શબ્દો સાંભળીએ: 'ઝરે હુએ પત્તોં કે બીચ સે મૈં ચલતા હૂઁ. ઔર રૌંદે જાતે પત્તોંકી સરસરાહટ-ખડખડાહટ મુઝે અચ્છી લગતી હૈ. ઉસમેં એક સખ્ય હૈ, સામીપ્ય હૈ જિસ કે કારણ મૈં અકેલા નહીં રહતા—ન અપને મેં, ન ઉસ નિર્જન પરિવેશ મેં.'

એમનું ગદ્ય પણ કવિતાની સુવાસ લઇને આવે છે. એમની કવિતા છાયાવાદના પ્રભાવે પ્રકટી, રવીન્દ્રનાથની કવિતાના પ્રભાવે પાંગરી અને ક્રમશ: અધુનિકતાના સંસ્પર્શે પોતાની નિજી મુદ્રાને વ્યક્ત કરતી ગઈ. એમની કાવ્યયાત્રા એકલી પણ પોતીકી સૃષ્ટિ-દૃષ્ટિથી ગતિમાન રહી છે. એ પ્રયોગવાદી છે છતાં ય એમનું આંતરદર્શન ભારતીય પરંપરાનું દ્યોતક છે.

અજ્ઞેયજીએ લખેલી નવલકથા 'શેખર: એક જીવની' (ભાગ ૧-૨) એક અતિ ચર્ચાયેલી નવલકથા છે. શેખર વિદ્રોહી છે. એમાં એની ક્રાંતિનો નિર્દેશ થયો છે, પરંતુ એનું ક્રાંતિકારી રૂપ બે ભાગમાં બરાબર પ્રકટતું નથી. ત્રીજો ભાગ લેખકે લખ્યો છે પરન્તુ પ્રસિદ્ધ થયો નથી (હવે થશે પણ નહિ). ફ્રૉઈડની વિચારધારાનો સ્પર્શ અહીં જોવા મળે છે. 'નદી કે દ્વીપ'માં લેખકની લૉરેન્સ-પ્રીતિ ઝબકે છે. આમ અજ્ઞેયજીની ત્રણ નવલકથાઓ પ્રસિદ્ધ થઈ છે. 'છાયામેખલા' નામક એક નવલકથા અપ્રસિદ્ધ છે. એમની પ્રથમ નવલકથા 'શેખર: એક જીવની' ને બટુકપ્રસાદ પુરસ્કાર અને 'સુધાકર પદક' પ્રાપ્ત થયેલા છે.

અજ્ઞેયજીના લગભગ ૧૩ જેટલા કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. તે આ પ્રમાણે છે: (૧) ભગ્ન

દૂત, (૨) ચિંતા, (૩) ઈત્યલમ્, (૪) હરી ઘાસ પે પર ક્ષણભર, (૫) સાગર-મુદ્રા, (૬) પૂર્વા, (૭) આંગન કે પાર દ્વાર, (૮) બાવરા અહેરી, (૯) કિતની નાવોંમેં કિતની બાર, (૧૦) અરી ઓ કરુણા પ્રભામય, (૧૧) પહેલે મેં સન્નાટા બુનતા હૂઁ, (૧૨) ઇન્દ્રધનુ રૌંદે હુએ યે, અને (૧૩) મહાવૃક્ષ કે નીચે. આમાંથી 'કિતની નાવોં મેં કિતની બાર' એ કાવ્ય-સંગ્રહને ૧૯૭૮નો ભારતીય જ્ઞાનપીઠનો પુરસ્કાર મળેલો છે.

અજ્ઞેયજીના સાત વાર્તાસંગ્રહો પણ પ્રસિદ્ધ છે. આ બધી વાર્તાઓ 'છોડા હુઆ રાસ્તા' અને 'લૌટતી પગડંડિયાં?' રૂપે સંગૃહીત થઈ છે. વાર્તાસંગ્રહોનાં નામ આ પ્રમાણે છે: (૧) વિપથગા, (૨) કોઠરી કી બાત, (૩) જયદોલ, (૪) અમર વલ્લરી ઔર અન્ય કહાનિયાઁ, (૫) કડિયા ઔર અન્ય કહાનિયાં, (૬) યે તેરે પ્રતિરૂપ, અને (૭) પરંપરા.

'તારસપ્તક'ના ચાર ભાગ એમણે સંપાદિત કરેલી કવિતાઓના છે. તેમાં એમની કાવ્યપ્રીતિ અને કાવ્યસૂઝના દર્શન થાય છે. 'સ્રોત ઔર સેતુ'માં ચિંતનલક્ષી એમની જીવનરીતિનો પરિચય થાય છે. 'નયે એકાંકી' એ એકાંકીઓનો સંપાદિત સંગ્રહ છે. ભ્રમણવર્ણનના ત્રણ સંગ્રહો છે. લલિત નિબંધોના બે સંગ્રહો અને પાંચ અન્ય નિબંધસંગ્રહો છે. 'Prison Days & Other Poems' એ એમનો અંગ્રેજી કાવ્યસંગ્રહ છે.

અજ્ઞેયજીની સાહિત્યકાર તરીકેની પ્રતિભા બહુમુખી છે. કવિતા, નવલકથા, વાર્તા, નિબંધ, વિવેચનનિબંધ, ભ્રમણવર્ણન અને સંપાદન ક્ષેત્રે એમણે પોતાનું યોગદાન કર્યું છે.

'ભાષા અપને આપ કો પહચાનને કા સાધન હૈ' એવી ભાષાની ઓળખ આપનાર, ને છંદને 'કાવ્ય-ભાષાની આંખ' કહેનાર હિન્દીના આ કવિને આ વર્ષે યુગોસ્લાવિયાનું પારિતોષિક* મળે છે તેને ભારતીય સાહિત્યનું બહુમાન લેખીને એમને અભિનંદીએ —પ્ર. રાવલ

---

*યુગોસ્લાવિયામાં આલ્બેનિયાની સરહદ નજીક ઓહરિડ સરોવરના કિનારે તાજેતરમાં કાવ્યપઠનના એક આંતરરાષ્ટ્રીય વાર્ષિક કાર્યક્રમનું આયોજન થયું હતું. યુગોસ્લાવિયાના ૨૦૦ જેટલા કવિઓ ઉપરાંત ૧૦૦થી વધુ વિદેશી કવિઓએ પણ તેમાં ભાગ લીધો હતો. પૂર્ણાહુતિના દિવસે એમાંના ઉત્તમ કવિ માટેનું 'ગોલ્ડન રેથ' તરીકે ઓળખાતું પ્રતિષ્ઠાભર્યું પારિતોષિક આ વર્ષે 'અજ્ઞેયજી'ને અપાયાની જાહેરાત થઈ છે, જે એમને આવતા ઑગસ્ટની ૯મીએ એનાયત થશે. —સં.

વાચકો લખે છે

¶ 'કુમાર'ના ગયા અંકમાં શ્રી હસમુખ વ્યાસે જીવાપરાના જે ક્ષત્રપ શિલાલેખ વિષે માહિતી આપી છે એ શિલાલેખ તરફ એમણે અમારું પણ ધ્યાન દોર્યું હતું. શ્રી વ્યાસે અને અમે એ શિલાલેખનું જે વાચન કરેલું તે એકસરખું હતું. પણ એ સાથે એ શિલાલેખના ફોટાની એક નકલ અમે પૂનાની ડેક્કન કૉલેજના પ્રાચીન લિપિના નિષ્ણાત ડૉ. શોભનાબહેન ગોખલેને પણ મોકલી હતી, તેમણે તેનું નીચે પ્રમાણે વાચન કરી આપ્યું છે જે વધુ યોગ્ય જણાય છે:

વર્ષ (વર્ષે) ૨૩૩ શ્રાવણ બહુલે / ૬ કુમારદેવ પુત્રસ્ય / ક(કુ)મારદત્તસ્ય

આ પરથી લાગે છે કે શક સંવત ૨૩૩ના વર્ષમાં શ્રાવણ વદ છઠના રોજ કુમારદેવના પુત્ર કુમારદત્તે કોઈ નિમિત્તે આ લખાણ કોતરાવ્યું હશે.

ઈ. સ. ૩૧૧ની આસપાસ ક્ષત્રપ રાજા રુદ્રસિંહ બીજાનું શાસન હતું. રુદ્રસિંહના કે તેના સમયના કોઈ શિલાલેખ હજી સુધી તો મળ્યા ન હતા. જીવાપરનો આ શિલાલેખ ક્ષત્રપ શાસનના ઇતિહાસની એક કડી બની શકે.

(રાજકોટ) —વાય. એમ. ચીતલવાલા, અધિક્ષક, પુરાતત્ત્વવિદ, પશ્ચિમ વર્તુલ

¶ શ્રી શિવપ્રસાદ રાજગોર પાસે ગુજરાતના બંદરો વિશેની પુષ્કળ માહિતી છે, તેઓ આ બધાં સ્થળોએ ફર્યા પણ છે, આથી 'કુમારે' એમની પાસેથી બધાં જ બંદરો વિશે આવી રીતે લખવી લેવું ઘટે. ડૉ. શિવપ્રસાદ રાજગોર પછી આ વિષયની ક્ષિતિજમાં હજુ કોઈ અભ્યાસી દેખાતો નથી, આ પરિસ્થિતિમાં તો એમના આવા લેખો કાચા સોના જેવા છે.

હા, સલાયા અને વાડીનાર વિશેની માહિતી વિશેષ રસપ્રદ બનાવવા સાંસ્કૃતિ માહિતીની થોડી પૂર્તિ કરવામાં આવે તો વધુ વાચકો આકર્ષાય. સલાયા, પસાયા તથા વાડીનાર, કોડીનાર, ગિરનાર વગેરે નામો કેમ આવ્યાં હશે? આજુબાજુનાં મંદિરો, મૂર્તિઓ અને ધર્મસ્થાનો તથા તેની પુરાણકથા (મિથ) કેવાં પ્રકારનાં હશે? સલાયા અને વાડીનાર વચ્ચેની નદીનું નામ સિંહણ, તેને કાંઠે વસેલા ગામડાંઓનાં નામ પણ સિંહણ છે! પછી અલગ ઓળખવા માટે આહિર સિંહણ, કાકાભાઈની સિંહણ અને વડાલિયા સિંહણ–એમ નામો આવેલાં છે. આ બધું વિચારતાં મનુષ્યની સંસ્કૃતિ એનો ઇતિહાસ કેટલાં બધાં રસિક અને રોચક લાગે છે!

તમારા નકશામાં રહી ગયેલી એક મોટી ભૂલ-પહેલાં મીઠાપુર, પછી દ્વારકા અને પછી ઓખા નથી. પહેલાં દ્વારકા, પછી મીઠાપુર અને પછી ઓખા છે! વળી નકશામાં ટ્રેનમાર્ગ પશ્ચિમે દર્શાવ્યો છે તેને બદલે મોટરમાર્ગ પશ્ચિમે જોઇએ. મીઠાપુર પશ્ચિમ-કાંઠે નથી, થોડું અંદર છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

*એ અમારી જ સરતચૂક છે. આ ભૂલ અંગે રાજકોટથી શ્રી. આર. એમ. ત્રિવેદીનો પત્ર પણ મળ્યો છે. એ તરફ લક્ષ દોરવા બદલ આભાર. આ અંકમાં 'સિક્કા બંદર'ના લેખ સાથે એ બ્લૉક ફરી વાપર્યો છે તેમાંથી ગામનાં નામ તો સુધારીને એ ભૂલ દૂર કરી છે. પણ બ્લૉકમાં રેલમાર્ગ ખસેડી શકાયો નથી —સં.

¶ 'કુમાર'માં ભરતભાઈ ભટ્ટની લેખમાળા 'ટેસ્ટ-ક્રિકેટ-શતાબ્દીની વિશ્વ એકાદશ'-માં 'હૅમંડ'નો પરિચય વાંચ્યો. સાહિત્યકાર લખતા હોય તેમ તે લખાયો છે. મજા પડી.

'આનંદશર્મન્'નો ચરિત્રનિબંધ 'મોસમ ઘડિયાળી' પણ બહુ ગમ્યો. અગાઉના બંને 'બબુ ચાવાળો' તથા 'કાન્તિડો સાયકલવાળો' પણ ગમેલા. દુનિયામાં કેવા-કેવા લોકો પડ્યા છે અને કેવીકેવી ખુમારીથી જીવે છે! સાચી માણસાઈ પણ કેવાકેવા સ્વરૂપે જોવા મળે છે! લેખકે એક જગ્યાએ 'પાનચકલા' નામક સ્થળનું વર્ણન કર્યું છે. આ સ્થળ વીરમગામમાં છે. વળી, કેટલાક મિત્રો દ્વારા જાણવા મળ્યું કે વીરમગામમાં મોસમ નામનો એક ઘડિયાળી પણ હતો જ. લેખક વીરમગામના છે?

(માંડલ) —ઈન્દ્રવદન એસ. દોશી

*ચરિત્ર-નિબંધના લેખક હાલમાં તો ગોપિત રહેવા ઇચ્છે છે એટલે એ અંગે મૌન ઉચિત છે. જે પાત્રોનો તેઓ પરિચય આપે છે તે બધાંને લેખક મળેલા છે, એટલું જ નહિ, એમાંનાં ઘણાંખરાં પાત્રો પોતે પણ જાણે છે કે એમના વિષે લેખક લખી રહ્યા છે. —સં.

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

હાલનું મદ્રાસ શહેર જૂના જમાનામાં દરિયાકાંઠે વસેલા માછીમારોના વાસ પર વસેલું છે. અંગ્રેજોએ સેન્નેકુપ્પમ્, મદ્રાસકુપ્પમ્ તથા આરકુપ્પમ્ નામે ઓળખાતા એ વાસ ખરીદી લઇને તે પર કિલ્લો બાંધવો શરૂ કર્યો. મદ્રાસકુપ્પમ્ તથા આરકુપ્પમ્ તો પોતાનું અસ્તિત્વ ગુમાવી બેઠા, પરંતુ સેન્નેકુપ્પમે પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું. અંગ્રેજોએ કાલીઘાટ પર કોઠી બાંધી તેને કલકત્તા નામ આપ્યું, પરંતુ સેન્નેકુપ્પમની વિશેષતા ન જાળવતાં તેને મદ્રાસ નામ આપ્યું. સેન્ને એ ભવાની માતાનું નામ છે, અને આન્ધ્ર તથા કર્ણાટકના લોકો તેમની ભાષામાં મદ્રાસને આજ પણ સેન્નેપુરી કહે છે.

ઈ. ૧૬૭૭ના ઑક્ટોબરની ૩જીએ શિવાજી મદ્રાસ આવ્યા ત્યારે ત્યાં સેન્ને માતાની પૂજા કરવામાં આવેલી. અંગ્રેજોએ શિવાજીને પાછા કાઢવાની ખૂબ મહેનત કરી, પણ તેમાં ન ફાવતાં કિલ્લામાં ભરાઈ રહ્યા. સેન્નેકુપ્પમ્ તે પછી મરાઠા ટાઉન તરીકે ઓળખાવા લાગ્યું હતું. શિવાજીએ મંદિરમાં પૂજા કરી પુષ્કળ દ્રવ્ય દાનમાં આપેલું. આ મંદિરને એક મોટો રથ હતો જેને અંગ્રેજો 'બ્લાસ કપ ચેરિયટ' કહેતા. મદ્રાસના પ્રથમ ગવર્નરે એ રથ ફેરવવાની મનાઈ ફરમાવી દીધેલી. એ રથની મરામત તામિલનાડુની સરકારે હાથ પર લીધેલ છે.

મુગલ સામ્રાજ્યના ધ્વંસ વખતે અંગ્રેજો પોતાના સામ્રાજ્યનો પાયો નાખી રહ્યા હતા ત્યારે તે પાયો જ ઉખેડી નાખવા જે કેટલાક રાજવીઓ તૈયાર થયેલા તેમાંના એક હતા જોધપુર-નરેશ માનસિંહ. એમણે રાઠોડોની ફોજ જમા કરી પોતાના રાજકવિ બાંકીદાસને જનજાગૃતિની કામગીરી સોંપેલી. બાંકીદાસ ઉપરાંત પોતાના સિંઘી દીવાન ઈન્દ્રરાજને એમણે રજવાડાંમાં જાગૃતિ લાવવા રવાના કરેલો. બાંકીદાસે લોકોમાં અંગ્રેજો વિરુદ્ધ જે પ્રચાર કરવા માંડેલો તેનો એક નમૂનો આ રહ્યો—

'આયો ઈંગરેજ મુલક રે ઊપર, આંહસ લીયા ખાંચ ઉરાં;
ધણિયાં મરિયા ન ધરતી દીધી, ધણિયાં ઊભાં ગયી ધરા.'

(અંગ્રેજોએ આ મુલક પર આવીને જાણે સઘળાનું ઓજસ ખેંચી લીધું છે. ભૂતકાળમાં ભૂપતિઓ જીવ જવા દેતા પણ ધરતી જવા ન દેતા, જ્યારે આજે ભૂપતિઓ રહી જાય છે અને ધરા હાથથી જાય છે.)

જોધપુર-નરેશ માનસિંહે અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢવામાં પંજાબના શીખ મહારાજા રણજિતસિંહ તથા દક્ષિણના નિઝામ ઉલ્મુલ્ક પાસેથી સહકારનું વચન મેળવ્યું હતું, પરંતુ તેવામાં તેમનો એક માત્ર પુત્ર છત્રસિંહ મરણ પામતાં તેમણે રાજનીતિથી વિરક્ત બની જઈ નાથ સંપ્રદાયની દીક્ષા લઈ લીધી અને એ સંપ્રદાય પર મહત્ત્વના ગ્રંથો લખ્યા. કાવ્ય, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન તેમના પ્રિય વિષયો હતા. સંસ્કૃત, વ્રજ, પંજાબી, ઉર્દૂ વગેરે અનેક ભાષાઓ પર તેમને કાબૂ હતો. તેમણે રચેલા ગ્રંથોની સંખ્યા પચીસ ઉપર થવા જાય છે. કવિઓ, પંડિતો ને સંગીતવિશારદોનું એ ભારે સંમાન કરતા, એક વાર તો એક જ દિવસમાં ૬૧ કવિઓને તેમણે લાખપસાવ આપેલા ('ઇગસઠ સાસણ આપિયા માને ગુમનાણી'.)

કર્નલ જેમ્સ ટૉડે પણ જેમનાં વખાણ કરેલાં એ મહારાજા માનસિંહનો જન્મ મહારાજા ગુમાનસિંહને ત્યાં વિક્રમ સંવત ૧૮૩૯ના મહા સુદ ૧૧ના રોજ થયેલો. વિ. સં. ૧૮૬૦માં તે જોધપુરની ગાદીએ આવ્યા, અને વિ. સં. ૧૯૦૦ના ભાદરવા સુદ ૧૧ના રોજ દેવલોક પામ્યા.

જગતનાં તમામ મહાકાવ્યોમાં 'મહાભારત' મોટામાં મોટું છે. ગ્રીસનાં બંને મહાકાવ્ય 'ઇલિયડ' અને 'ઑડિસિ'ને ભેગાં કરીએ તેના કરતાં પણ તે આઠગણું મોટું છે. એના રચનાકાળ પછી સતત તેમાં ઉમેરા થતા જ રહીને ઈસ્વીસનની છઠ્ઠી સદીમાં તો તેની શ્લોકસંખ્યા એક લાખ પર પહોંચી ગયેલી. ભારતનાં ધર્મશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્રથી માંડી કાવ્ય, નાટક ને વ્યાકરણ સુધીનાં સર્વ ક્ષેત્રો તેનાથી પ્રભાવિત છે. ઈ. પૂ. પાંચમી સદીના ગ્રીક એલચીએ એમાંથી અવતરણો ટાંકેલાં છે. ઈસુની છઠ્ઠી સદી છેક કમ્બોડિયાનાં મંદિરોમાં તેનો પાઠ ચાલુ હતો, જ્યારે સાતમી સદીમાં તુર્કોમાં પણ તે પ્રિય હતું, અને તેમાંના હિડિંબવધ તથા અન્ય પ્રસંગોથી તે રોમાંચિત બની ઊઠતા. દસમી સદીમાં જાવાના લોકોએ પોતાની ભાષામાં આખું મહાભારત ઉતારેલું.

પેશવા માધવરાવ પહેલા પર ન્યાયમૂર્તિ રામશાસ્ત્રીનું ભારે ઋણ હતું. પરંતુ સાદા જીવન અને ઉચ્ચ વિચારોમાં માનતા રામશાસ્ત્રી રાજ્યમાંથી માત્ર પોતાના નિર્વાહ પૂરતી જ રકમથી સંતોષ માનતા. પગાર ઉપરાંત રામશાસ્ત્રી કશું જ નહિ સ્વીકારે એની ખાતરી હોઈ પેશવાએ તેમનાં પત્ની મારફત તેમને કંઈક આપવાનો નિર્ણય કર્યો. રાજવાડામાં વસંતોત્સવની ઊજવણી નિમિત્તે શાસ્ત્રીનાં પત્ની હાજર રહેલાં. પેશવાએ તેમનું ભારે સંમાન કરી એક કિંમતી રત્નહાર તેમને ભેટ ધર્યો અને રાજ્યની પાલખીમાં તેમને ઘેર વળાવ્યાં.

પાલખી ઘેર પહોંચી. રામશાસ્ત્રી વહેલા ઘેર આવી ગયેલા. પાલખી પોતાના ઘર સામે થોભતાં નવાઈ પામી તે બહાર નીકળ્યા તો પોતાનાં પત્નીને તેમાંથી ઊતરતાં જોયાં. તેમના ગળામાંનો હાર જોઇ તે બધું સમજી ગયા અને પાલખીવાળાઓને સંબોધી બોલ્યા, 'ભાઇઓ, તમે ઘર ભૂલ્યા લાગો છો. આ તો ગરીબ રામશાસ્ત્રીનું ઘર છે જ્યારે આ મહિલા તો કોઇ અમીર કુટુંબની જણાય છે.'

રામશાસ્ત્રીનાં પત્ની આ સાંભળી શરમાઇ ગયાં, હાર ઉતારીને પેશવાને પાછો સોંપવા પાલખીવાળાઓને સોંપી દીધો, અને પતિના ચરણસ્પર્શ કરી સીધાં ઘરમાં પેસી ગયાં.

શાહેનશાહ અકબરને તેની માતા પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. તેનો પડયો બોલ તે ઝીલી લેતો. એક વાર તે આગ્રાથી લાહોર જઈ રહી હતી ત્યારે અકબર પણ તેની સાથે હતો. રસ્તે એક નદી આવતાં તે ઓળંગવા માટે અકબરે જાતે તેની પાલખી પોતાના ખભે ઉપાડેલી, સાથે પોતાના દરબારના અમીર ઉમરાવોને પણ એ પાલખી ઉપાડવાની ફરજ પાડેલી. આવા માતૃભક્તે જિંદગીમાં ફક્ત એક જ વાર પોતાની માતાનું કહ્યું નહોતું માન્યું, અને સવાલ પણ એવો નાજુક હતો કે માતૃઆજ્ઞાના ઉલ્લંઘન બદલ અકબરને દોષપાત્રને બદલે ઊલટો ધન્યવાદને પાત્ર ગણવો પડે.

માતૃભક્ત અકબરને તેની માતા હમીદાબાનુએ ફરમાવેલી એ આજ્ઞા એવી હતી કે તેણે ખ્રિસ્તી ધર્મપુસ્તક બાઈબલ એક ગધેડાની કોટે બાંધીને એ ગધેડાને આગ્રા-લાહોરની શેરીઓમાં ડફણાં મારતાં-મારતાં ફેરવવો!

અકબર તો આ સાંભળી સ્તબ્ધ જ થઇ ગયો. તેણે આનું કારણ પૂછતાં જ તેણે જણાવ્યું કે, પોર્ટુગીઝોએ હાથ કરેલા મૂર લોકોના જહાજમાંથી તેમને કુરાને શરીફ હાથ લાગતાં તેમણે તે એક કૂતરાને ગળે બાંધીને તેને મારતાંમારતાં ઓર્મઝની શેરીઓમાં ફેરવ્યો હતો.

'જો પોર્ટુગીઝોને માટે આમ કરવું ગેરવાજબી હતું તો એક શાહેનશાહને માટે આવું જ કૃત્ય શી રીતે વાજબી ગણાય? કોઈ પણ ધર્મનો તિરસ્કાર એ ખુદ અલ્લાહનો તિરસ્કાર છે. પોર્ટુગીઝોના ગુનાહનો બદલો હું એક બેગુના પુસ્તક પર ન લઈ શકું.' અકબરે કહેલું.

> **તાજું ના વછૂટે દૂધ, તાજું ના પાપ વેડતું;**
> **ભારેલા અગ્નિની પેઠે, બાળે નિત્ય અનુસરી.**
>
> —ધમ્મપદ

ફિલ્ડ માર્શલ હેગ બહુ ઉગ્ર શાસક હતો. તેણે પહેરા વખતે સિગારેટ પીવાની મનાઈ ફરમાવેલી. એક વાર એક સંત્રી એકાંત જાણીને ચૂપકીથી સિગારેટ પીતો હતો ત્યાં હેગ આવી ચડ્યો. તેને જોઈને પેલાએ સિગારેટ જમીન પર ફેંકી દીધી. કંઈ પણ બોલ્યાચાલ્યા વિના ઘોડા પર બેઠાંબેઠાં જ અતિશય કઠોર ચહેરે હેગ જમીન પર પડેલી એ સિગારેટમાંથી નીકળતી ધુમાડાની પાતળી રેખા તરફ અનિમેષ આંખે—એકીટશે જોઈ રહ્યો,—તે છેક એ સિગારેટનું છેલ્લું કણ બળીને ખાખ થઈ ગયું ને ધુમાડો તદ્દન અદૃશ્ય થયો ત્યાં સુધી. અને પછી એક પણ હરફ બોલ્યા વિના ચાલ્યો ગયો. તે પછી કોઈએ કદી પહેરા ઉપર સિગારેટ પીધી નથી.

દુનિયાભરમાં થતી કેરીઓમાં ૮૦ ટકા તો ભારતમાં જ થાય છે. ખનિજ તત્ત્વો અને વિટામિન-એ થી ભરપુર આ ફળની સ્વાદિષ્ટ જાતોમાં હાફુસ, લંગડા ને દશહરી મુખ્ય છે.

બારીના પરદા ધોઈને સૂકવ્યા પછી ફરી લગાડવા કરતાં ધોઈને ભીનાંભીનાં જ બારી પર લટકાવી દઈ ત્યાં જ સુકાવા દેવા. એથી એ લચી પડીને બેડોળ નહિ બને.

કડી ઉપર તાળું નહિ,
ને લાડુ ઉપર વાળુ નહિ;
ડગલા ઉપર શાલ નહિ,
ને બખ્તર ઉપર ઢાલ નહિ;
મઠને ખેતર માળો નહિ,
ને ઉંદરને ઉચાળો નહિ;
ઘેલીને ગવાળો નહિ,
ને કુંવારાને સાળો નહિ;
બ્રાહ્મણને ઘેર માળો નહિ,
ને નાગર બચ્ચો કાળો નહિ;
ચાટનામાં ફાડ નહિ,
ને ઘર જમાઇને લાડ નહિ.

વિજ્ઞાનીઓ કહે છે કે પાણીના એક જ ટીપાને ઠારીને ફુલાવવામાં આવે ત્યારે તે જે જોર કરે છે તેટલા જોરથી આખી દુનિયાને ઊંચકી શકાય.

'તમે પરણતા કેમ નથી?' એક નવપરિણીતે એક વૃદ્ધ કુંવારાને પૂછ્યું.

જવાબ મળ્યો: 'વાત એમ છે કે, યુવાનીમાં મેં પ્રતિજ્ઞા કરેલી કે કોઈ આદર્શ સ્ત્રી મળે તો જ પરણવું. ઘણાં વરસ પછી એવી સ્ત્રી મળી યે ખરી; પણ તે તો પાછી આદર્શ પુરુષની શોધમાં હતી!'





(૧) રાત્રે આકાશમાં ચંદ્રને બાદ કરતાં વધારેમાં વધારે તેજસ્વી પદાર્થ શુક્ર હોય છે. શુક્રના પ્રકાશથી પૃથ્વી પર પડછાયા પણ પડી શકે છે. કેટલીક વાર ખરે બપોરે પણ શુક્ર દેખાય છે: ઊડતી રકાબીઓના ઘણા અહેવાલો અંતે શુક્ર દેખાયાના બનાવો જ પુરવાર થયા હતા. (૨) કૅલિફોર્નિયાની એક ૭૧ વર્ષની વયની વડદાદી શ્રીમતી ઝેડી બંકરે એક એફ-૧૦૦એફ સુપર સેબરજેટ વિમાનમાં બેસીને બે વાર અવાજના વેગની મર્યાદા ઓળંગી હતી. પોતાના ૬૫મા જન્મ દિવસે એણે ખાનગી વિમાની તરીકેનો પરવાનો મેળવેલો, પણ આ ઉડ્ડયન વખતે તો અમેરિકી હવાઈ દળનો એક વિમાની સુકાન સંભાળતો હતો.